દૈનિક

સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 271 ■ વિક્રમ સંવત ૨૦૮૨

કાર્તિક વદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 November 2025, Monday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

સોમવાર, ૧૭ નવેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦



ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# દિલ્હી બ્લાસ્ટનો કાવતરાખોર પકડાયો



## સુસાઇડ બૉમ્બર ઉમરે વાપરેલી આઇ૨૦ કારના માલિક એવા કાશ્મીરી આમિર રાશિદ અલીની એનઆઇએ દ્વારા ધરપકડ

નવી દિલ્હીઃ દેશની રાજધાનીમાં લાલ કિલ્લા ખાતે થયેલા ધડાકામાં વપરાયેલી કારના માલિક આમિર રાશિદ અલીની નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)એ ધરપકડ કરી હતી. તેણે 'આત્મઘાતી બૉમ્બર' ડૉ. ઉમર ઉન નબીની સાથે મળીને આ વિસ્ફોટનું ષડ્યંત્ર ઘડ્યું હોવાનું કહેવાય છે.

ઉમરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાન (પીએમ હાઉસ)ની રૅકી કરી હોવાનું મનાય છે. આ ઉપરાંત, ધડાકાની તપાસ કરતી એજન્સીને ઘટના સ્થળેથી નવ એમએમની બે કારતૂસ મળી હતી.

દિલ્હીમાં દસ નવેમ્બરે થયેલા ધડાકામાં વપરાયેલી હ્યુન્દેઇ આઇટ્વેન્ટીના માલિક આમિર રાશિદ અલીની રાજધાનીમાંથી જ ધરપકડ કરાઇ હતી.

એનઆઇએના નિવેદનમાં જણાવાયું હતું કે અમે પકડેલો આ આરોપી જમ્મુ અને કાશ્મીરના પમ્પોરના સમ્બૂરાનો રહેવાસી છે. તેણે રાજધાનીમાં ત્રાસવાદી હુમલો કરવા માટે ઉમર ઉન નબીની સાથે મળીને આત્મઘાતી હુમલાનું કાવતરું ઘડ્યું હોવાનું મનાય છે. આમિર રાશિદ અલી ધડાકા માટે હ્યુન્દેઇ આઇટ્વેન્ટી કાર ખરીદવા માટે દિલ્હી આવ્યો હોવાનું કહેવાય છે. રાજધાનીના ગિરદીવાળા વિસ્તારમાં ૧૦ નવેમ્બરે સાંજે ધડાકો થયો તેની પહેલા આ કાર અસંખ્ય સીસીટીવી કેમેરામાં અનેક જગ્યાએ ઊભેલી દેખાઇ હતી.

એનઆઇએ દ્વારા સૌપ્રથમ વખત ડૉ. ઉમર ઉન નબીને 'આત્મઘાતી બૉમ્બર' ગણાવાયો છે. આ ઉપરાંત, આ તપાસ એજન્સીએ કારનો 'ઇમ્પ્રૂવાઇઝ્ડ એક્સ્પ્લોઝિવ ડિવાઇસ (ઇએડી) સાથેના વાહન' તરીકે ઉલ્લેખ કર્યો હતો.

તપાસ એજન્સીએ ઉમરની માલિકીનું એક અન્ય વાહન જપ્ત કર્યું હતું. એનઆઇએ દ્વારા આ તપાસમાં ધડાકાના ઘાયલો સહિત કુલ ૭૩ સાક્ષીની પૂછપરછ કરી હતી.

એનઆઇએ દ્વારા તપાસમાં દિલ્હી પોલીસ, જમ્મુ અને કાશ્મીર પોલીસ, હરિયાણા પોલીસ, ઉત્તર પ્રદેશ પોલીસ અને વિવિધ સુરક્ષા એજન્સીઓની સાથે સંકલન સધાઇ રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરના પુલવામા જિલ્લાનો મૂળ રહેવાસી ઉમર ઉન નબી ફરીદાબાદની અલ ફલાહ યુનિવર્સિટીનો આસિસ્ટન્ટ પ્રોફેસર હતો. તે આત્મઘાતી બૉમ્બર બનીને કાર ચલાવતો હતો.

દિલ્હી વિસ્ફોટનો કેસ આરોપી ડૉ. ઉમર નબી


(જુઓ પાનું ૨) ▸▸


## ટીમ ઈન્ડિયા પોતે ખોદેલા ખાડામાં જ પડી, ટેસ્ટ હારી

### ટર્નિંગ પિચનો મોહ બુમરૅન્ગ થયોઃ ગંભીરની ટીમ ઘરઆંગણે છેલ્લી છમાંથી ચાર ટેસ્ટ હારી છે



**જશન જીતનુંઃ**
કોલકાતા ટેસ્ટમાં ગઈ કાલે ભારતની બીજી ઈનિંગની છેલ્લી વિકેટ લઈને વિજયની ઉજવણી કરી રહેલો કેશવ મહારાજ. (એજન્સી)

કોલકાતાઃ વન-ડે અને ટી-૨૦ના નંબર-વન ભારતે ગઈ કાલે અહીં ઈડન ગાર્ડન્સમાં ટેસ્ટના વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકા સામે લૉ-સ્કોરિંગ ટેસ્ટ મુકાબલામાં ઘૂટણિયાં ટેકવ્યા હતા. દર વર્ષે આઇપીએલમાં ધમાકેદાર પર્ફોર્મન્સથી સ્ટેડિયમ ગજાવતાં ભારતીય બૅટ્સમેનો માત્ર ૧૨૪ રનનો નાનો લક્ષ્યાંક પણ નહોતા મેળવી શક્યા અને પરિણામ એ આવ્યું કે સાઉથ આફ્રિકાના ખેલાડીઓ ૧૫ વર્ષે ભારતની ધરતી પર ટેસ્ટ મૅચ જીતવામાં સફળ થયા હતા અને એ પણ ત્રીજા જ દિવસે. ભારતના હેડ-કોચ ગૌતમ ગંભીરે મૅચ પછી કહ્યું કે, 'પિચ ક્યૂરેટરનો અમારી હારમાં કોઈ વાંક


(જુઓ પાનું ૨) ▸▸


## 'નીતીશકુમાર દસમી વખત બિહારના મુખ્ય પ્રધાન બનશે'

### એમ જાહેર કરતા જેડી(યુ)એ કહ્યું કે શપથ સમારોહ વિજય જેટલો જ ભવ્ય હશેઃ વિધાનસભાના સ્પીકર ભાજપના નેતા જ રહેશે

પટણાઃ જનતા દળ (યુનાઇટેડ)ના એક નેતાએ રવિવારે જણાવ્યું હતું કે નીતીશકુમાર દસમી વખત બિહારના મુખ્ય પ્રધાનપદના શપથ લેશે. તેમનો આ કાર્યક્રમ ચૂંટણીમાં નેશનલ ડેમોક્રેટિક અલાયન્સ (એનડીએ)ના વિજય જેવો જ ભવ્ય હશે. વિધાનસભાના સ્પીકર ભાજપના નેતા જ બનશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી બિહારના આ કાર્યક્રમમાં હાજર રહી શકે એ રીતે શપથવિધિ કાર્યક્રમની તારીખ નક્કી કરાશે. મોદીની સાથે ભાજપના અગ્રણી નેતાઓ આ સમારંભમાં હાજરી આપશે.

જનતા દળ (યુ)ના નેતાએ જણાવ્યું હતું કે ચૂંટણી પંચે રવિવારે રાજ્યપાલને નવા ચૂંટાયેલા વિધાનસભ્યોની યાદી સુપરત કરી હતી. આ સરકારની રચનાનું


(જુઓ પાનું ૨) ▸▸


## બ્રિટનમાં પીઆર માટેનો સમય વધારીને ૨૦ વર્ષ કરાશે?

લંડન : બ્રિટનના ગૃહ પ્રધાન શબાના મહમૂદે રવિવારે કહ્યું હતું કે ગેરકાયદે ઇમિગ્રેશન બ્રિટનને તોડી રહ્યું છે અને દેશને એક કરવા માટે શરણાર્થીઓ માટે કાયમી રહેઠાણ કે પર્મનન્ટ રેસિડન્સી (પીઆર) મેળવવા માટે સમયગાળો વધારીને ૨૦ વર્ષ કરવા જેવા કડક પગલાં ભરવા જરૂરી છે. સોમવારે આમ સભામાં આયોજિત એક નિવેદન અગાઉ મીડિયાને આપેલા ઈન્ટરવ્યૂ દરમિયાન દક્ષિણ એશિયન હેરિટેજ કેબિનેટ મંત્રીએ આ મુદ્દાઓને દેશની તૂટેલી આશ્રય


(જુઓ પાનું ૨) ▸▸




**કૃત્રિમ હાથઃ**
ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં વિકલાંગોને કૃત્રિમ હાથ-પગ આપવા યોજાયેલા કેમ્પમાં એક વિકલાંગને બેટરીથી ચાલતો પ્રોસ્થેટિક હૅન્ડ (કૃત્રિમ હાથ) આપતો સ્વયંસેવક. (પીટીઆઇ)

## અમેરિકાની આર્થિક હાલત યુરોપ જેવી થવાની ચેતવણી

વૉશિંગ્ટનઃ જેપી મોર્ગન ચેઝના સીઇઓ જેમી ડિમને ચેતવણી આપી હતી કે અમેરિકાની વેપાર-વિરોધી નીતિને લીધે દેશના મુખ્ય શહેરોમાંથી અનેક કંપનીઓ બહાર (બીજી જગ્યાએ) જતી રહેશે અને તેને લીધે અમેરિકામાં યુરોપ જેવી આર્થિક મંદી આવી શકે છે.

તેમણે માયામીમાં અમેરિકન બિઝનેસ ફોરમને સંબોધતા જણાવ્યું હતું કે જો આપણે (અમેરિકા) આગામી વર્ષોમાં વેપાર નીતિ બદલીને સમસ્યા નહિ ઉકેલીએ, તો આપણી (અમેરિકાની) આર્થિક હાલત યુરોપ જેવી ખરાબ થશે.

તેમણે યુરોપની સરકારોએ વેપાર પર વધારેલા કરવેરા અને લાદેલા વિવિધ નિયંત્રણને લીધે ઘટેલા જીડીપીનું દૃષ્ટાંત


(જુઓ પાનું ૨) ▸▸


## હવે મેક્સિકોમાં 'જેન-ઝી'નું આંદોલન

- ભ્રષ્ટાચાર, ગુનાખોરી સામે હજારો લોકોના દેખાવ
- હિંસામાં ૧૦૦ પોલીસ સહિત ૧૨૦ જણ ઘાયલ



મેક્સિકો શહેરઃ મેક્સિકો દેશની રાજધાની મેક્સિકો શહેરમાં 'જનરેશન-ઝી' (જેન-ઝી એટલે કે ૧૯૯૭ અને ૨૦૧૨ની વચ્ચે જન્મેલા લોકો)એ દેશમાંના ભ્રષ્ટાચાર અને ગુનાખોરીના વિરોધમાં શનિવારે મોટા પાયે આંદોલન શરૂ કર્યું હતું. મેક્સિકો શહેરમાં હજારોની સંખ્યામાં યુવાનો દેખાવ કરવા ભેગા થયા હતા. તેઓને વિપક્ષોનો ટેકો પણ છે.

મેક્સિકો શહેરની શેરીઓમાં યોજાયેલા દેખાવો એકંદરે શાંત રહ્યા હતા, પરંતુ અંતમાં અમુક યુવાન પોલીસ સાથે અથડામણમાં ઊતર્યાં હતાં. યુવાનોએ


(જુઓ પાનું ૨) ▸▸


## રશિયા, અમેરિકા વચ્ચે યુક્રેન યુદ્ધ રોકવા ચાલતી સક્રિય મંત્રણા

મોસ્કોઃ ક્રેમલિનના એક ઉચ્ચ અધિકારીએ રવિવારે દાવો કર્યો હતો કે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ વચ્ચે અલાસ્કામાં યોજાયેલી શિખર મંત્રણામાં લેવાયેલા નિર્ણયની જાણ કીવને કરાઇ હતી. મોસ્કો આ મુદ્દે વૉશિંગ્ટનના સંપર્કમાં છે.

ક્રેમલિનની વિદેશ નીતિ નક્કી કરતા ઉચ્ચ અધિકારી યુરી ઉશાકોવે જણાવ્યું હતું કે પુતિન અને ટ્રમ્પની વચ્ચે ૧૫ ઑગસ્ટે અલાસ્કામાં યોજાયેલી શિખર મંત્રણામાં લેવાયેલા નિર્ણયને આધારે યુક્રેન સાથેના યુદ્ધનો અંત ઇચ્છીએ છીએ. રશિયા શાંતિથી સમસ્યા ઉકેલવા માટે અમેરિકાના સંપર્કમાં છે. આમ છતાં, પુતિન અને ટ્રમ્પ દ્વારા રશિયા-યુક્રેન યુદ્ધ રોકવા ૧૫ ઑગસ્ટે કોઇ કરાર નહોતા થયા. યુરી ઉશાકોવે ટીવી પરના ઇન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે અમે એન્કરએજ (અલાસ્કાનું શહેર)માં સધાયેલી સમજૂતી અંગે સક્રિય ચર્ચા કરી રહ્યા છીએ. અમે માનીએ છીએ કે આ રીતે શાંતિભર્યું સમાધાન થઇ શકશે. કીવને (યુક્રેનના નેતાઓને) એન્કરેજ ખાતેની સમજૂતીની જાણ કરાઇ હતી. તેઓને આ સમજૂતી(ની જોગવાઇ) પસંદ નથી.

(એજન્સી)

## બિહારમાં ચૂંટણી જીતવા એનડીએ દ્વારા વર્લ્ડ બૅન્કના ભંડોળનો ઉપયોગઃ જન સુરાજ

પટણા : શુક્રવારે જાહેર થયેલા બિહાર વિધાનસભા ચૂંટણી પરિણામોમાં પ્રશાંત કિશોરની આગેવાની હેઠળની જન સુરાજ પાર્ટીને શરમજનક હાર મળી, ૨૩૮ બેઠકો પર ચૂંટણી લડવા છતાં પાર્ટીને એક પણ બેઠક ના મળી. આ હારના કારણો પર વિચાર કરવામાં આવી રહ્યો છે, એવામાં જન સુરાજ પાર્ટી એ દાવો કર્યો છે કે એનડીએ ગઠબંધને વર્લ્ડ બૅન્કમાંથી મળેલા ભંડોળનો ઉપયોગ કર્યો. જન સુરાજ પાર્ટીના પ્રવક્તા પવન વર્માએ આરોપ લગાવ્યો કે અન્ય પ્રોજેક્ટ માટે વર્લ્ડ બૅન્ક તરફથી મળેલા ભંડોળનો કેન્દ્ર સરકારે દુરુપયોગ કર્યો, આ ભંડોળને બિહાર વિધાનસભા ચૂંટણી દરમિયાન મહિલા મતદારોમાં વહેંચવામાં આવ્યું.

ચૂંટણી પહેલા મુખ્ય પ્રધાન મહિલા રોજગાર યોજના હેઠળ બિહારની ૧.૨૫ કરોડ મહિલા મતદારોના બેંક ખાતામાં ૧૦,૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતાં.

## ગ્વાલિયરમાં અકસ્માતઃ પાંચનાં ઘટનાસ્થળે મોત

ગ્વાલિયરઃ મધ્ય પ્રદેશના ગ્વાલિયરમાં ગમખ્વાર રોડ અકસ્માત સર્જાયો છે. જેમાં એક કાર અને રેતી ભરેલી ટ્રેક્ટર ટ્રોલી વચ્ચે થયેલી ટક્કરમાં પાંચ લોકોના મોત થયા. આ અકસ્માત દરમિયાન પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા. આ અકસ્માત ગ્વાલિયરના સિરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં સર્જાયો હતો. આ અકસ્માત સવારે ૬:૩૦ વાગ્યાની આસપાસ ગ્વાલિયર ઝાંસી હાઇવે પર માલવા કોલેજની સામે થયો હતો. ગ્વાલિયર સીએસપીએ જણાવ્યું હતું કે ગ્વાલિયરના મહારાજપુરા વિસ્તારમાં પૂરઝડપે આવી રહેલી કાર અને ટ્રેક્ટર વચ્ચે થયેલી ટક્કરમાં પાંચ લોકોના મોત થયા છે. ગ્વાલિયરના સીએસપી હિના ખાને જણાવ્યું હતું કે, આજે સવારે ૬.૩૦ વાગ્યે કંટ્રોલ રૂમને હાઇવે પર માલવા કોલેજની સામે અકસ્માતની માહિતી મળી હતી.

## પૈસા, ચૂંટણી ટિકિટ માટે ખરાબ કિડની પિતાને આપ્યાનો આરોપ કરાયોઃ લાલુ-પુત્રી



પટનાઃ રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના અધ્યક્ષ લાલુ પ્રસાદ યાદવની પુત્રી રોહિણી આચાર્યએ તેમના ભાઇ તેજસ્વી યાદવના જૂથ પર આરોપ લગાવતા કહ્યું કે પરિવારના કેટલાક સભ્યોએ તેની કિડનીને કે ડર્ટી ખરાબ કહીને તેમનું અપમાન કર્યું હતું. તેમજ ચૂંટણી ટિકિટ અને કરોડો રૂપિયાના બદલામાં તેમના પિતાને એક ખરાબ કિડની દાન કરવાનો તેણી પર આરોપ મૂકવામાં આવ્યો હતો.

રોહિણી આચાર્યએ રાજકારણ છોડવા અને પોતાના પરિવાર સાથેના સંબંધો તોડવાની જાહેરાત કર્યાના એક દિવસ પછી એક્સ પર પોતાનો રોષ ઠાલવ્યો હતો. તેણીએ આરોપ લગાવ્યો


(જુઓ પાનું ૨) ▸▸




**દર્શનાર્થેઃ**
પટણામાં તખ્ત શ્રી હરિમંદિરજી પટણા સાહિબના દર્શનાર્થે પરિવાર સાથે ગયેલા કેન્દ્રીય પ્રધાન ચિરાગ પાસવાન. (પીટીઆઇ)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કોલકાતામાં ટીમ ઈન્ડિયાનું ધોળકું, શરમજનક હાર નવી વાત નથી

**કોલકાતાના** ઈડન ગાર્ડનમાં રમાયેલી દક્ષિણ આફ્રિકા સામેની પહેલી ટેસ્ટ મેચ હારીને ભારતીય ક્રિકેટ ટીમે પોતાના નામે વધુ એક કલંકિત પ્રકરણ ઉમેરી દીધું. લો સ્કોરિંગ મેચમાં ભારતે ટેસ્ટ મેચ જીતવા માટે માત્ર ૧૨૪ રન જ કરવાના હતા પણ ટીમ ઈન્ડિયા ૧૨૪ રનનો ટાર્ગેટ પણ ચેઝ ના કરી શકી અને ૯૩ રન જ બનાવી શકતાં ૩૦ રને હારી ગઈ.

આ શરમજનક હાર માટે માત્ર ને માત્ર આપણા કહેવાતા ધુરંધર બેટ્સમેન જવાબદાર છે એ કહેવાની જરૂર નથી. ભારતીય બોલરોએ મેચના પહેલા જ દિવસે આફ્રિકાને ૧૫૯ રનમાં ઓલઆઉટ કરીને ભારત માટે જીતની તક ઊભી કરી નાંખેલી પણ આપણા બેટ્સમેન પહેલી ઈનિંગમાં પણ સાવ ખરાબ રમ્યા તેમાં આખી ટીમનું માત્ર ૧૮૯ રનમાં ફીંડલું વળી ગયેલું. આપણા બોલરોએ આફ્રિકાને બીજી ઈનિંગમાં પણ ૧૫૩ રનમાં સમેટીને ફરી જીતની તક ઉભી કરી નાંખેલી. ૧૨૪ રનનો ટાર્ગેટ કંઈ જ ના કહેવાય. ગમે તેવી ખરાબ પિચ પર પણ થોડોક ટેમ્પરામેન્ટ બતાવીને રમો તો ૧૨૪ રન તો કરી જ શકાય પણ આપણા ખેલાડી એ પણ ના કરી શક્યા.

કેપ્ટન શુભમન ગિલ દિવસ પહેલાં ગરદનમાં દુખાવાને કારણે રિટાયર હર્ટ થયો હતો. તેથી બેટિંગ કરવા નહોતો આવ્યો એટલે ભારતની ૯ વિકેટો જ પડી પણ એ બહુ મહત્ત્વનું નથી. શુભમન ગિલને બાદ કરતાં બાકીના ૧૦ બેટ્સમેન ૧૨૪ રન પણ ના કરી શક્યા એ શરમજનક કહેવાય. વધારે શરમજનક વાત પાછી એ છે કે, ટીમ ઈન્ડિયાએ કરેલા ૯૩ રનમાંથી ૭૫ રન તો ત્રણ બોલરોના છે.

વોશિંગ્ટન સુંદરે હાઈએસ્ટ ૩૧ રન કર્યા જ્યારે અક્ષર પટેલે ૨૬ અને રવિન્દ્ર જાડેજાએ ૧૮ રન કર્યા. આ ત્રણેના રન બાદ કરો તો બાકીના ૭ બેટ્સમેને મળીને ૧૮ રન કર્યા. તેમાંથી કુલદીપ યાદવ, જસપ્રિત બુમરાહ અને મોહમ્મદ સિરાજ તો બોલર છે અને તેમણે બંને દાવમાં આફ્રિકાને સસ્તામાં આઉટ કરીને પહેલાં જ પોતાનું કામ કરી નાંખેલું તેથી તેમની પાસેથી અપેક્ષા નહોતી. જે કરવાનું હતું એ ટોપ ઓર્ડર બેટ્સમેને કરવાનું હતું પણ આપણા ટોપ ઓર્ડર બેટ્સમેન સાવ પાણીમાં બેઠા તેમાં શરમજનક હાર આપણા નામે લખાઈ ગઈ.

ટોપ ઓર્ડર બેટ્સમેનમાંથી શુભમન ગિલ તો બેટિંગમાં ઉતર્યો નહોતો પણ જે બેટિંગમાં આવેલા તેમણે સાવ ધોળકું ધોળ્યું. આપણા ટોપ ઓર્ડર બેટ્સમેનમાંથી માત્ર ધ્રુવ જુરેલ બે આંકડે પહોંચ્યો પણ તેની બેટિંગ પણ બહુ વખાણવા જેવી નથી કેમ કે જુરેલે પણ ગણીને ૧૩ રન જ કર્યા છે. બાકીના બેટ્સમેનમાંથી ઓપનર યશસ્વી જયસ્વાલ ઝીરોમાં ઉડ્યો જ્યારે કે.એલ. રાહુલે બે રન કર્યા. રીષભ પંતે પણ ગણીને ૨ રન કરતાં વખાણેલી ખિચડી દાંતે વળગી જેવો ઘાટ થયો. પંત ટીમમાં પાછો ફર્યો એટલે બેટિંગ મજબૂત બની એવા ફડાકા મરાતા હતા પણ પંત જ સાવ પાણીમાં બેસી ગયો.

આપણા ટોપ ઓર્ડરના ત્રણ બેટ્સમેને ૧૦-૧૦ રન પણ કર્યા હોત તો આપણે ઓકાશિયાં મારીને પણ ૧૨૪ રનના સ્કોરે પહોંચી ગયા હોત પણ એક પણ બેટસમેન વિકેટ પર ઊભા રહેવાનો ટેમ્પરામેન્ટ ના બતાવી શક્યો તેમાં ૧૫ વર્ષ પછી ભારત દક્ષિણ આફ્રિકા સામે ભારતની ધરતી પર ટેસ્ટ હાર્યું છે. છેલ્લે ૨૦૧૦માં ગ્રીમ સ્મિથની કેપ્ટન્સીમાં દક્ષિણ આફ્રિકાની ટીમે આપણને નાગપુરમાં હરાવેલા. એ પછી ભારતની ધરતી પર આફ્રિકા સામે આપણે અજેય હતા પણ એ રેકોર્ડ પણ તૂટી ગયો.

વધારે આઘાત એ જોઈને લાગે કે, આફ્રિકા પાસે એવા ભારતને ભૂ પિવડાવી શકે એવા કોઈ જબરદસ્ત બોલરો નથી. ભારતની હારમાં સૌથી મહત્ત્વની ભૂમિકા સાયમન હાર્મરે ભજવી છે. સાયમન હાર્મરે બંને ઈનિંગમાં ૪-૪ મળીને મેચમાં કુલ ૮ વિકેટ લીધી પણ હાર્મરે વિકેટ લીધી એવું કહેવા કરતાં આપણા બેટ્સમેને તેને વિકેટો આપી એમ કહેવું વધારે યોગ્ય છે કેમ કે આપણા બેટ્સમેન હીરો બનવાની લહાયમાં ખોટા શોટ ફટકારીને આઉટ થયા. બાકી હાર્મર કે બીજા કોઈ પણ સાઉથ આફ્રિકન બોલરની બોલિંગ રમી ના શકાય એવી કાતિલ નહોતી જ.

ભારતને જીતવા માટે ૫૦-૫૦ રનની બે પાર્ટનરશિપની જ જરૂર હતી પણ આપણી હાઈએસ્ટ પાર્ટનરશિપ જ ૩૧ રનની થઈ. દક્ષિણ આફ્રિકાની બીજી ઈનિંગ વખતે કેપ્ટન ટેમ્બા બાવુમાએ જબરદસ્ત સંયમનો પરચો આપીને ૧૩૬ બોલનો સામનો કરીને ૫૫ રન કરેલા. બાવુમા કેપ્ટનને છાજે એ રીતે ત્રણ કલાક ઊભો રહીને મરદની જેમ લડેલો. તેના કારણે જ આફ્રિકાની ટીમ ભારતને ૧૨૪ રનનો પડકાર આપી શકેલી. ભારત તરફથી વોશિંગ્ટન સુંદરે એવો ટેમ્પરામેન્ટ બતાવ્યો પણ બીજા કોઈ ખેલાડી તેને સાથ ના આપી શક્યા તેમાં હારી ગયા.

ભારત પહેલાં પણ આ રીતે ચોથી ઈનિંગમાં સાવ ઓછો સ્કોર ચેઝ ના કરી શકતાં હારેલું છે તેથી આ હાર નવી નવાઈની નથી. સચિન તેંડુલકર સહિતના ધુરંધરો ધરાવતી ટીમ ઈન્ડિયા ૧૯૯૭માં બ્રિજટાઉનમાં આ રીતે જ વેસ્ટ ઈન્ડિઝ સામે ૮૧ રનમાં ઓલઆઉટ થઈને શરમજનક રીતે હારી જ હતી. એ વખતે જીતવા માટે ૧૨૦ રન જ કરવાના હતા પણ આપણી ટીમ નહોતી કરી શકી. ૧૯૭૭માં ચેન્નાઈમાં ટીમ ઈન્ડિયા માત્ર ૮૩ રનમાં ખખડેલી ને આ ત્રીજી વાર સો કરતાં ઓછો સ્કોર કર્યો છે. ચોથી ઈનિંગમાં તો ચેઝનું દબાણ હોય પણ આપણી ટીમ એ સિવાય પણ શરમજનક રીતે ઓલઆઉટ થઈ જ છે. છેલ્લાં પાંચ વર્ષમાં જ બે વાર ટીમ ઈન્ડિયા બે વાર ૫૦ રનથી પણ ઓછા સ્કોરમાં ઓલઆઉટ થયેલી જ છે. ૨૦૨૦માં એડીલેઈડ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયા સામે વિરાટ કોહલીની ટીમ માત્ર ૩૬ રનમાં ખખડી ગયેલી ને એક પણ ખેલાડી બે આંકડે નહોતો પહોંચ્યો. ગયા વરસે ન્યૂ ઝીલેન્ડ સામે બેંગલૂરુમાં રોહિત શર્માની ટીમ ૪૬ રનમાં ઓલઆઉટ થયેલી ને તેમાંથી ૩૩ રન રીષભ પંત અને યશસ્વી જયસ્વાલે કરેલા.


ભૂતકાળમાં ટીમ ઈન્ડિયાએ ઘણી વાર આવો શરમજનક ધબડકો કરીને ઈજ્જતનો કચરો કરેલો જ છે તેથી શુભમન ગિલની ટીમ સાવ તળિયે નથી જ પણ આ ઘા તાજો છે તેથી વધારે બળતરા કરાવે છે. ભૂતકાળમાં થયેલું તેને આપણે ભૂલી ગયેલા પણ આ હારે ભૂતકાળને પણ તાજો કરી દીધો તેની બળતરા પણ તેમાં ઉમેરાઈ છે એટલે આ હાર વધારે આકરી લાગે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર હેમંતઋતુ, સોમવાર, તા. ૧૭-૧૧-૨૦૨૫, લાલા લજપતરાય પુણ્યતિથિ, સોમપ્રદોષ

- ભારતીય દિનાંક ૨૬, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક વદ-૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ વદ-૧૩
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૩જો અર્દીબહેશ્ત, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૭મો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર ચિત્રા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૦૧ સુધી (તા. ૧૮) પછી સ્વાતિ
- ચંદ્ર કન્યામાં બપોરે ક. ૧૫-૩૪ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૫૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૦૫ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૪, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- સવારે ક. ૦૯-૫૭, ભરતીઃ રાત્રે ક. ૨૨-૫૬
- ઓટઃ સાંજે ક. ૧૬-૨૦, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૫૧ (તા. ૧૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક કૃષ્ણ - ત્રયોદશી. લાલા લજપતરાય પુણ્યતિથિ, ત્રયોદશી વૃદ્ધિ તિથિ છે. સોમપ્રદોષ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મંગળ ગ્રહદેવતાનું પૂજન, ત્વષ્ટા દેવતાનું પૂજન, પ્રદોષ વ્રત ઉપવાસ, રાત્રિ જાગરણ, શિવભક્તિ, સંકીર્તન, નામસ્મરણ, જાપ, તપ, અનુષ્ઠાન, રુદ્રાભિષેક, પર્વપૂજા નિમિત્તે, મહેંદી, નવાં વસ્રો, આભૂષણ. નિત્ય થતાં ચંત્ર, દસ્તાવેજ દુકાન-વેપારના કામકાજ, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા. આચમનઃ સૂર્ય-ગુરુ ત્રિકોણ દાનપ્રિય, સૂર્ય-શનિ ત્રિકોણ મહેનતુ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય-ગુરુ ત્રિકોણ, સૂર્ય-શનિ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ, ચંદ્ર-ચિત્રા યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, વક્રી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■



**મેળાની તૈયારીઃ**
પ્રયાગરાજમાં આગામી 'માઘ મેળા'ની તૈયારીના ભાગરૂપે કામચલાઉ પુલ બનાવી રહેલા મજૂરો. (પીટીઆઇ)

## ફિલિપાઇન્સમાં ભ્રષ્ટાચારના વિરોધમાં રસ્તા પર ઊતરી આવ્યા લાખો લોકો

મનિલાઃ ફિલિપાઈન્સની રાજધાની મનિલામાં રવિવારે લાખો લોકો પૂર નિયંત્રણમાં ભ્રષ્ટાચાર કૌભાંડની જવાબદારી નક્કી કરવાની માગને લઈને મોટી રેલીમાં એકઠા થયા હતા. આ કૌભાંડમાં ફિલિપાઈન્સ કોંગ્રેસના સભ્યો અને ટોચના સરકારી અધિકારીઓ પણ સામેલ છે. વાવાઝોડાથી પ્રભાવિત દેશોમાંના એકમાં હજારો પૂર સંરક્ષણ પ્રોજેક્ટ્સ ખરાબ ગુણવત્તાવાળા, અપૂર્ણ અથવા ફક્ત અસ્તિત્વમાં ન હોવાના ખુલાસા બાદ તાજેતરના મહિનાઓમાં વિવિધ જૂથોએ વિરોધ કર્યો છે. સરકારી એન્જિનિયરો, જાહેર બાંધકામ અધિકારીઓ અને બાંધકામ કંપનીના અધિકારીઓએ સિનેટ અને એક ફેક્ટ ફાઈંડિંગ આયોગની સુનાવણીમાં શપથ લઈને નિવેદન આપ્યું હતું કે કોંગ્રેસના સભ્યો અને જાહેર બાંધકામના અધિકારીઓએ બાંધકામ કંપનીઓ પાસેથી આકર્ષક કરાર મળી શકે અને જવાબદારી ટાળવા માટે લાંચ લીધી હતી. ■

## પંજાબમાં સંઘના નેતાના પુત્રની ગોળી મારી હત્યા

ફિરોઝપુરઃ પંજાબના ફિરોઝપુરમાં આરએસએસ નેતાના ૩૨ વર્ષીય પુત્રની બે અજાણ્યા મોટરસાઇકલ સવાર હુમલાખોરોએ ગોળી મારીને હત્યા કરી હોવાનું પોલીસે રવિવારે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર મૃતકની ઓળખ નવીન અરોરા(૩૨) તરીકે થઇ છે. નવીનના પિતા બલદેવ રાજ અરોરા છેલ્લા ઘણા વર્ષોથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આરએસએસ) સાથે જોડાયેલા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ ઘટના શનિવારે બની હતી. જ્યારે નવીન તેની દુકાનથી ડો. સાધુ ચંદ ચોક પાસે આવેલા તેના ઘરે જઇ રહ્યો હતો. મોટરસાઇકલ પર સવાર બે અજાણ્યા યુવાનો ત્યાં પહોંચ્યા અને છુપાઇને નવીનને ગોળી મારીને ત્યાંથી ભાગી ગયા હતા. ■

## અનામતમાં 'ક્રીમિ લેઅર'ને બાકાત રાખવું જોઇએઃ સીજેઆઇ

અમરાવતીઃ દેશના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઇ) બી. આર. ગવઇએ રવિવારે જણાવ્યું હતું કે હું અનુસૂચિત જાતિના અનામતમાં 'ક્રીમિ લેઅર' (શ્રીમંત વર્ગ)નો સમાવેશ નહિ કરવાના મુદ્દાને ટેકો આપું છું.

તેમણે 'ઇન્ડિયા એન્ડ ધ લિવિંગ ઇન્ડિયન કન્સ્ટિટ્યૂશન એટ ૭૫ યર્સ' વિષય પરના કાર્યક્રમને સંબોધતા જણાવ્યું હતું કે અનામતમાં આઇએએસ અધિકારીના સંતાનોની સરખામણી ગરીબ ખેડૂતના સંતાનોની સાથે થવી ન જોઇએ.

ગવઇએ જણાવ્યું હતું કે ઇન્દ્રા સાહની (વિરુદ્ધ ભારત સરકાર અને અન્ય)ના કેસમાં અપાયેલા ચુકાદામાં 'ક્રીમિ લેઅર'ની વ્યાખ્યા અપાઇ છે. અધર બેકવર્ડ ક્લાસ (અન્ય પછાત જાતિ - ઓબીસી) માટે જે નિયમ અમલમાં છે, તે અનુસૂચિત જાતિ માટે પણ અમલમાં હોવો જોઇએ. મારા સંબંધિત ચુકાદાની મોટા પાયે ટીકા થઇ હતી. હું હજી માનું છું કે ન્યાયાધીઓએ સામાન્ય રીતે પોતાના ચુકાદાને વાજબી ઠેરવવાની જરૂર નથી હોતી. મારે હજી (નિવૃત્તિને) એક અઠવાડિયું બાકી છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### દિલ્હી બ્લાસ્ટનો

વડાપ્રધાનના નિવાસસ્થાન પાસે પણ ગયો હતો. ઉમર કર્તવ્ય પથ પર પણ ગયો હતો એવો તપાસમાં ઘટસ્ફોટ થયો છે. ઉમર કર્તવ્ય પથ પર પણ ગયો હતો.

**૯ એમએમની કારતૂસની તપાસ**

લાલ કિલ્લા વિસ્ફોટ સ્થળ નજીક કાટમાળમાંથી મળી આવેલા ત્રણ કારતૂસની સુરક્ષા એજન્સીઓ તપાસ કરી રહી છે. આમાંના બે જીવંત કારતૂસ છે. આ જાણકારી એક સૂત્રએ રવિવારે આપી હતી. ૧૦ નવેમ્બરના રોજ દિલ્હીના પ્રતિષ્ઠિત સ્મારક નજીક વિસ્ફોટ થયેલી હ્યુન્ડેઇ આઇ૨૦ કારની નજીક ખાલી ગોળા અને બે જીવંત કારતૂસ મળી આવ્યા હતા. એક કેલિબર જે નાગરિક ઉપયોગ માટે માન્ય નથી. આ વિસ્ફોટમાં ૧૩ લોકોના મોત નીપજ્યા હતા. આમાં બે ડઝનથી પણ વધુ લોકો ઘાયલ થયા હતા. (એજન્સી)

### બ્રિટનમાં પીઆર

વ્યવસ્થાને સુધારવા માટે નૈતિક મિશન તરીકે વર્ણવ્યા હતા. તેમણે બ્રિટનના ગૃહમંત્રાલય દ્વારા ડેન્માર્ક દ્વારા લાગુ કરવામાં આવેલી એક કડક સિસ્ટમ પર નવીનતમ ઇમિગ્રેશન કાર્યવાહી કરવાની યોજનાનાઓના પૂર્વ રિપોર્ટ્સની પુષ્ટિ કરી હતી.

મહમૂદે ધ સંડે ટાઈમ્સને જણાવ્યું હતું કે હું જોઈ શકું છું અને હું જાણું છું કે મારા સાથીદારોએ જોઈ શકે છે કે ગેરકાયદેસર સ્થળાંતર આપણા દેશને તોડી રહ્યું છે. એક લેબર સરકારના રૂપમાં આ અમારું કામ છે કે આપણે આપણા દેશને એક કરીએ અને જો આપણે તેનો ઉકેલ લાવીશું નહીં તો મને લાગે છે કે આપણો દેશ વધુ વિભાજિત થઈ જશે. ■

### નીતીશકુમાર

પ્રથમ ચરણ હતું. તે પછી નવી સરકારની રચનાની પ્રક્રિયા શરૂ થશે. જનતા દળ (યુ)ના બીજા નેતાએ જણાવ્યું હતું કે એનડીએના ઘટક પક્ષોમાં મંત્રાલયોની વહેંચણીનું સમીકરણ નક્કી કરાયું છે. પ્રધાનમંડળમાં જૂનાની સાથે નવા ચહેરા પણ જોવા મળશે.

બિહારમાં નવી સરકારની રચના માટે કેન્દ્રીય પ્રધાનો સંજય ઝા, જનતા દળ (યુ)ના લલનસિંહ, ભાજપના વિનોદ તાવડે અને ધર્મેન્દ્ર પ્રધાને મંત્રણા કરી હતી.

ઝાએ જણાવ્યું હતું કે બિહાર સરકારની રચનાની બધી બાબત આગામી થોડા દિવસમાં જ નક્કી થઇ જશે. મંત્રણા ચાલુ છે. ચૂંટણીમાં મોટા જનમતની સાથે જવાબદારી પણ વધી છે. બિહારનો વિકાસ વધુ વેગવાન બનાવીશું.

ભાજપના રાજ્ય એકમના વડા દિલીપ જયસ્વાલે જણાવ્યું હતું કે શપથવિધિની પહેલાં સરકારની રચનાને લગતા દરેક પ્રકારના નિર્ણય લઇ લેવાશે.

બિહાર વિધાનસભાની મુદત ૨૨ નવેમ્બરે પૂરી થાય છે.

ભાજપના એક નેતાએ જણાવ્યું હતું કે કેબિનેટમાં સમાવેશ માટે બેઠકો પર આધારિત જૂનું સમીકરણ જ અપનાવાશે. (એજન્સી) ■

### ટીમ ઈન્ડિયા

નથી. તેણે તો અમે માગી એવી જ પિચ આપી હતી.'

દાયકાઓથી ભારતની પિચો સ્પિન-ફ્રેન્ડ્લી રહી છે. ઇડન ગાર્ડન્સની પિચ પર ભારતના સ્પિનર્સ તો સફળ રહ્યા, પરંતુ ભારતના બૅટ્સમેનો સાઉથ આફ્રિકાના સ્પિનર્સ સામે સાવ ઝૂકી ગયા હતા અને શરણાગતિ સ્વીકારી લીધી. યોગાનુયોગ, ભારતે પ્રથમ દાવમાં ૩૦ રનની સરસાઈ લીધી હતી, પણ છેવટે ૩૦ રનથી જ પરાજય જોવો પડ્યો.

ઘરઆંગણે ભારત છેલ્લી છમાંથી ચોથી ટેસ્ટ હાર્યું છે. ગયા વર્ષે ઑક્ટોબર-નવેમ્બરમાં ભારતમાં રોહિત શર્માના સુકાનમાં ટીમનો ટૉમ લેથમના નેતૃત્વમાં રમનાર ન્યૂ ઝીલૅન્ડ સામેની સિરીઝમાં ૦-૩થી પરાજય થયો હતો. ત્યાર બાદ ભારતીયો ઑસ્ટ્રેલિયાની ધરતી પર ટેસ્ટ શ્રેણી ૧-૩થી હાર્યા હતા અને ઇંગ્લૅન્ડમાં સિરીઝ ૨-૨થી ડ્રૉ કરાવ્યા બાદ ઘરઆંગણે ભારતે વેસ્ટ ઇન્ડિઝ સામે ૨-૦થી શ્રેણી જીતી લીધી ત્યાર પછી ફરી હોમ ગ્રાઉન્ડ પર ભારતે ફરી હારવાનું શરૂ કરી દીધું છે કે શું?

કોલકાતાની ટેસ્ટમાં પહેલા દાવમાં સાઉથ આફ્રિકા ૧૫૯ રનમાં ઑલઆઉટ થઈ ગયું ત્યારે ઘણાએ ભારતની જીતની સંભાવના વિચારી હશે. જોકે એમાં કંઈ ખોટું પણ નહોતું, કારણકે ટીમમાં સ્ટાર બૅટ્સમેનો હોય તો વિજયની અપેક્ષા આપોઆપ વધી જાય. જોકે ભારતીય ટીમ પ્રથમ દાવમાં માત્ર ૧૮૯ રન કરી શકી હતી જેમાં કે. એલ. રાહુલના ૩૯ રન હાઇએસ્ટ હતા. સાઉથ આફ્રિકાના પ્રથમ દાવમાં બુમરાહે પાંચ વિકેટ લઈને તરખાટ મચાવ્યો હતો તો શનિવારે બીજા દાવમાં રવીન્દ્ર જાડેજાએ પરચો બતાવી દીધો હતો અને ચાર વિકેટ લીધી હતી. એ દિવસની રમતને અંતે પ્રવાસી ટીમનો સ્કોર ભારતની ૩૦ રનની સરસાઈ બાદ કરતાં ૭/૬૩ હતો એટલે રવિવારે ભારતના વિજયની ૮૦ ટકા સંભાવના હતી. જોકે સાવ ઊલટું બન્યું. રવિવારે સવારે (અનિલ કુંબલેએ મૅચ પછી કચાશ વિશે કટાક્ષ કર્યો એમ...) ઈજાગ્રસ્ત શુભમન ગિલની ગેરહાજરીમાં નેતૃત્વ સંભાળનાર કાર્યવાહક સુકાની રિષભ પંતે બુમરાહ-સિરાજ સાથે બોલિંગ આક્રમણ શરૂ કરવાને બદલે સ્પિનર્સ પાસે અટૅક શરૂ કરાવ્યો હતો જેમાં કૅપ્ટન ટેમ્બા બવુમા અને કૉર્બિન બૉશ્ચની જોડી ક્રીઝમાં જામી ગઈ અને તેમની વચ્ચે ૪૪ રનની મૅચ-વિનિંગ ભાગીદારી થઈ હતી. બવુમા પંચાવન રને અણનમ રહ્યો હતો. રવિવારે બાકીની ત્રણેય વિકેટ બુમરાહ તથા સિરાજે લીધી હતી.

ભારતને માત્ર ૧૨૪ રનનો ટાર્ગેટ મળ્યો અને પહેલી જ ઓવરમાં યશસ્વી જયસ્વાલ (૦)ની વિકેટ પડતાં ભારતના ધબડકાની શરૂઆત થઈ હતી અને એક પછી એક વિકેટ સસ્તામાં પડતી ગઈ અને છેવટે ૯૩ રનમાં આખો દાવ સમેટાઈ ગયો હતો. આખી મૅચમાં એકેય ભારતીય બૅટ્સમૅનની હાફ સેન્ચુરી નહોતી. સાઉથ આફ્રિકાના ઑફ સ્પિનર સાઇમન હાર્મરે મૅચમાં કુલ આઠ વિકેટ લીધી હતી અને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર મેળવ્યો હતો. બીજા સ્પિનર કેશવ મહારાજે મૅચમાં કુલ ત્રણ વિકેટ અને ત્રીજા સ્પિનર માર્કરમે એક વિકેટ લીધી હતી. ફાસ્ટ બોલર માર્કો યેનસેન (કુલ પાંચ વિકેટ) પણ ભારતીય ટીમને ભારે પડ્યો હતો.

સાઉથ આફ્રિકા સિરીઝમાં ૧-૦થી આગળ છે. હવે તેઓ સિરીઝ હારી નહીં શકે અને ભારત શ્રેણી જીતી નહીં શકે. બન્ને દેશ વચ્ચેની બીજી અને અંતિમ ટેસ્ટ બાવીસમી નવેમ્બરથી ગુવાહાટીમાં રમાશે અને ત્યાર બાદ વન-ડે સિરીઝમાં ક્રિકેટપ્રેમીઓને રોહિત શર્મા તથા વિરાટ કોહલીના ધમાકા જોવા મળશે. ■

### હવે મેક્સિકોમાં

પોલીસ પર પથ્થરમારો કર્યો હતો અને લાકડીઓ તેમ જ સાંકળથી હુમલો કર્યો હતો. પોલીસના અમુક શિલ્ડ અને અન્ય સાધનસામગ્રી છીનવાઇ હતી.

મેક્સિકો શહેરના સિક્યોરિટી સેક્રેટરી પાબ્લો વાઝક્વેઝે જણાવ્યું હતું કે આ અથડામણમાં ૧૦૦ પોલીસ સહિત ૧૨૦ જણ ઘાયલ થયા હતા અને ૨૦ જણની ધરપકડ કરાઇ હતી.

નેપાળ, શ્રીલંકા, બાંગ્લાદેશ, પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર સહિત દુનિયાના અનેક દેશમાં ચાલુ વર્ષે 'જેન-ઝી'ના આંદોલન થયા હતા.

નેપાળમાં સોશ્યલ મીડિયા પર મુકાયેલા પ્રતિબંધના વિરોધમાં સપ્ટેમ્બરમાં 'જેન-ઝી'નું આંદોલન થયું હતું અને તેને પગલે નેપાળના વડા પ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું.

મેક્સિકોમાં આંદોલન કરી રહેલા યુવાનોએ જણાવ્યું હતું કે અમે ભ્રષ્ટાચાર અને હિંસક ગુનામાં અપાતી માફી કે દંડમુક્તિ જેવી સમસ્યાથી કંટાળી ગયા છીએ.

૨૯ વર્ષીય બિઝનેસ કન્સલ્ટન્ટ આન્દ્રેસ મેસ્સા ખોપડીનું ચિહ્ન ધરાવતો ઝંડો લઇને દેખાવમાં જોડાયો હતો. તેણે જણાવ્યું હતું કે અમને વધારે સલામતી જોઇએ છે.

૪૩ વર્ષીય ફિઝિશિયન એરિઝબેથ ગર્સિયાએ જણાવ્યું હતું કે અમને સાર્વજનિક આરોગ્ય સેવા માટે વધુ ભંડોળ અને સલામતીની જરૂર છે. મેક્સિકોમાં ઘણી વખત હત્યારાને પણ કોઇ સજા નથી થતી.

મેક્સિકોમાં ગુનાખોરી વધી હોવા છતાં દેશનાં પ્રમુખ ક્લાઉડિયા શેઇન્બોમ હજી લોકપ્રિય નેતા છે. (એજન્સી) ■

### અમેરિકાની આર્થિક

આપ્યું હતું. જેમી ડિમને અમેરિકાના શહેરો અને રાજ્યોમાં વેપાર-તરફી નીતિ ઘડીને વિકાસ-લક્ષી વાતાવરણ ઊભું કરવાની બાબત પર ભાર આપ્યો હતો અને જણાવ્યું હતું કે દરેકે રાષ્ટ્રો વચ્ચે, રાજ્યો વચ્ચે અને શહેરો વચ્ચે સ્પર્ધા કરવી પડે છે.

અમેરિકાના બૅન્કિંગ ક્ષેત્રના અગ્રણીએ જણાવ્યું હતું કે સરકાર વેપાર-વિરોધી વાતાવરણ ઊભું કરી રહી છે અને તેના પરિણામ ભોગવવા પડશે. ઘણી કંપનીઓ વેપાર માટે વધુ સારી જગ્યાએ સ્થળાંતર કરી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે અમેરિકી સરકારની વેપાર-વિરોધી નીતિથી અમેરિકાના લોકોને એકંદરે નુકસાન જ થશે.

ડિમને સઉદી અરેબિયાની સહાયથી યોજાયેલી આ સમિટમાં જણાવ્યું હતું કે હું કંપનીઓ અને શ્રીમંત લોકો પાસેથી વધુ કરવેરા વસૂલીને સામાન્ય જનતાને મફત બસ-પ્રવાસ અને બાળકોની સંભાળ માટેનું ભંડોળ આપવા જેવી દરખાસ્તોને વખોડું છું. હું આ દરખાસ્તોના અમલથી અમેરિકાના ગરીબોને રાહત મળવાની હોવાના વિચાર સાથે અસહમત છું. (એજન્સી) ■

### પૈસા, ચૂંટણી

કે તેજસ્વી, રાજ્યસભા સાંસદ સંજય યાદવ અને રમીઝ(જે તેમના ભાઇના ક્રિકેટના દિવસોથી નજીકના મિત્ર છે)એ પોતાને ઘરમાંથી કાઢી મૂકી હતી.

ગત વર્ષની સામાન્ય ચૂંટણીમાં સારણ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડનારી આચાર્યએ જણાવ્યું કે ગઇકાલે મારા પર ગાળોનો વરસાદ કરવામાં આવ્યો અને મારા પર કરોડો રૂપિયા અને પાર્ટી ટિકિટના બદલામાં મારા પિતાને ખરાબ કિડની દાન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

સિંગાપોરમાં રહેતી આચાર્યના પિતા લાલુ પ્રસાદની ત્રણ વર્ષ પહેલા કિડની ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી હતી. તેણીએ વધુમાં કહ્યું કે મેં મારા પતિ અને સાસરિયાઓની પરવાનગી લીધા વિના કે મારા ત્રણ બાળકોનો વિચાર કર્યા વિના મારી કિડની દાન કરીને પાપ કર્યું છે...કોઇ દિકરીની દશા રોહિણી જેવી ન થાય. ■

# ગુજરાતમાં કડકડતી ઠંડીની શરૂઆતઃ દાહોદ સિઝનનું સૌથી ઠંડું શહેર, તાપમાન ૧૦.૯ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી કડકડતી ઠંડી પડી રહી છે. ઉત્તર તરફથી ફૂંકાતા ઠંડા પવનોને કારણે રાજ્યભરમાં ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ૧૬ નવેમ્બર, ૨૦૨૫ રવિવારે નલિયાને પાછળ છોડી દાહોદ ૧૦.૯ ડિગ્રી તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડુંગાર શહેર રહ્યું હતું. નલિયામાં ૨૪ કલાકમાં લઘુતમ તાપમાનમાં ૨ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. રાજ્યમાં લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રી કરતા નીચે જતું રહેતાં તમામ જિલ્લાઓમાં ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે.

હવામાન વિભાગે જાહેર કરેલા આંકડા મુજબ, કંડલા એરપોર્ટ પર ૧૪.૬ ડિગ્રી, કેશોદમાં ૧૪.૭ ડિગ્રી, અમરેલીમાં ૧૫.૨ ડિગ્રી, ડીસામાં ૧૫.૩ ડિગ્રી, મહુવામાં ૧૫.૬ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરમાં ૧૭.૨ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૭.૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

તે ઉપરાંત રાજ્યના મોટા શહેરો જેવા કે, અમદાવાદમાં ૧૬.૦, ગાંધીનગરમાં ૧૪.૮ ડિગ્રી તાપમાન, વડોદરામાં ૧૪.૪, સુરતમાં ૧૮.૮ ડિગ્રી, રાજકોટમાં ૧૪.૪, ભાવનગરમાં ૧૯.૮ ડિગ્રી, જામનગરમાં ૧૮.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું હતું કે આગામી સાત દિવસ સુધી રાજ્યમાં વાતાવરણ સૂકું રહેવાની સંભાવના છે. આ દરમિયાન ઉત્તર-પૂર્વના પવનો ફૂંકાશે, જેના કારણે લઘુતમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધુ ઘટાડો જોવા મળી શકે છે. હવામાન નિષ્ણાતોના મતે, ૧૮ નવેમ્બર પછી રાજ્યમાં ઠંડીનું પ્રમાણ વધુ તીવ્ર બની શકે છે.■

# ભાવનગરના ફોરેસ્ટ અધિકારીના મકાનની નજીક જ પત્ની અને બે બાળકનાં મૃતદેહ જમીનમાં દાટેલા મળતા ખળભળાટઃ પતિ જ શંકાના દાયરામાં

## ૧૦ દિવસ પહેલા પત્ની અને બાળકો ગુમ થયાં હતાં






(તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાંથી એક અત્યંત ચકચારી અને હચમચાવી દેનાર બનાવ બહાર આવ્યો હતો. શહેરના કાચના મંદિર સામે આવેલી ફોરેસ્ટ કોલોની નજીકથી એક ફોરેસ્ટ અધિકારીના પત્ની અને તેમના બે માસૂમ બાળકનાં મૃતદેહો જમીનમાં દાટેલી હાલતમાં મળી આવ્યા હતા. જેથી સમગ્ર પંથકમાં ખળભરાટ મચી ગયો હતો.

આ ત્રણેય છેલ્લા ૧૦ દિવસથી ગુમ હતા. અને આ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી જેમાં તેઓ ઘરેથી સુરત જવાનું કહીને નીકળ્યા હતા અને ગુમ થયા હતા. જોકે ફોરેસ્ટ અધિકારીના ઘર નજીકથી જ પરિવારના ત્રણેયના મૃતદેહો મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. બનાવની જાણ થતા પોલીસ અને ફોરેસ્ટ ખાતાનો ઉચ્ચ અધિકારીનો કાફલો બનાવ સ્થળે દોડી આવ્યો હતો. દરમિયાન ફરિયાદી પતિ જ શંકાના દાયરામાં હોવાનું જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું.

આ બનાવ અંગે મળતી વિગતો મુજબ ભાવનગરના ફોરેસ્ટ અધિકારી શૈલેષભાઈ ખાંભલીયાના પત્ની નયનાબેન શૈલેષભાઈ રબારી ઉ. વ. ૪૦ અને તેમના બે બાળકો, દીકરી પૃથા શૈલેષભાઈ રબારી ઉ.વ.૧૩ રઅને દીકરો ભવ્ય શૈલેષભાઈ રબારી ઉ. વ. ૯ છેલ્લા ૧૦ દિવસથી લાપતા હતા. પરિવારજનો દ્વારા તેમની શોધખોળ કરવામાં આવી રહી હતી. આ અંગે ગત તારીખ ૫ નવેમ્બરના રોજ ફોરેસ્ટ અધિકારી શૈલેષભાઈ ખાંભલીયા એ ભરતનગર પોલીસ સ્ટેશનમાં તેની પત્ની અને બે બાળકો સુરત જવા ગયા હતા પરંતુ સુરત પહોંચ્યા નથી અને ગુમ થયા છે તેવી ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ બે દિવસ પહેલા રબારી સમાજના આગેવાનોએ જિલ્લા પોલીસ વડાને આ અંગે રજૂઆત પણ કરી હતી. પોલીસે આ અંગે તપાસ હાથ ધરી હતી.

આ દરમિયાન રવિવારે પોલીસને ફોરેસ્ટ કોલોની નજીકની જમીનમાંથી દુર્ગંધ આવતી હોવાની બાતમી મળી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને શંકાસ્પદ જગ્યાએ ખોદકામ કરતાં ત્યાંથી એક પછી એક ત્રણ મૃતદેહો મળી આવ્યા હતા, જે કોહવાઈ ગયેલી હાલતમાં હતા. મૃતદેહોની ઓળખ ગુમ થયેલ ફોરેસ્ટ અધિકારીના પરિવારજનો નયનાબેન રબારી અને તેમના બે બાળકો પૃથા અને ભવ્ય હોવાનું ખુલતા પોલીસ અધિકારીઓ પણ ચોકી ઉઠ્યા હતા. આ અંગે પોલીસે ફોરેસ્ટ વિભાગને જાણ કરતા ફોરેસ્ટ ખાતા ના અધિકારીઓ પણ બનાવ સ્થળે દોડી આવ્યા હતા. અને ત્રણેય મૃતદેહોને બહાર કાઢી પીએમ માટે હોસ્પિટલ ખસેડ્યા હતા.

એક સાથે માતા અને બે બાળકોના મૃતદેહ દાટેલી હાલતમાં મળી આવતા આ ઘટના હત્યા હોવાની પ્રબળ આશંકા છે. પોલીસે તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓને જાણ કરી હતી અને ડોગ સ્ક્વોડ તથા એફએસએલની ટીમને પણ ઘટનાસ્થળે બોલાવી પુરાવા એકત્રિત કરવાની કામગીરી શરૂ કરી છે. ત્રણેય મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસ હાલમાં આ કેસમાં હત્યાનો ગુનો નોંધીને તપાસ કરી રહી છે અને પરિવારના સભ્યો સહિત આસપાસના લોકોની પૂછપરછ શરૂ કરી દીધી છે. આ સનસનાટીભર્યા કેસમાં પોલીસની શંકાની સોય પરિવારના નજીકના સભ્યો પર જ હોવાનું મનાઈ રહ્યું છે અને મોટો ખુલાસો થવાની સંભાવના છે. દરમિયાન ભાવનગર જિલ્લા પોલીસ વડા નીતિશ પાંડ્યેએ ફરિયાદી પતિ જ શંકાના દાયરામાં હોવાનું મીડિયાની સાથે વાતચીત કરતા જણાવ્યું હતું.■

# રાજસ્થાનના રણુજા જઈ રહેલા ગુજરાતના પાંચ યાત્રાળુના અકસ્માતમાં જીવ ગયાઃ સાબરકાંઠામાં બે યુવકનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતથી રાજસ્થાન રામદેવરાના રણુજા દર્શને જઈ રહેલા પાંચ યાત્રાળુના જોધપુર જિલ્લાના બાલેસર પાસે નેશનલ હાઈવે પર અકસ્માતમાં મોત નિપજ્યાં હતાં. યાત્રીઓના મિની ટેમ્પોને પૂરપાટ આવતા ટ્રેલરે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો અને ત્રણ જણના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં જ્યારે સારવાર દરમિયાન બે યાત્રાળુના મોત નિપજતા કુલ પાંચ યાત્રી મોતને ભેટ્યા હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી. આ સાથે અન્ય દસ જણને ઈજા પહોંચી હોવાની માહિતી પણ મળી હતી. આ મૃતકોમાં સાબરકાંઠા પુંસરીના બે અને અરવલ્લીના ત્રણ લોકો હોવાનું જાણવા મળ્યું હતું.

અકસ્માત રવિવારે વહેલી સવારે લગભગ ૫.૩૦ આસપાસ થયો હતો. શિયાળાને કારણે વાતાવરણમાં ધુમ્મસનું પ્રમાણ વધારે હોવાની અને તેથી વિઝિબિલિટી ઓછી હોવાને કારણે અકસ્માત થયો હોવાનું માનવામાં આવે છે. જોકે ટ્રેલરની સ્પીડ જોતા વાહનચાલકની બેદરકારી પણ કારણભૂત હોવાનું કહેવામાં આવે છે. ઘટના બાદ સ્થાનિકો એકત્ર થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલે પહોંચાડવાની કામગીરીમાં પોલીસની મદદ કરી હતી. પોલીસ આ કેસમાં વધુ તપાસ હાથ ધરી રહી છે.

અન્ય એક ઘટનામાં રાજ્યના સાબરકાંઠાના પોશિના તાલુકામાં ચંદ્રાના ગામ પાસે બે કમાન્ડર જીપ વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ટક્કર બાદ બંને જીપ રસ્તા પરથી ખાડામાં પડી ગઈ હતી. એક યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે બીજા યુવકનું સારવાર દરમિયાન મોત થતાં મૃત્યુઆંક ૨ થયો હતો. આ અકસ્માતમાં ૧૮થી વધુ લોકો ઘાયલ થયા હતા, જેમને હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

# બીએલઓની ડ્યૂટી સામે શિક્ષકોનો વિરોધઃ ધરપકડના વોરંટથી રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણા કાર્યક્રમ એટલે કે સર (જીઈછ - જાયભશફહ ઈંક્ષ- યિંક્ષતશદય છ્યદશતશજ્ઞક્ષ) ની કામગીરી અંતર્ગત સરકારી અને કોર્પોરેશન સ્કૂલના શિક્ષકોને અપાયેલી બૂથ લેવલ ઓફિસર (બીએલઓ)ની કામગીરીના કારણે રાજ્યભરમાં ઉગ્ર વિરોધ વધી રહ્યો છે. પ્રાથમિક શિક્ષક મહાસંઘ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપવા ઉપરાંત મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને પણ લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળ દ્વારા પણ શિક્ષકોને પડી રહેલી હાલાકી અને અભ્યાસ પર પડતી અસર મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી.

હાલ ચાલતી ચૂંટણી પંચની એસઆઇઆર કામગીરીમાં ગુજરાતના લગભગ ૪૦ હજાર શિક્ષકોને રોકવામાં આવ્યા છે ત્યારે ગુજરાતની શાળાઓના બાળકો શિક્ષક વગરના થઈ ગયા છે. આવી સ્થિતિમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ દ્વારા ચૂંટણી પંચની તમામ કામગીરી માટે અલગ કેડરની રચના કરવામાં આવે એવી માંગણી કરવામાં આવી છે. શૈક્ષણિક સંઘોની ફરિયાદ છે કે સરકારી અને કોર્પોરેશન સ્કૂલોના શિક્ષકોને બીએલઓની જે કામગીરી સોંપાય છે, તેમાં શિક્ષકોને ભારે હાલાકી પડી રહી છે.

ચૂંટણી પંચ દ્વારા યાદી શુદ્ધ સુધારણા માટેના જે ફોર્મ આપવામાં આવ્યા છે તે ફોર્મમાં પણ શિક્ષકોના પર્સનલ નંબર લખવામાં આવ્યા છે જેને કારણે તેમને ભારે હેરાનગતિ થઈ રહી છે જેથી સંઘોએ કોમન હેલ્પલાઇન નંબર ફોર્મમાં આપવા માટે માંગણી કરી હતી. આ ઉપરાંત ફોર્મ વિતરણ તેમજ કલેક્શન અને મતદારોને માર્ગદર્શનથી માંડી ફોર્મ સ્કેનિંગ સહિતની વિવિધ કામગીરી સોંપાતા શિક્ષણ કાર્ય પર અસર પડી છે. ઘણી સરકારી સ્કૂલોમાં ૫૦ ટકા શિક્ષકોને કામગીરી સોંપાતા અભ્યાસને નુકસાન થઈ રહ્યું છે. પ્રાથમિક શિક્ષક મહાસંઘે મુખ્ય પ્રધાન અને મુખ્ય ચૂંટણી અધિકારીને ફરિયાદ કરતા રજૂઆત કરવામાં આવી છે કે હાલ જેટલા કર્મચારીઓને ઓર્ડર કરવામાં આવ્યા છે તેમાં ૯૦ ટકા શિક્ષકો છે.

કામગીરીમાં હાજર ન રહેતા કેટલાક શિક્ષકો સામે પકડ વોરંટ પણ કાઢવામાં આવ્યા છે. આ પ્રથા બંધ થવી જોઈએ અને શિક્ષકોને પૂરતી તક મળવી જોઈએ. માનવતા પૂર્ણ પ્રક્રિયા થાય તે જરૂરી છે. વધુમાં બી.એલ.ઓ.ની કામગીરી માટે એક અલાયદી કેડર જ ઊભી કરવામાં આવે તો મુશ્કેલી ઊભી ન થાય. જ્યારે અમદાવાદ મ્યુનિસિપલ શિક્ષક મંડળ દ્વારા મુખ્ય સચિવને લેખિત રજૂઆત કરવામાં આવી છે કે હાલ વર્ગખંડોમાં બાળકોના અભ્યાસ પર ખૂબ જ ગંભીર અસર પડી રહી છે. ■

# અમદાવાદના તમામ હુક્કાબાર પર દરોડાઃ નિકોટિનયુક્ત ફ્લેવર સહિતનો માલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં હુક્કાબાર પર સંપૂર્ણ પ્રતિબંધ હોવા છતાં, કેટલાક સંચાલકો કાયદાનું ઉલ્લંઘન કરીને યુવાધનના સ્વાસ્થ્યને જોખમમાં મૂકી રહ્યા છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવા માટે ક્રાઇમ બ્રાન્ચે કડક કાર્યવાહી હાથ ધરી હતી. અમદાવાદને નશામુક્ત બનાવવાની દિશામાં વધુ એક પગલું ભરતાં, અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે શહેરના જુદા-જુદા વિસ્તારોમાં ચાલતા ગેરકાયદેસર હુક્કાબાર પર તવાઈ બોલાવી હતી. પોલીસની આ કાર્યવાહીમાં અનેક હુક્કાબાર ઝડપાયા હતા અને મોટા પ્રમાણમાં પ્રતિબંધિત નિકોટીનયુક્ત ફલેવર તથા હુક્કાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. યુવાધનને નશાના રવાડે ચઢાવતા આ ધંધા પર પોલીસે અણધારી રેડ કરીને સંચાલકોમાં ફફડાટ ફેલાવી દીધો છે.

ક્રાઇમ બ્રાન્ચને શહેરના પોશ વિસ્તારો સહિત અનેક જગ્યાએ કેફે અને રેસ્ટોરન્ટના નામે ગેરકાયદેસર હુક્કાબાર ચાલતા હોવાની બાતમી મળી હતી. આ માહિતીના આધારે, ક્રાઇમ બ્રાન્ચની ટીમોએ એકસાથે અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન, કાફેની આડમાં ચાલતી ગેરકાયદેસર હુક્કાની મહેફિલોનો પર્દાફાશ થયો હતો.

પોલીસ દ્વારા પકડાયેલા હુક્કાબારમાંથી મોટા ભાગે 'ધ હર્બલ હુક્કા'ના નામે ગેરકાયદેસર રીતે નિકોટિનયુક્ત ફલેવર પીરસવામાં આવતી હતી. રેડ દરમિયાન, પોલીસે મોટી સંખ્યામાં હુક્કાના પોટ, જુદી-જુદી પ્રતિબંધિત ફલેવરના પેકેટ્સ, નિકોટિનયુક્ત તમાકુ અને અન્ય આનુષંગિક વસ્તુઓ જપ્ત કરી હતી.■

# ગાંધીનગર ગિફ્ટ સિટીમાં રાજ્યનું સૌપ્રથમ એઆઈ ડેટા સેન્ટર બનશે, ૪૦ મેગાવોટની ક્ષમતા રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત અને દેશની ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતાને આગળ ધપાવતાં ગાંધીનગરસ્થિત ગિફ્ટ સિટીમાં રાજ્યનું સૌપ્રથમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) ડેટા સેન્ટર ઊભું કરવા માટે સરકારે તૈયારીઓ શરૂ કરી છે. આ સેન્ટરની ક્ષમતા ૪૦ મેગાવોટ સુધીની રહેશે અને ગિફ્ટ સિટીના માસ્ટર પ્લાન મુજબ તેને વર્ટિકલ ફોર્મેટમાં વિકસાવવામાં આવશે તેવું સૂત્રોએ જણાવ્યું હતું. પ્રોજેક્ટના અમલીકરણ અને નિર્માણ માટેની ટેન્ડરની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. પ્રોજેક્ટ તબક્કાવાર પૂર્ણ કરવામાં આવશે અને તેની સમયરેખા માગ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયારીઓ સાથે જોડાઈને આગળ વધશે.

દેશમાં ઝડપી વધતા એઆઈ-કમ્પ્યુટરની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ સેન્ટર અત્યંત મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. એઆઈ આધારિત વર્કલોડ ટ્રેનીંગથી લઈને ઇન્ફરન્સ સુધી મોટા પ્રમાણમાં હાઈ-પરફોર્મન્સ કમ્પ્યુટિંગની માગ કરે છે, જેને ધ્યાનમાં રાખીને ડેટા સેન્ટરની ડિઝાઇન ખાસ એઆઈ માટે ઓપ્ટિમાઈઝ કરવામાં આવશે.

પરંપરાગત ડેટા સેન્ટરથી અલગ, ગિફ્ટ સિટીમાં બનતું આ સેન્ટર વર્ટિકલ આર્કિટેક્ચર અપનાવશે, જેથી જમીનનો અસરકારક ઉપયોગ થાય, ઓપરેશનલ કાર્યક્ષમતા વધે અને ઊર્જા બચત શક્ય બને. ગિફ્ટ સિટી પહેલેથી જ ટેકફિન કંપનીઓ, બૅન્કો અને આંતરરાષ્ટ્રીય સ્ટોક અને બુલિયન એક્સચેન્જ માટે એક મુખ્ય હબ તરીકે ઊભરી રહ્યું છે.

સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે મોટા પાયે નાણાકીય ટ્રાન્ઝેક્શન ડેટાની રિયલ-ટાઈમ પ્રોસેસિંગ, ફ્રોડ ડિટેક્શન અને આંતરરાષ્ટ્રીય નિયમનકારી પાલન પ્રક્રિયાઓમાં એઆઈ આધારિત વિશ્લેષણ અત્યંત અસરકારક સાબિત થશે. આ સેન્ટરથી ટેકફિન કંપનીઓ, વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો (જીસીસી) અને બીએફએસઆઈ સેક્ટરના રોકાણમાં પણ વધારો થવાની સંભાવના છે.

સેન્ટર માટે લિક્વિડ કુલિંગ ટેકનોલોજી અને એડવાન્સ પાવર સિસ્ટમ્સ જરૂરી રહેશે અને તેને વૈશ્વિક ધોરણો મુજબ વિકસાવવામાં આવશે. ગિફ્ટ-આઈએફએસસીમાં પહેલેથી જ ત્રણ આંતરરાષ્ટ્રીય એક્સચેન્જ કાર્યરત છે અને મજબૂત પાવર ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ હોવાથી પ્રોજેક્ટને વધારાનો લાભ મળશે.

તેમજ વધતી એઆઈ/એમએલ વર્કલોડ, હાઈ-પરફોર્મન્સ ક્લાઉડ સિસ્ટમ્સ અને એન્ટરપ્રાઈઝ એપ્લિકેશન્સની માગને પહોંચી વળવા આ આગામી પેઢીનું સેન્ટર એક મહત્વપૂર્ણ હબ બની રહેશે. વર્ટિકલ ફોર્મેટ જમીનના ઓછા વિક્ષેપ સાથે વધુ ટકાઉ અને સ્પેસ-એફિશિયન્ટ મોડેલ પ્રદાન કરશે. પ્રોજેક્ટ હાઈપરસ્કેલ અને એઆઈ-રેડી ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં રસ ધરાવતા સ્થાનિક અને વૈશ્વિક વ્યવસાયકારોને આકર્ષી શકે છે. આ પ્રોજેક્ટ સત્વરે શરૂ થાય તે માટે સરકારે યુદ્ધના ધોરણે તૈયારીઓ શરૂ કરી છે. ■

# ભાજપ પ્રદેશ પ્રમુખની આગેવાનીમાં અમદાવાદમાં યુનિટી માર્ચ યોજાઈ

## સરદાર પટેલનો ટેબ્લો અને ૬૦૦ મીટર લાંબો રાષ્ટ્રધ્વજ આકર્ષણનું કેન્દ્ર બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે, 'સરદાર ૧૫૦' અભિયાન હેઠળ અમદાવાદમાં ૧૬મી નવેમ્બરથી એકતા અને સામાજિક જાગૃતિના સંદેશ સાથે યુનિટી માર્ચનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને કૃષિ પ્રધાન જીતુ વાઘાણીની આગેવાનીમાં આ યાત્રાનું આયોજન થયું હતું. અમદાવાદના વિરાટનગર વોર્ડ ખાતે તેમણે યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

યુનિટી માર્ચનો પ્રારંભ અમદાવાદના નિકોલ વિધાનસભા હેઠળ આવતા વિરાટનગર વોર્ડના ફુવારા સર્કલ પાસેથી થયો હતો. આ પ્રસંગે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, રાજ્યકક્ષાના પ્રધાન દર્શનાબેન વાઘેલા, મેયર પ્રતિભા જૈન સહિત પાટીદાર નેતાઓ અને કાર્યકર્તાઓ જોડાયા હતા. પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ઠક્કરબાપા નગર રોડ પરના જીવણવાડી સર્કલ પાસે આવેલી સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર કરી સુતરની આંટી પહેરાવી હતી. જગદીશ વિશ્વકર્માએ વિરાટનગર ફુવારા સર્કલથી નિકોલ સ્વામિનારાયણ મંદિર સુધી લગભગ બે કિલોમીટર જેટલી પદયાત્રા પૂર્ણ કરી હતી.

દિવસ દરમિયાન નિકોલની યુનિટી માર્ચ બાદ, સાંજે સાબરમતી વિધાનસભા મત વિસ્તારમાં પણ યુનિટી માર્ચ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ યાત્રા રાણીપના સરદાર ચોકથી શરૂ થઈને સરદારબાગ ન્યુ રાણીપ ખાતે પૂર્ણ થઈ હતી. સાબરમતી વિધાનસભાના ભાજપના ધારાસભ્ય ડૉ. હર્ષદ પટેલની આગેવાનીમાં આ કાર્યક્રમ યોજાયો હતો. આ યુનિટી માર્ચ સરદાર પટેલની જન્મજયંતીના સંદેશને લોકો સુધી પહોંચાડવાની ભાજપની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

એકતા માર્ચને વધુ ભવ્ય અને આકર્ષક બનાવવા માટે તેમાં કેટલાક વિશેષ આયોજનો કરવામાં આવ્યા હતા. યાત્રામાં સરદાર પટેલના જીવન અને યોગદાનને દર્શાવતો ટેબ્લો અને ૬૦૦ મીટર લાંબો રાષ્ટ્રધ્વજ ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

આ માર્ચમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્કૂલના શિક્ષકો, પોલીસકર્મીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા, જે રાષ્ટ્રભાવનાની પ્રતીતિ કરાવતા હતા. ■

# નવસારીમાં લસણની આડમાં દમણથી જૂનાગઢ લઈ જવાતો ₹ એક કરોડથી વધુ કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારી એલસીબી પોલીસની ટીમે ટ્રકમાં લસણની આડમાં લઇ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ દારૂની કિંમત ૧ કરોડ રૂપિયાથી વધુ છે. આ દારૂ દમણથી જૂનાગઢ લઇ જવામાં આવતો હતો, પોલીસે દારૂ અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૧.૧૧ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. એલસીબી કચેરી દારૂના બોક્સથી છલકાઈ ગઈ હતી.

મળતી માહિતી મુજબ નવસારી એલસીબી પોલીસની ટીમે ને.હા.નં. ૪૮ મુંબઈથી અમદાવાદ જતી ટ્રેક ઉપર ખારેલ ઓવર બ્રિજ તુલસી હોટલની પાસે નાકાબંધી કરી હતી. દરમ્યાન ટ્રક આવતા તેને રોકીને તપાસ કરતા લસણની આડમાં લઇ જવાતો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૧,૧,૮૮,૭૨૦ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો, ૧૦ લાખની કિંમતની એક ટ્રક, ૧૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ ૧,૧૧,૯૮,૭૨૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. કઈઇ કચેરી દારૂના બોક્સથી છલકાઈ ગઈ હતી.

આ ઘટનામાં પોલીસે ટ્રક ચાલક દેવા ઉર્ફે ડી.એન. નારણભાઈ કરશનભાઈ સાવધારીયા (૨૬)ને ઝડપી પાડ્યો હતો, તેમજ આ બનાવમાં દારૂનો જથ્થો મંગાવનાર તેમજ ભરાવનારને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે જેમાં કિશન ઉર્ફે બોડો લખણભાઈ રાડા અને ને.હા.નં. ૪૮ બગવાડા ટોલનાકા સુધી દારૂના જથ્થા સહિતની ટ્રક આપી જનાર કિશનના માણસને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આ મામલે ગણદેવી પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે. તેમજ આ દારૂ દમણથી જૂનાગઢ ખાતે લઇ જવામાં આવતો હોવાનું બહાર આવ્યું હતું. ■

# અનુસૂચિ પાંચનો અમલ કરો નહીંતર નેપાળ જેવા હાલ થશેઃ ચૈતર વસાવાની ચીમકી

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ડેડિયાપાડા ખાતે જાહેરસભાને સંબોધન કર્યું હતું અને આદિવાસીઓના કલ્યાણ માટે કેન્દ્ર સરકારે કરેલી યોજનાઓની વાત કરી હતી ત્યારે બીજી બાજુ ડેડિયાપાડાથી થોડે દૂર આવેલા નેત્રંગમાં અહીંના આમ આદમી પક્ષના વિધાનસભ્ય ચૈતર વસાવાએ પણ જંગી સભાને સંબોધી હતી અને સરકારને ગુજરાતમાં અનુસૂચિ પાંચ લાગુ કરવા કહ્યું હતું અને જો નહીં કરવામાં આવે તો નેપાળ જેવી રાજકીય સ્થિતિ અહીં પણ ઉદ્ભવી શકે છે, તેમ પણ જણાવ્યું હતું.

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જયંતી નિમિત્તે વસાવાએ જંગી રેલી કાઢી હતી અને ત્યારબાદ સભાને સંબોધી હતી. બંધારણમાં આપેલી અનુસૂચિ પાંચને ગુજરાતમાં લાગુ ન કરવા બદલ સરકારની ઝાટકણી કાઢી હતી.

વસાવાએ આદિવાસીઓનું દરેક સમયમાં શોષણ થયું હોવાનો મુદ્દો ઉઠાવતા જણાવ્યું હતું કે મુઘલોથી લઈને અંગ્રેજો સુધી અનેક લોકોએ આપણું શોષણ કર્યું અને હાલમાં પણ આપણું શોષણ થઈ રહ્યું છે. બંધારણમાં અનુસૂચિ પાંચ આદિવાસી લોકો માટે બનાવાઈ છે, પરંતુ ગુજરાતમાં આજ દિન સુધી તેનો અમલ થયો નથી. જ્યારે આસામ, સિક્કિમ, મિઝોરમ, નાગાલેન્ડ અને મેઘાલય જેવાં રાજ્યોમાં બંધારણની અનુસૂચિ છનો સમાવેશ કરવામાં આવ્યો છે. વસાવાએ આદિવાસીઓને એક થઈ લડત આપવા જણાવ્યું હતું. ■

# લિફ્ટ આપવાનું વડોદરાની કૉલેજના પ્રોફેસરને ભારે પડ્યું, નશીલો પદાર્થ સુંઘાડી લૂંટી લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં લૂંટનો ચોંકાવનારો બનાવ પ્રકાશમાં આવ્યો હતો. પારૂલ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અને શહેરના વાઘોડિયા રોડ પર રહેતા કુશ ભૂષણવાર મધ્ય પ્રદેશથી પરત ફરી રહ્યા હતા તે દરમિયાન લિફ્ટ આપેલા પેસેન્જરે તેમને નશીલો પદાર્થ સુંઘાડીને બેભાન કરી દીધા બાદ રૂ. ૧.૬૧ લાખની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી હતી. તે ઉપરાંત પ્રોફેસરના ક્રેડિટ કાર્ડના પાસવર્ડનો ઉપયોગ કરીને રૂ. ૨.૪૦ લાખની રકમ ઉપાડી લીધી હતી. આ અંગે હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ઘટનાની વિગતો અનુસાર, મૂળ મધ્ય પ્રદેશના અને હાલ વડોદરાના વાઘોડિયા રોડ પર રહેતા કુશ, એક ખાનગી યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. હરણી પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, કુશે ઈન્દોરથી વડોદરા મુસાફરી કરવા માટે કારપૂલિંગ એપ પર પોતાનો પ્રવાસ પ્લાન પોસ્ટ કર્યો હતો.

સુખી નામના એક વ્યક્તિએ આમાં સીટ બુક કરાવી હતી. બંનેએ સાથે મુસાફરી શરૂ કરી અને જ્યારે કાર વહેલી સવારે લગભગ ૧:૩૦ વાગ્યે દાહોદ પહોંચી, ત્યારે સુખીએ કુશને કહ્યું, તમે થાકી ગયા હશો, મને ડ્રાઇવિંગ કરવા દો.

કુશે વિશ્વાસ કરીને સુખીને વાહન ચલાવવા દીધું હતું. આ પછી તરત જ કુશ ઊંઘી ગયા હતા પણ તેઓ લગભગ ૧૬ કલાક બાદ બીજા દિવસે સાંજે ૫ વાગ્યે, વડોદરાના ગોલ્ડન ચોકડી નજીક જાગ્યા હતા. જાગતાની સાથે જ કુશે જોયું તો સુખી ગાયબ હતો અને તેમનો કીમતી સામાન જેમ કે ઘરેણાં, મોબાઇલ ફોન, પર્સ અને ક્રેડિટ કાર્ડ પણ ગાયબ હતા. તપાસમાં સામે આવ્યું કે આરોપીએ પ્રોફેસરનો સામાન ચોર્યા બાદ તેમના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને રૂ. ૨.૪૦ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા. આ ઘટના બાદ હરણી પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી. અંતે, વલસાડ સાયબર ક્રાઇમના અધિકારીઓને આ કેસમાં સફળતા મળી અને તેમણે આરોપીની ધરપકડ કરી. ■

# ઍરપોર્ટ પર આઠ કરોડનું ડ્રગ્સ જપ્તઃ બૅન્ગકોકથી આવેલા બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બે અલગ અલગ કેસમાં ઍરપોર્ટ કસ્ટમ્સના અધિકારીઓએ બૅન્ગકોકથી આવેલા બે પ્રવાસીને મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર પકડી પાડી તેમની પાસેથી અંદાજે આઠ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું.

કસ્ટમ્સનાં સૂત્રોના જણાવ્યા મુજબ પહેલા કેસમાં શનિવારે બૅન્ગકોકથી આવેલા એમ. વી. તિવારી (૨૨)ને આંતરવામાં આવ્યો હતો. તિવારી પ્રતિબંધિત ડ્રગ્સ લાવ્યો હોવાની માહિતી અધિકારીને મળી હતી.

ઉલ્હાસનગરમાં રહેતા તિવારી પાસેની ટ્રોલી બૅગની તપાસ કરતાં ડ્રગ્સનાં પૅકેટ્સ મળી આવ્યાં હતાં. તપાસ કરતાં પૅકેટ્સમાં ઉચ્ચ ગુણવત્તાવાળો ગાંજો હોવાનું જણાયું હતું. તેની પાસેથી અંદાજે ૪.૮૬ કરોડ રૂપિયાનો ગાંજો જપ્ત કરવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

શનિવારે જ અધિકારીઓએ બીજા એક કેસમાં મલાડના રહેવાસી ખાન મોહમ્મદ અયુબ (૨૬)ને ઍરપોર્ટ પરથી તાબામાં લીધો હતો. બૅન્ગકોકથી આવેલો અયુબ પણ ડ્રગ્સની તસ્કરીમાં સંડોવાયેલો હોવાની માહિતી અધિકારીને મળી હતી.

# થાણેમાં ચાલીનો હિસ્સો તૂટી પડ્યોઃ 30 રહેવાસીઓનો સુરક્ષિત બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેમાં ગ્રાઉન્ડ પ્લસ બે માળની ચાલીનો પહેલા માળની ગેલેરીનો અમુક હિસ્સો તૂટી પડતા ૩૦થી વધુ રહેવાસીઓ ઉપરના માળા પર ફસાઈ ગયા હતા, તેમને સુરક્ષિત રીતે બચાવી લેવામાં સફળતા મળી હતી.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ થાણે જિલ્લાના દીવા(પૂર્વ)માં દીવા મહોત્સવ મેદાન પાસે સાબેગાવમાં સાવળારામ સ્મૃતિ ચાલ આવેલી છે. ગ્રાઉન્ડ પ્લસ બે માળનું આ મકાન ૨૦થી ૨૫ વર્ષ જૂનું છે. શનિવારે મોડી રાતના લગભગ ૧૧.૩૦ વાગ્યાની આસપાસ ચાલીના પહેલા માળાની ગેલેરીનો અમુક ભાગ તૂટી પડ્યો હતો.

થાણે પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ આ દુર્ઘટના રાતના બની હોવાથી એ સમયે મોટાભાગના લોકો પોતાના ઘરમાં સૂઈ રહ્યા હતા.

જોકે ચાલીનો પહેલો માળનો હિસ્સો તૂટી જતા ઉપરના માળા પર રહેવાસીઓ બહાર નીકળી શક્યા નહોતા.

# ગોંડલ સંપ્રદાયના પૂ. હર્ષાબાઈ મ.સ. કાળધર્મ પામ્યા : જામનગરમાં પાલખીયાત્રા

મુંબઈ : ગોંડલ સંપ્રદાયના આચાર્ય પૂ. શ્રી જશાજીસ્વામીના પરિવારના પૂ. વખતબાઈ મ.સ., પૂ. દયાબાઈ મ.સ. ના સુશિષ્યા બા.બ્ર. પૂ. હર્ષાબાઈ મ.સ. ૫૫ વર્ષની વયે ૩૦ વર્ષના દીક્ષા પર્યાય સહિત કેન્સરની બિમારીમાં સમતાભાવે તા. ૧૫-૧૧-૨૫ના રાત્રે ૮:૪૫ કલાકે કાળધર્મ પામ્યા છે. પૂ. વિશાખાબાઈ મ.સ., પૂ. કુંદનબાઈ મ.સ. વૈયાવચ્ચમાં હતા.

જામનગરમાં તા. ૧૬/૧૧/૨૫ને રવિવારે બપોરે ૩:૩૦ કલાકે પાલખીયાત્રા ચાંદીબજાર, હેમલતાબેન મનસુખલાલ શાહ ઉપાશ્રયેથી નીકળશે. ગોંડલ ગચ્છ શિરોમણી પૂ. જસરાજજી મ.સા. તથા પૂ. ધીરજમુનિ મ.સા. એ ભાવાંજલિ અર્પણ કરી પંકજભાઈ શાહની વૈયાવચ્ચને બિરદાવી હતી.

ગોંડલના સરોજબેન અને જયવંતલાલ રતિલાલ કોઠારી ના પુત્રી હર્ષાબહેને ૪-૨-૧૯૯૬ દીક્ષા અંગીકાર કરેલ હતી.

# વ્યંડળોનું બળજબરીથી ધર્માંતરણ કરાવવાનું રેકેટઃ ભાજપના નેતાનો દાવો

## ઈસ્લામમાં ધર્માંતરણ કરાવવા માટે એક રેકેટ કાર્યરત

અમરાવતી (મહારાષ્ટ્ર): ભાજપના રાજ્યસભા સભ્ય અનિલ બોંડેએ આરોપ લગાવ્યો છે કે મહારાષ્ટ્રના અમરાવતી અને યવતમાળ જિલ્લામાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને બળજબરીથી ઇસ્લામમાં ધર્માંતરણ કરાવવા માટે એક રેકેટ કાર્યરત છે.

બોંડેએ શનિવારે અહીં પત્રકારોને જણાવ્યું હતું કે અમરાવતીના કેટલાક ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓએ બળજબરીથી ધર્માંતરણની ફરિયાદ સાથે તેમનો સંપર્ક કર્યો હતો, જેના કારણે સમુદાયમાં ભયનું વાતાવરણ સર્જાયું છે.

તેમણે કહ્યું કે, ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં આ વર્ષની શરૂઆતમાં યોજાયેલા કુંભ મેળામાં એક ધાર્મિક વિધિ દ્વારા કેટલાક અસરગ્રસ્ત વ્યક્તિઓ ફરીથી હિન્દુ ધર્મમાં ધર્માંતરણ થયા હતા.

બોંડેએ કહ્યું કે તેઓ આ મુદ્દા વિશે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને જાણ કરશે અને આ મામલે તાત્કાલિક પોલીસ કાર્યવાહી કરવાની માગ કરશે.

# નવી મુંબઈ એરપોર્ટ પહોંચવા સિડકો બાંધશે બે કોસ્ટલ રોડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દેશના આર્થિક પાટનગર મુંબઈ બાદ હવે નવી મુંબઈમાં પણ કોસ્ટલ રોડ યોજના હાથ ધરવામાં આવી છે. સિડકો (સીટી એન્ડ ઈન્ડિસ્ટ્રિલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન ઓફ મહારાષ્ટ્ર)એ ખારઘર-સીબીડી બેલાપુર કોસ્ટલ રોડ અને ઉલવે કોસ્ટલ રોડનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. આ બંને રોડ નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટને સીમલેસ કનેક્ટિવિટી પૂરી પાડવાની સાથે જ ટ્રાફિકને ઓછો કરવામાં મદદરૂપ થશે.

ખારઘર-સીબીડી બેલાપુર કોસ્ટલ રોડ ૧,૦૨૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવશે. આ કોસ્ટલ રોડથી બંને ઉપનગર વચ્ચેની મુસાફરીનો સમય હાલનો ૩૦થી ૪૦ મિનિટનો છે, તેમાં મોટા ઘડાટો થવાની શકયતા છે. આ કોરિડોર ૩૦ મીટર પહોળો અને ૯.૬૭૮ કિલોમીટર લાંબો હશે, જેમાંથી ૬.૯૬ કિલોમીટરનો નવો રસ્તો હશે તો હાલના રસ્તાનો ઉપયોગ આ કોરિડોરમાં કરવામાં આવશે.

આ રોડ ખારઘરમાં સેકટર-૧૬માં જલમાર્ગથી શરૂ થશે અને ખારઘર રેલવે સ્ટેશન પાસેથી પસાર થશે અને નેરુલમાં ડીપીએસ પાસે પૂરો થશે, જે પામ બીચ રોડને જોડે છે. સિડકોના અધિકારીએ જણાવ્યું હતું સાયન-પનવેલ એક્સપ્રેસ પર એક ઈન્ટરચેન્જ નવી મુંબઈ ઈન્ટરનેશનલ એપોર્ટ સુધી સીમલેસ એક્સેસ પૂરું પાડશે અને નવી મુંબઈના સૌથી વ્યસ્ત રોડ પરના ટ્રાફિકના દબાણને ઘટાડવામાં મદદ મળશે.

આ પ્રોજેક્ટને મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી તરફથી તમામ મંજૂરીઓ મળી ગઈ છે. બાંધકામની શરૂઆત ૨૦૨૬ની શરૂઆતમાં થવાની ધારણા છે અને કામ ૨૦૨૮ના અંતમાં પૂરું કરવાનું લક્ષ્ય છે.

છ લેનના સાત કિલોમીટર લાંબા ઉલ્વે કોસ્ટલ રોડનું કામ ૬૦ ટકા સુધી થઈ ગયું છે અને ૨૦૨૬ના અંત સુધીમાં પ્રોજેક્ટ પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. લગભગ ૧,૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવેલા આ પ્રોજેક્ટમાં ૫.૮ કિલોમીટરનો કોસ્ટલ સેકશન અને ૯૦૩ મીટરનો એલિવેટેડ એરપોર્ટ લિંક રોડનો સમાવેશ થાય છે, જે અટલ સેતુથી નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધી સીધો ટ્રાફિક સિગ્નલ મુક્ત પ્રવેશની સુવિધા ઉપલબ્ધ કરશે.

અધિકારીના જણાવ્યા મુજબ આ કોરિડોર આમરા માર્ગ અને નેશનલ હાઈવે ૩૪૮ને બાયપાસ કરશે, જેનાથી દક્ષિણ મુંબઈથી નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ સુધીનો મુસાફરીનો સમય ૨૫ મિનિટ સુધી ઘટશે. તે જવાહરલાલ નેહરુ પોર્ટ ઓથોરિટી (જેએનપીએ) અને નવી મુંબઈ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન સાથે કનેક્ટિવિટીને પણ મજબૂત બનાવશે.

# ભારતની રત્નો અને ઝવેરાતની નિકાસમાં ૩૧ ટકાનો ઘટાડો

મુંબઈ : અમેરિકા અને ભારત વચ્ચે ચાલી રહેલું ટેરિફ વોર અને બુલિયન બજારના સોના ચાંદીની કિંમતો વધઘટની અસર નિકાસ પર પડી છે, જેમાં ઓક્ટોબર માસમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે રત્ન અને ઝવેરાતની નિકાસમાં ઘટાડો થયો છે. ભારતની રત્નો અને ઝવેરાતની નિકાસ ગયા વર્ષના ઓક્ટોબરની સરખામણીમાં ૩૦.૫૭ ટકા ઘટીને રૂપિયા ૧૯,૧૭૨.૮૯૦ કરોડ થઈ છે.

આ અંગે જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર ઓક્ટોબર ૨૦૨૪ માં ભારતની કુલ રત્નો અને ઝવેરાતની નિકાસ રૂપિયા ૨૬,૨૩૭.૧ કરોડ હતી. જે આ વર્ષે સમાન સમયગાળામાં ૩૦.૫૭ ટકા ઘટીને રૂપિયા ૧૯,૧૭૨.૮૯૦ કરોડ થઈ છે. જ્યારે ઓક્ટોબરમાં કટ અને પોલિશ્ડ હીરાની નિકાસ ૨૬.૯૭ ટકા ઘટીને ૯૦૭૧.૪૧ કરોડ રૂપિયા થઈ છે. જે ગયા વર્ષે ઓક્ટોબરમાં ૧૧,૮૦૬.૪૫ કરોડ રૂપિયા હતી. ઓક્ટોબરમાં પોલિશ્ડ લેબ-ગ્રોન હીરાની નિકાસ પણ ૩૪.૯૦ ટકા ઘટીને ૮૩૪.૪૫ કરોડ રૂપિયા થઈ છે. જે ગત વર્ષના સમાન મહિનામાં ૧૨૧૮.૨૫ કરોડ રૂપિયા હતી.

ઓક્ટોબર માસમાં સોનાના ઝવેરાતની નિકાસ પણ ૨૮.૪ ટકા ઘટીને રૂપિયા ૭૫૨૦.૩૪ કરોડ થઈ છે જે ગયા વર્ષના ઓક્ટોબરમાં રૂપિયા ૯૯૭૫.૧૭કરોડ હતી. રંગીન રત્નોની નિકાસ એપ્રિલ-ઓક્ટોબર દરમિયાન ૩.૨૧ ટકા ઘટીને રૂપિયા ૨૧૭૩.૦૮ કરોડ થઈ છે. જે ગત વર્ષના સમાન સમયગાળામાં રૂપિયા ૨૧૬૩.૫૨ કરોડ હતી.

છેલ્લા પાનાનું ચાલુ

## સેલ્ફ રિડેવલપમેન્ટ

પર હાલમાં વિચાર કરવામાં આવશે નહીં, પણ ભવિષ્યમાં ફેર-વિચાર કરવામાં આવશે એવી સ્પષ્ટતા પણ કરી છે. તેથી સેલ્ફ હાઉસિંગ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે લોન આપવા બેંકે હવે અન્ય પર્યાયનો વિચાર કરવો પડવાનો છે.

મુંબઈ બેંક પાસે અત્યાર સુધી ૧,૬૦૦થી વધુ કૉપોરેટીવ હાઉસિંગ સોસાયટીઓએ સેલ્ફ રિડેવલપમેન્ટ માટે સંપર્ક સાધ્યો છે. તેમાંથી ૬૩ સહકારી સંસ્થાએ ૩,૩૪૮ કરોડ રૂપિયાના લોનની માગણી કરી છે. આ સંસ્થાએ જાતે ૩૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. આ સંસ્થાને લોન નહીં મળી તો પ્રોજેક્ટ રખડી પડશે. નેશનલ હાઉસિંગ બેંક હાઉસિંગ સોસાયટીઓને લોન આપતી ન હોવાને કારણે હવે આ સંસ્થાએ મુંબઈ બેંક પર મદાર રાખ્યો છે. મુંબઈ બેંકે તે માટે હવે સ્ટેટ કૉ-ઓપરેટીવ બેન્ક પાસે હાથ પહોળા કર્યા છે પણ તેમણે લોન સામે સિક્યોરિટી માગી હોઈ સંબંધિત સંસ્થાના પ્લોટ અને વેચાણ કરવાના ઘરને સિક્યોરિટી તરીકે રાખવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો છે. જોકે હજી સુધી રાજ્યની કૉપરેટીવ બેન્ક પાસેથી કોઈ પ્રતિસાદ મળ્યો નથી. હાઉસિંગ સોસાયટીને થઈ રહેલી અડચણને ધ્યાનમાં રાખીને મુંબઈ બેંક આગળ આવી છે. નેશનલ હાઉસિંગ બેંક પાસેથી રિફાઈનાન્સ મેળવવાનો પ્રયાસ કરી રહી છે. રિઝર્વ બેંકના ૧૩ ઑગસ્ટ, ૨૦૦૯માં સર્ક્યુલર મુજબ નેશનલ હાઉસિંગ બેંક એ ડિસ્ટ્રિક્ટ બેંકને રિફાઈન્સ કરી શકે છે. તેથી મુંબઈ બેંકે અરજી કરી હતી પણ નેશનલ હાઉસિંગ બેંકે તેમને અપાત્ર જાહેર કર્યા છે.

## મુંબઈમાં

અને કોલાબામાં ૨૨.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મુંબઈમાં નવ નવેમ્બરથી લઘુતમ તાપમાનમાં ઘટાડો શરૂ થયો હતો અને તે પહેલા ૨૦ ડિગ્રીથી નીચે ગગડીને ૧૯.૬ ડિગ્રી નોંધાયું હતું, જે મુંબઈમાં શિયાળાનું આગમન થઈ ગયું હોવાનું સંકેત આપે છે. મુંબઈમાં સામાન્ય રીતે નવેમ્બર અને ડિસેમ્બર દરમ્યાન હલકા શિયાળાનો અનુભવ થતો હોય છે. છેલ્લાં આખા અઠવાડિયા દરમ્યાન લઘુતમ તાપમાન ૧૮થી ૧૯ ડિગ્રીની આસપાસ રહ્યું છે, જેમાં ૧૬ નવેમ્બરના પહેલી વખત ૧૮ ડિગ્રીથી નીચે નોંધાયો હતો.

## સીએનજી સપ્લાયને

પબ્લિક ટ્રાન્સપોર્ટ માટેના સમર્પિત સીએનજી સ્ટેશનનો કામ કરી શકશે નહીં. ગેસ પુરવઠો ક્યારે પૂર્વવત્ થશે તે માટે કંપનીએ કોઈ સમયમર્યાદા આપી નથી તેમ જ મહત્ત્વપૂર્ણ પાઈપલાઈનમાં થયેલા નુકસાન બાબતે પણ કોઈ વિગતવાર માહિતી આપી નહોતી. મહાનગર ગેસ લિમિટેડે અસરગ્રસ્ત વિસ્તારોમાં તેના ઈન્ડ્રસ્ટ્રિયલ અને કમર્શિયલ ગ્રાહકોને વૈકલ્પિક ઈંધણ પર સ્વિચ કરવાની સલાહ આપી હતી. તેમ જ વડાલામાં યોગ્ય થયેલા નુકસાન સુધાર્યા પછી અને વડાલામાં પુરવઠો પુનઃસ્થાપિત કર્યા બાદ મહાનગર ગેસ લિમિટેડના નેટવર્કમાં ગેસ પુરવઠો સામાન્ય થશે એવું નિવેદન પણ મહાનગર ગેસ લિમિટેડે આપ્યું હતું.

## દિલ્હીમાં

બચાવવા માટે આ બેઠક યોજી હતી. આ કેસમાં નિયુક્ત કરાયેલી તપાસ સમિતિનો રિપોર્ટ ટૂંક સમયમાં બહાર આવશે. આ કારણે પાર્થ અને અજિત પવારના સમર્થકો ચિંતિત છે. બીજી તરફ મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નજીક આવી રહી છે, ત્યારે અજિત પવાર અને અમિત શાહ વચ્ચેની મુલાકાતે બધાનું ધ્યાન ખેંચ્યું છે. આ દરમિયાન અજિત પવારના સાથી અને એનસીપી સાંસદ પ્રફુલ પટેલે આ મુલાકાત વિશે સ્પષ્ટતા આપી. તેમણે કહ્યું હતું કે, અજિત પવાર ૧૫ નવેમ્બરે મહારાષ્ટ્ર ભૂષણ એવોર્ડ આપવા માટે દિલ્હી ગયા હતા. તે પહેલાં બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા હતા. તેથી તેઓ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને અભિનંદન આપવા માટે મળ્યા હતા. આ સંદર્ભમાં બીજી કોઈ ચર્ચા થઈ નથી.

## બાન્દ્રા કિલ્લામાં

પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્ર સરકારના રાજ્ય આબકારી વિભાગ અને બીએમસીએ આ માટે પરવાનગી કેવી રીતે આપી? આ ચિંતાનો વિષય છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે કિલ્લા પર આ દારૂની પાર્ટીના આયોજક બીજા કોઈ નહીં પણ મહારાષ્ટ્ર પ્રવાસન વિભાગ હોવાનું કહેવાય છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ ૧૬ નવેમ્બરના રોજ રાતે રેકોર્ડ કરાયેલા આ વીડિયોમાં બાન્દ્રા કિલ્લા પર દારૂની પાર્ટી ચાલી રહી હોવાનું દર્શાવવામાં આવ્યું છે. તે માત્ર એક કિલ્લો નથી, તે ઐતિહાસિક વારસો, સાંસ્કૃતિક ઓળખ અને આત્મસન્માનનું પ્રતિક છે. આવા સ્થળોએ આવી પ્રવૃત્તિઓ માત્ર વાંધાજનક જ નથી પણ ભવિષ્યની પેઢીઓના ઇતિહાસ સાથે છેડછાડ પણ છે.

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મેંદરડા નિવાસી હાલ મુંબઇ સ્વ. મનસુખલાલ નરભેરામ કામાણીના ધર્મપત્ની ચંપાબેન કામાણી (ઉં. વ. ૧૦૦) તા. ૧૫-૧૧-૨૫ના અવસાન પામેલ છે. તે સ્વ. વાસંતીબેન, સ્વ. યોગેશભાઇ, સરોજબેન, હરેશભાઇ, ઉષાબેન, ઉમાબેનના માતુશ્રી. સ્વ.ગીતાબેન તથા સૌ. નીતાબેનન, સ્વ. જીતુભાઇ, મધુભાઇ, સ્વ. અનંતભાઇ, સ્વ. મયંકભાઇના સાસુ. નીતા-મેહુલ- જીતેન-પ્રતીક, તેજસ-રોશન-મનનના દાદી-નાની. નીખીલભાઇ છેડાના નાની સાસુ. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

થાણા-દેવડી નિવાસી હાલ મુલુંડ નાગરદાસ ભવાનજી શાહના સુપુત્ર હર્ષદરાય નાગરદાસ (ઉં. વ. ૭૬) તા. ૧૬-૧૧-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે કૈલાસબેનના પતિ. કેવીનના પિતાશ્રી. તથા હસમુખભાઇ, સ્વ. કિશોરભાઇ, હરેશભાઇના ભાઇ તથા સ્વ. ભારતીબેન જયંતીલાલ પારેખ અને દક્ષાબેન વિજયભાઇ પરીખના ભાઇ. સસરા પક્ષે વ્રજલાલ રાયચંદ શાહ ટાણાવાળાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૮૦૨ શારદા પ્રેસ્ટાઇન, ડો. આંબેડકર રોડ, આઇ.સી.આઇ.સી. ની ઉપર મુલુંડ (વેસ્ટ).

**વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

લતીપુર નિવાસી હાલ સાંતાક્રુઝ સ્વ.અંબાબેન કાનજી વોરાના સુપુત્ર ડો.મનહર (ઉં. વ. ૯૩) તે મૃદુલબેનના પતિ. નિસર્ગ, કોમાલીના પિતા. બીજલ, મનિષ ધ્રુવના સસરા. સ્વ. ગણપતભાઈ, સ્વ. વસંતબેન કાંતિલાલ મહેતાના ભાઈ. મનન-રુચાના દાદા, આત્મન, રિદ્ધિના નાના. સ્વ. કંચનબેન અનંતભાઈ દોશીના જમાઈ. રવિવાર-૧૬-૧૧-૨૫ ના રોજ અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કુંદરોડી હાલે પત્રીના પ્રભાવતી જગશી પદમશી દેઢીઆ (ઉં. વ. ૮૮) તા. ૧૫-૧૧-૨૫ના અવસાન પામેલ છે. જગશીના ધર્મપત્ની. મકાંબાઇ (કુંવરબાઇ) પદમશી પ્રેમજીના પુત્રવધૂ. ખુશાલ, બીપીન, પ્રફુલ્લાના માતુશ્રી. ગેલડાના મમીબેન ખેતશી ધારશી સૈયાના સુપુત્રી. શામજી, પ્રેમજી, કેસરબેન, નાનબાઇના બહેન. પ્રાર્થના રાખેલ નથી. (ફોન, વોટસઅપ રૂબરૂ મળ્યા તુલ્ય) નિ. બીપીન દેઢીયા, ૬/૩, વિજયાલક્ષ્મી, ગોખલે રોડ, મુલુંડ (ઇ.), મું. ૮૧.

દેઢીયાના માલશી ઘેલા છેડા (ઉં. વ. ૯૧) તા. ૧૪-૧૧-૨૫ના અવસાન પામેલ છે. આસબાઇ ઘેલાભાઇના સુપુત્ર. વિમળાબેનના પતિ. સ્વ. જયવંતી, લક્ષ્મીચંદ, ભાવના, ડીમ્પલ, નિલેશના પિતાશ્રી. પદમશી, ટોકરશી, હાંસબાઇના ભાઇ. સાભરાઇના લક્ષ્મીબેન/ સાકરબેન સુંદરજી વેલજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. ફોન આવકાર્ય. નિ. નિલેશ માલશી છેડા, ૫૦૨, હોરાઇઝન સમ્યક, ઝવેર રોડ, મુલુંડ (વે.) ૮૦.

દેઢીઆના શ્રી કેશવજી તલકશી પાસડ (ઉં. વ. ૯૪) તા. ૧૫-૧૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી ઉમરબેન તલકશી વેલજીના પુત્ર. રતનબેનના પતિ. શ્રીકાંત, કવિતા, પ્રફુલ, વનિતાના પિતા. હેમરાજ, મુલબાઈના ભાઈ. દેવપુરના માતુશ્રી મમીબેન પ્રેમજી વેલજી ગોસરના જમાઈ. કરમશી, ભાગબાઈ રવજી, શેરડીના કબુબેન દામજી, ગઢશીશાના મણીબેન દેવજી, રાયધણજરના લક્ષ્મી નવીનચંદ્રના બનેવી. પ્રાર્થનાઃ યોગી સભાગૃહ, દાદર, ટા.૩ થી ૪:૩૦. નિ. : પ્રફુલ પાસડ, ૭૦૧, મણિકુંજ, ટીપીએસ રોડ નં. ૧૧, સાંતાક્રુઝ (ઈ), મું.-૫૫.

**ઝાલાવાડ દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

રાણપુર નિવાસી હાલ બોરીવલી સ્વ. નલિનીબેન રમણીકલાલ શાહના સુપુત્ર ચિ. યતીનભાઈ (ઉં. વ.૬૩) તે રક્ષાબેનના પતિ, જીમીત અને નિધિના પિતા, સ્વર્ણા બેનના સસરા, ઉપેન્દ્રભાઈ અને પંકજભાઈના ભાઈ, હળવદ નિવાસી સ્વ. મુકતાબેન દીપચંદ મહેતાના જમાઈ તા. ૧૫/૧૧/૨૫ ને શનિવારના અરિહંત શરણ થયેલ છે. તેમની ભાવયાત્રા તા. ૧૭/૧૧/૨૫, સોમવારે બપોરે ૩.૦૦ થી ૫.૦૦ રાખેલ છે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ વી રોડ, કાંદીવલી વેસ્ટ મુંબઈ ૪૦૦૦૬૭.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ બોરીવલી, સ્વ. બાબુલાલ ત્રિભોવનદાસ શાહ ના પુત્રવધૂ. સ્વ. ઇન્દ્રવદન બાબુલાલ શાહના ધર્મપત્ની, ભાનુમતીબેન (ઉં. વ. ૮૦) તા.૧૪/૧૧/૨૦૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. મેહુલ તથા તુષારના માતુશ્રી, મનસુખભાઈ, અનોપચંદભાઈ, પ્રવીણભાઈ તથા કૈલાશભાઈના ભાઈના ધર્મપત્ની, પીયરપક્ષે પછેગામ નિવાસી હાલ મુલુંડ સ્વ. મનસુખલાલ જેચંદ શાહની દીકરી તથા સ્વ. સૌભાગ્યબેન નવીનચંદ્ર શાહ, અનંતરાય, હર્ષદભાઈ,હિતેન્દ્રભાઇ, ભુપેન્દ્રભાઈ, નીતિનભાઈની બેન. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ૪૦૧, હરસિદ્ધિ સદન, ૨જો કાર્ટર રોડ, બોરીવલી પૂર્વ, મુંબઈ ૬૬.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા જૈન**

ચોટીલા નિવાસી હાલ સુરત સ્વ. વસંતબેન કાંતિલાલ ખંધાર પુત્ર જગદીશભાઈ ખંધાર (ઉં. વ. ૭૬) તે ૧૪/૧૧/૨૫ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે વર્ષાબેનના પતિ. દીપિકા, દીપ્તિ અને જીમિતના પિતા. મહેન્દ્ર, સ્વ. હર્ષદ, કમલેશ, સુધા મહેશ શાહના ભાઈ સાસરા પક્ષે કિરીટ અમૃતલાલ શેઠના બનેવી બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭ -૧૧ -૨૫ ના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે. ઠે. પૂજ્ય જૈન દેરાસર અમરોલી ચાર રસ્તા અમરોલી સુરત મુકામે રાખેલ છે.

# હિન્દુ મરણ

વીરપુર નિવાસી સ્વ. કાંતિલાલ સોમચંદ શાહના ધર્મપત્ની વીરબાળા કાંતિલાલ શાહ (ઉં. વ. ૮૧) હાલ કાંદિવલી નિવાસી મુંબઇ તા. ૧૫-૧૧-૨૫ના સ્વર્ગવાસ થયેલ છે. અલપા, જીજ્ઞેશ, દક્ષયના માતા. સ્વ. નમ્રતા, ડો. ઝીનલ, પૂર્વી, નિલેશના સાસુ. ત્રિશા, આધ્યા, રેશા, હીયાના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

અ. નિ. પ્રેમજી (રમેશ) તુલસીદાસ ગણાત્રા (ઉં. વ. ૭૮) કચ્છ ગામ જખૌવાલા હાલ ડોમ્બિવલી તે અ. નિ. સરલાબેનના પતિ. સ્વ. મથુરાદાસ શિવજી ગુગરીયા ગામ કોઠારાવાલાના જમાઇ. મેહુલ તથા હિતેશના પિતાશ્રી. નીતા તથા આનંદીના સસરાજી. સ્વ. અરવિંદના મોટાભાઇ. તે જયંત તથા તૃપ્તીના મોટાબાપા. તા. ૧૫-૧૧-૨૫ શનિવારે અક્ષરવાસ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૧૧-૨૫ સોમવારના સ્વામીનારાયણ મંદિર રાજાજી પથ ડોમ્બિવલી (પૂર્વ). સાંજે ૫થી ૬.૩૦.

**નાઘેર દશા મોઢ માંડલિયા**

સ્વ. કોકિલાબેન ગાંધી (ઉં. વ. ૭૭) તે સ્વ. જિતેન્દ્રભાઇ મોહનલાલભાઇ ગાંધીના પત્ની. તે સ્વ. ઇન્દુબેન ચંદુલાલભાઇ અંબાણીના દીકરી. રાજેન તથા દેવેનના મમ્મી. વંદના અને પૂર્વીના સાસુમા. તે અનુષ્કા અને માનવીના દાદીમા. તે નવીનભાઇ, બિપીનભાઇ, મંજુબેન, માલતીબેન અને મીનાબેનના ભાભી. વિલાસભાઇ અને પ્રતિમાબેનના બેન. તા. ૧૬-૧૧-૨૫ના સાંતાક્રુઝ મુકામે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૧૧-૨૫ના મંગળવારે સાંજે ૫થી ૭. ઠે. આજીવન હોલ, જુહુ તારા રોડ, એસ.એન.ડી.ટી. મહિલા યુનિવર્સિટીની બાજુમાં, એમ.આર.સોસાયટી, દૌલત નગર, સાંતાક્રુઝ (પશ્ચિમ).

**શ્રીમાળી બ્રાહ્મણ**

ફરાદી (કચ્છ) હાલ ઘાટકોપર નિવાસી જેઠાલાલ માધવજી ત્રિવેદી (ઉં. વ. ૯૫) તા. ૧૫-૧૧-૨૫ શનિવારના કૈલાસવાસી થયેલ છે. તે સ્વ. પુષ્પાબેનના પતિ. તે વિનોદ, હરેન્દ્ર, હિતેષ તથા મધુબેનના પિતાશ્રી. તે દિપકકુમાર, ભાવના, સ્વ. પ્રિતીબેન તથા આશાના સસરા. તે વિજયશંકર, પોપટલાલ તથા રતિલાલના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૧૭-૧૧-૨૫ સોમવારના ૪થી ૫.૩૦. ઠે. ઘાટકોપર બ્રાહ્મણ સમાજ, બીજા માળે, જોશી લેન, ઘાટકોપર (પૂર્વ).

**કપોળ**

મહુવાવાળા સ્વ. મુકુંદ ધરમદાસ ચીતલીયાના ધર્મપત્ની ગં. સ્વ. મૃદુલા (ઉં.વ. ૭૯) તા. ૧૪-૧૧-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે નંદીશના માતુશ્રી તથા મૌસમના સાસુ. તથા શિવાંશ અને વેદાંતના દાદીમા. દેવેશ અને સ્મિતાના ભાભી. રાજુલાવાળા સ્વ. વલ્લભદાસ જીવણલાલ સંઘવીના દીકરી. લૌકિક પ્રથા બંધ છે.

**ગુગળી બ્રાહ્મણ**

પુનીત હરેન્દ્રભાઇ વાયડા, જામખંભાળીયા નિવાસી હાલ ઘાટકોપર (મુંબઇ) (ઉં.વ. ૫૩), તે પ્રતિમાબેન હરેન્દ્રભાઇના પુત્ર. તેજલબેનના પતિ. રોનીતના પિતા. નીલેશ અને પૂર્વી કેતન શાહના ભાઇ. ઉષાબેન નવીનભાઇ મહેતાના જમાઇ. બીજલ સંજીવ કુંબેરના બનેવી, તા. ૧૫-૧૧-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ શોભાવડ (તળાજા) હાલ વિલે પાર્લે સ્વ.ભારતીબેન રવજીભાઈ સોલંકી (ઉં. વ. ૭૮) તેઓ તા ૧૪/૧૧/૨૫ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેઓ શ્રી રવજીભાઈ દામજીભાઈ સોલંકીના ધર્મપત્ની, જય, પારૂલ ચંદ્રેશભાઈ મકવાણા, અમી પ્રફુલભાઇ પરમારના માતુશ્રી, વૈશાલીબેનના સાસુ. પુનાવાળા સ્વ. રંભાબેન પ્રતાપભાઇ પરમાની દીકરી. પ્રાર્થનાસભા સોમવાર તાઃ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ સમય સાંજે ૫ થી ૭ શ્રી વેપારી મિત્ર મંડળ, પરસીવાડા મુક્તિધામ, હિન્દુ શ્મશાન ભૂમિની બાજુમાં, અંધેરી (પૂર્વ) . રાખેલ છે.

**કંડોલિયા બ્રાહ્મણ**

અમરેલી નિવાસી હાલ બોરીવલી રમેશચંદ્ર ચીમનલાલ જોષી - (ઉં. વ. ૮૫) શુક્રવાર ૧૪/૧૧/૨૦૨૫ ના રોજ કૈલાશવાસી થયા છે. તે સ્વ. હસુમતીબેનના પતિ. અંજના, મનોજ અને કેતનના પિતાશ્રી. હિમાંશુ, કોયલ અને હેતલના સસરા. સ્વ.ધીરજલાલ, હર્ષદભાઈ, ભૂપતભાઈ, જગદીશભાઈ, પ્રતિમા ઈન્દ્રવદન જોષી, મનોરમા જગદીપ બોલેના ભાઈ. સાસરાપક્ષે મહુવાવાળા સ્વ. ભાનુશંકર પરમાનંદ અધ્યારુના જમાઈ. સર્વ પક્ષ તરફથી પ્રાર્થનાસભા સોમવાર, ૧૭/૧૧/૨૫ ના રોજ સાંજે ૦૪:૦૦ થી ૦૬:૦૦ રાખેલ છે.સ્થળ - કોરા કેન્દ્ર હોલ, ઓમ સત્યમ નિવાસ પાસે, સી.એચ.એસ.એલ. શિમ્પોલી રોડ, દલવી નગર પાસે, બોરીવલી (વેસ્ટ), મુંબઈઃ ૪૦૦૦૯૨.

**સૌરાષ્ટ્ર વાળંદ**

ગામ ગારિયાધર નિવાસી હાલ મુંબઈ જયંતીભાઈ નરશીભાઈ ચૌહાણ (ઉં. વ. ૭૦) તે તા. ૧૩/૧૧/૨૫ ના ગુરુવાર ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. જીતુબેનના પતિ. તે શીતલ, યુલવ, સોનીના પિતા. મનહરભાઈ વિઠ્ઠલભાઈ પરમારના બનેવી. તે મનીષભાઈ, રાજભાઈના સસરા. ઓમ, રિશી, યામિનીના નાના. તેમની પ્રાર્થનાસભા તા. ૧૭/૧૧/૨૫ ના સોમવાર ના સાંજે ૪.૩૦ થી ૬.૩૦ કલાકે

# પારસી મરણ

ઝુબીન દાદી શેકારી તે નયનબેની કીકોનના ખાવીંદ. તે મરહુમો નરગીશ તથા દાદી શેકારીના દીકરા. તે આરયના શેકારીના પપ્પા. (ઉં. વ. ૫૬) રે. ઠે. બી-૩૬, ઉશા સદન, ૫મે માળે, ૩૮ કોલાબા રોડ, મુંબઇ-૪૦૦૦૦૫.

મેહેરનાઝ વીસ્પી દરોગા તે વીસ્પી કેકી દરોગાના ધણીયાની. તે એલીશ તથા મરહુમ હોશી વીકાજીના દીકરી. તે હોશંગ વીસ્પી દરોગાના મમ્મી. તે ફીરનોશ ઇરાનીના સાસુ. તે ખુશનુહ, કુરૂશ ને આબાદાન વીકાજીના બહેન. તે ઝાયડેન દરોગા ને કાયરોન દરોગાના બપયજી. (ઉં. વ. ૬૫) રે. ઠે. એ-૧૨/૨, ન્યુ સાંઇ નિકેતન, મઝગામ, મુંબઇ-૪૦૦૦૧૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૧૧-૨૫ને બપોરે ૩.૪૫ વાગે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની હોડીવાલા બંગલીમાં.

# પાયદસ્ત

રોશન બજી મિસ્ત્રી તે મરહુમ બજી જાલ મિસ્ત્રીના વિધવા. તે મરહુમો દીનબાઇ તથા દારબશા મિસ્ત્રીના દીકરી. તે ગોદરેજ ને દીનાઝ વાંકડીયાના મમ્મી. તે પરીવાઝ જી. મિસ્ત્રી ને નવરોઝ પી. વાંકડીયાના સાસુ. તે મેહરૂ બી. કારભારી, હોમી ડી. મિસ્ત્રી ને મરહુમ શેહરૂ ડી. મિસ્ત્રીના બહેન. (ઉં. વ. ૮૪) રે. ઠે. કે-૧/૨૨, કામા પાર્ક, કામા રોડ, અંધેરી પશ્ચિમ, મુંબઇ-૪૦૦૦૫૮. પાયદસ્ત : તા. ૧૭-૧૧-૨૫ને સવારે ૭.૪૫ કલાકે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ઓલબ્લેસ બંગલીમાં. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૮-૧૧-૨૫ના બપોરે ૩.૪૫ વાગે, અંધેરી મધે અંધેરી પટેલ અગિયારીમાં.

---

રાખેલ છે. સ્થળઃ રાજેશ્રી / ક્રીસ્ટલ પ્રાઇડે બેંક્વેટ હોલ, પહેલે માળે, મૂવી થિયેટર / રવિન્દ્ર હોટેલની નજીક, મરાઠા કોલોની રોડ, દહિસર - પૂર્વ.

**કચ્છી લોહાણા**

સ્વ. ઠા. ખટાઉ સુંદરજી અનમ (ઉં. વ. ૮૮) સ્વ. તા. ૧૫/૧૧/૨૦૨૫, શનિવાર નારાયણ સરોવર સ્વ.સુંદરજી મોનજી,અનમના પુત્ર, સ્વ.ગોદાવરીબેન ખટાઉભાઈ અનમના પતિ. સ્વ.લક્ષ્મિદાસ દેવજી ગણાત્રાના જમાઇ, મધુબેન નવિનભાઇ રૂપારેલ, ગીતાબેન રામદાસ ગણાત્રા, ધર્મીષ્ઠાબેન દિપકભાઈ આઈયા, હર્ષાબેન જગદીશભાઈ સોનાઘેલા, પુર્ણાબેન વિપુલભાઈ સચદે, જગદીશચંદ્ર, રૂપેશભાઈ અનમના પિતા, હિનાબેન જગદીશભાઈ અનમ ના સસરા કીશન, દિયા,દિવ્યના દાદા. તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ રામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા : તા. ૧૭-૧૧-૨૦૨૫, સોમવાર, સાંજે ૪:૦૦ થી ૫:૦૦ કલાકે, શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સમાજ વાડી ગામ.દોલતપર તા.લખપત મધ્યે રાખેલ છે.

**લોહાણા**

મૂળ વતન ગારીયાધાર, હાલ નવી મુંબઈ, સ્વ. તારાબહેન જમનાદાસ જીવરાજાણીના પુત્ર પરેશભાઈ (ઉં.વ.૫૬) શનિવાર, તા. ૧૫/૧૧/૨૦૨૫ ના શ્રીજીચરણ પામ્યા છે. અર્ચનાબહેનના પતિ, નેત્રમ તથા નિશીના પિતાશ્રી, પ્રજ્ઞાબહેન કિશોરભાઈ સોમૈયા, સરયુબહેન કનૈયાલાલ હિંડોચા, શીલાબહેન કમલેશભાઈ તન્નાના ભાઈ, સ્વ.ઉષાબહેન હરિરામ શાહના જમાઈ, બંને પક્ષની પ્રાર્થના-સભા સોમવાર, તા. ૧૭/૧૧/૨૦૨૫ ના સાંજે ૪ થી ૫:૩૦ જુલેલાલ ચેરીટેબલ ટ્રસ્ટ, સિંધુ ભવન, પ્લોટ નં. ૭, સેક્ટર - ૯એ. બસ ડેપો ની પાછળ, વાશી, નવી મુંબઈ ખાતે રાખેલ છે. (ચક્ષુ અને ત્વચા દાન કરેલ છે.)

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ જામ ખંભાળિયા હાલ થાણા નિવાસી ઇન્દુબેન રમણલાલ ઠક્કર (ઉં.વ ૮૨)શનિવાર તાઃ ૧૫/૧૧/૨૦૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રમણલાલ છગનલાલ ઠક્કર ના ધર્મપત્નિ. તે સૌમિલ, વર્ષા અરુણ સુભેદાર તથા ભાવના ચેતન પાબારી ના માતૃશ્રી. તે ગીતાના સાસુ તે ગં.સ્વ.જયાબેન જીવણદાસ સામાણી તથા કાંતિલાલ ના ભાભી. તે પ્રિશાના દાદી. તે સ્વ. મોનજી ભાણજી જટણીયા (પડધાવાળા) ના સુપુત્રી. તેમની બંને પક્ષની પ્રાર્થના સભા સોમવાર તા.: ૧૭/૧૧/૨૦૨૫ ના રોજ સાંજે ૪.૩૦ થી ૬.૦૦ રઘુવંશી હોલ, શ્રી થાણા હાલાઇ લોહાણા મહાજન વાડી, ખારકર આડી, જાંબલીનાકા, થાણા વેસ્ટ માં રાખેલ છે. ચક્ષુદાન તથા ત્વચાદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સૌરાષ્ટ્ર ખડાયતા વણિક**

નિકુંજબેન વિજયકુમાર નાંદોલા શ્રીજી ચરણ પામેલ છે (ઉં. વ.૭૩) તે વિજયકુમાર મથુરાદાસ નાંદોલાના પત્ની તેમજ શ્યામા (મોનાલી) અને ગૌરવના મમ્મી, તિલેશકુમાર અને હિરલના સાસુ, રાધિકાના નાની, ક્રીશ, પર્ણિકાના દાદી, સ્વ. મહાલક્ષ્મીબેન તથા સ્વ. જમનાદાસ નંદલાલ મહેતાના પુત્રી, સ્વ.ભદ્રભાઈ, સ્વ. વિમળાબેન મથુરાદાસ નરસાણા, સ્વ.જયુભાઈ, ચેતના વત્સલ પરીખના ભાભી. સ્વ. સરલાબેન, સ્વ.જયશ્રીબેન, સ્વ.રજનીભાઈ, સ્વ.નયનભાઈ, સ્વ.પ્રફુલભાઈના બેન. મુળઃ શીલ હાલ ઘાટકોપર પ્રાર્થના સભાઃ સોમવાર સાંજના ૫થી ૭, ઠે. બાલભવન, બાલકનજી બારી રોડ, ઓ/ રાજાવાડી ગાર્ડન, ઘાટકોપર (ઇસ્ટ).

## દહિસર ટોલનાકાના

નેશનલ હાઈવે પર આ ટોલનાકાને સ્થળાંતર કરવાની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો હોવાનું જણાઈ આવ્યું છે. તેથી ટોલ નાકાના સ્થળાંતરનો પ્રશ્ન હજી ગંભીર બન્યો છે. તો ૧૩ નવેમ્બરના દહિસર ટોલનાકાને તાત્પૂરતું ૫૦ મીટર અંતર પર ખસેડવામાં આવ્યો છે. એ વખતે ટોલનાકાને પૂર્ણ રીતે સ્થળાંતર કરવામાં આવ્યો હોવાનો દાવો પ્રતાપ સરનાઈકે કર્યો હતો પણ તાત્પૂરતા ફેરફાર બાદ પણ ટ્રાફિકની સમસ્યામાં કોઈ ફરક પડયો નથી.

## શક્ય હશે ત્યાં

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, મહાનગરપાલિકાની ચૂંટણીમાં અલગ માપદંડ હોય છે. તેથી જ્યાં પણ શક્ય હોય ત્યાં અમે યુતિ કરીશું. આ દરમિયાન કેટલાક પક્ષના જોડાણ થવાના સમાચાર પણ મળ્યા. દેવેન્દ્ર ફડણવીસ આગામી ચૂંટણીઓમાં ગઠબંધન (યુતિ) વિશે સ્પષ્ટપણે બોલતા જોવા મળ્યા. તેમણે કહ્યું કે જ્યાં શક્ય હોય ત્યાં ગઠબંધન કરવામાં આવ્યું છે.

## ચૂંટણીમાં

તમામ પક્ષોએ તૈયારી કરી રહ્યા હોવાની ચર્ચા વચ્ચે એનડીએમાં મતભેદો વધી રહ્યા હોવાની અટકળો છે. મહારાષ્ટ્રમાં એનડીએના સાથીપક્ષ એનસીપી (રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી)ના સાંસદ પ્રફુલ પટેલે કહ્યું કે પૈસાના જોરે જ ચૂંટણીમાં જીતવા અંગે મહત્ત્વનું નિવેદન આપતા વિવાદ છેડાયો છે. પ્રફુલ પટેલે કહ્યું હતું કે ચૂંટણીમાં અમે અનેક દબંગ નેતાઓને જીતાડવાની મદદ કરી છે. ચૂંટણીમાં પૈસા વિતરણ કરાય છે, પરંતુ જો કોઈ એમ વિચારતું હોય કે પૈસાથી જીતી શકાય છે પણ એવું ક્યારેય વિચારી શકાય નહીં. આ બાબતને લઈ નિષ્ણાતો અનેક પ્રકારના તર્ક-વિતર્ક કરી રહ્યા છે. અમે અનેક દબંગ નેતાઓને જીતાડ્યા છે અને અમને એ વાતની પણ ખબર છે કે માત્ર પૈસા હોવાથી પણ જીત થાય એવું પણ ક્યારેય માનતા નહીં. પૈસા તો ફક્ત એક માધ્યમ છે. ચૂંટણીમાં પૈસાની જરુરિયાત હોય છે. હા, પરંતુ જો પૈસાના દમ પર ચૂંટણી જીતી શકાય છે પણ એવું ક્યારેય હોતું નથી.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

ધર્મતેજ

# તુરીય-તુરીયાતીત

મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com



સનાતની શાસ્ત્રો અનુસાર મનુષ્યની ચેતનાની ચાર અવસ્થાઓ છે. પ્રથમ, જાગ્રત અવસ્થા જેમાં વ્યક્તિ જ્ઞાનેન્દ્રિયોની પ્રવૃત્તિથી જગતનો અનુભવ કરે છે. બીજી, સ્વપ્ન અવસ્થા જેમાં ઊંઘમાં વ્યક્તિ મન દ્વારા રચાયેલ કાલ્પનિક પરિસ્થિતિની, તે વાસ્તવિક હોય તેવી અનુભૂતિ કરે છે. ત્રીજી, સુષુપ્તિ અવસ્થા જે ગાઢ નિંદ્રાની અવસ્થા છે જ્યાં જાગૃતિ કે સ્વપ્નની ઉપસ્થિતિ ન હોય, પરંતુ અહીં જગતનું અસ્તિત્વ હોય કારણકે તેમાં હજુ 'અજ્ઞાન' છવાયેલું રહે. ચોથી, તુરીય અવસ્થા જ્યાં ત્રણેય અવસ્થાથી મુક્ત થઈ શુદ્ધ ચૈતન્યનો અનુભવ મળી શકે. તુરીય અવસ્થામાં વ્યક્તિ આત્માનુભૂતિ દ્વારા સ્વ-અસ્તિત્વમાં સ્થિર થઈ પરમ-આનંદ અને પરમ-મુક્તિ અનુભવી શકે. આધ્યાત્મના ક્ષેત્રમાં આ અંતિમ સ્થિતિ છે, જ્યાં સમગ્ર અસ્તિત્વ પૂર્ણતાને, શાંતિને અને આનંદને પામે છે. એમ કહી શકાય કે જાગ્રત અવસ્થામાં બહારની દુનિયા સાથેનો સંપર્ક જળવાયેલો રહે, સ્વપ્ન અવસ્થામાં મનની આંતરિક કલ્પનાઓ સાથે જોડાણ હોય, સુષુપ્તિ અવસ્થામાં શાંત પણ અજ્ઞાનાચ્છાદિત પરિસ્થિતિ હોય જ્યારે તુરીય અવસ્થામાં શુદ્ધ ચૈતન્યની અનુભૂતિ હોય. કેટલાંક શાસ્ત્ર અનુસાર તુરીય અવસ્થા કરતાં પણ જે ઉચ્ચ અવસ્થા છે તેને તુરીયાતીત અવસ્થા કહેવાય છે, જ્યાં આત્મા અને પરમાત્મા વચ્ચે પણ કોઈપણ પ્રકારનો ભેદ રહેતો નથી.

તુરીય અવસ્થા એ કૈવલ્ય સ્થિતિ છે. તે મુક્તિ માટેનું દ્વાર પણ છે અને મુક્ત-સ્થિતિ પણ છે. અહીં અસ્તિત્વ સાથે જોડાયેલી તમામ અનિત્ય બાબતોથી છુટકારો મળે અને એકમાત્ર નિત્ય એવાં આત્માની વાસ્તવિકતા, તેની સાથેની તાદાત્મ્ય અનુભવમાં આવે છે. અહીં અહંકાર, અવિદ્યા, અજ્ઞાન, મોહ, રાગદ્વેષ, પ્રવૃત્તિ-નિવૃત્તિ, સ્થળ, સમય, સંજોગો, સંસ્કાર, પાપ-પુણ્ય, કર્મ-કર્મફળ -બધું જ શૂન્યતામાં પ્રવેશે છે. આ એક શાંત, નિર્વિકાર, સંપૂર્ણ આનંદાચ્છાદિત, સાત્વિક, પવિત્ર, શુદ્ધ, નિર્લેપ, નિષ્પક્ષ, તટસ્થ, પ્રકાશિત, સંતુલિત, શાશ્વત, અખંડ અવસ્થા છે જે બ્રહ્મ સ્વરૂપ સમાન સ્થિતિ સ્થાપિત કરે.

અદ્વૈત વેદાંતમાં તુરીય અવસ્થાને આત્મસાક્ષાત્કાર તરીકે સમજાવવામાં આવે છે. આ અવસ્થા ન તો બાહ્ય-જાગૃતિ સમાન છે ન આંતરિક-જાગૃતિ સમાન, કે નથી તે બંને જાગૃતિનાં મિશ્રણ સમાન. નથી તે અજ્ઞાનમય સુષુપ્તિ, નથી ત્યાં કાલ્પનિક દુનિયાનું અસ્તિત્વ કે નથી ત્યાં પ્રપંચ આધારિત ભ્રામક જગની ઇન્દ્રિયગમ્ય અનુભૂતિ. તે તો અવર્ણનીય, અદશ્ય,અગ્રાહ્ય, અકલ્પનીય, પ્રત્યેક લક્ષણથી મુક્ત, શાંત, શુભ, જગતનાં ઉપશમ અર્થાત વિલયથી યુક્ત, અદ્વૈત સ્વરૂપ સ્થિતિ છે જ્યાં તે સિવાય અન્ય કશાનું અસ્તિત્વ શક્ય નથી. ઉપનિષદ સ્પષ્ટ કહે છે કે તુરીય અવસ્થા શબ્દ-વર્ણનથી પર છે, તેનો માત્ર અનુભવ શક્ય છે, અહીં જે આત્મા છે તેનો સાક્ષાત્કાર છે.

ગુજરાતના ભક્ત કવિઓએ આ તુરીય અવસ્થાનો પોતાની ભાષામાં, પોતાની રીતે ખ્યાલ આપે છે. નરસિંહ મહેતા જણાવે છે કે 'ત્રણે અવસ્થાથી પર રહે જે, તે તુરીયા પદ પામે'. નરસિંહ કહે છે કે જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ એ ત્રણેય અવસ્થા મિથ્યા છે. સાચી તો ચોથી તુરીય અવસ્થા છે જ્યાં પરમાત્માનો અનુભવ થાય છે. નરસિંહ આગળ જણાવે છે કે 'જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ ત્યજી, ચોથા પદે માન'. તેમનાં કથન પ્રમાણે આ ચોથી તુરીય અવસ્થામાં જ બ્રહ્મનો અનુભવ શક્ય બને છે. અખો પણ આ જ વાત કહે છે, 'જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ ત્રણે, તુરીયા ચોથું પદ જાણો'. અખો આગળ જણાવે છે કે 'તુરીયા પદે જ આતમ તરાય છે'. અખાની દ્રષ્ટિએ જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ, આ ત્રણ 'અવિદ્યા'થી બંધાયેલી સ્થિતિ છે. સાચા સાધકને તો ચોથી તુરીય અવસ્થાની અપેક્ષા હોય છે. અખાના મત પ્રમાણે પણ તુરીય અવસ્થામાં સાધક પરબ્રહ્મ સમાન બની જાય છે. દયારામના મત પ્રમાણે સચ્ચિદાનંદનો અનુભવ એટલે તુરીય અવસ્થા. પ્રતીકાત્મક રીતે તેમણે ત્રણ નદી પાર કરી, 'ચોથા' કિનારે પહોંચવાની વાત કરી છે. અન્ય ભજન સાહિત્યમાં પરમાનંદ પદ એટલે જ ચોથી તુરીય અવસ્થા તેમ દર્શાવવામાં આવ્યું છે. આમ પણ તુરીય શબ્દનો એક અર્થ 'ચોથું' થાય છે.

તુરીયાતીત અવસ્થા તુરીયથી ઉચ્ચકક્ષાની અવસ્થા છે. એમ કહી શકાય કે તુરીય અવસ્થામાં સાધક આત્માની અનુભૂતિ કરે છે પણ તેને આ 'અનુભવ કરનાર' તરીકેનો સૂક્ષ્મ અહંકાર રહે છે. તુરીયાતીત અવસ્થામાં આ અહંકાર પણ અસ્તિત્વ સાથે વિલીન થઈ જાય છે. અહીં જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયનો લેશમાત્ર પણ ભેદ રહેતો નથી અને બધું જ એકાકાર થઈ જાય છે, બ્રહ્મમય થઈ જાય છે. એમ કહી શકાય કે અહીં તુરીયાતીત અવસ્થાનું પણ અસ્તિત્વ નથી હોતું, ફક્ત અખંડ પરબ્રહ્મ જ રહે છે. યોગવશિષ્ઠમાં આ તુરીયાતીત અવસ્થા વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી છે. ઋષિ વશિષ્ઠ શ્રીરામને તેનું જ્ઞાન આપે છે. શંકરાચાર્યના અદ્વૈત વેદાંત અનુસાર આ સ્થિતિ 'સહજ-બ્રહ્મનિષ્ઠ' સ્થિતિ કહેવાય. ભગવદ ગીતા તેનો 'બ્રહ્મસંસ્થ' તરીકે ઉલ્લેખ કરે છે. સંત સાહિત્યમાં તેનો ઉલ્લેખ 'ચિંતામણી પદ' તરીકે થયો છે. જ્યારે અહંકારનો સંપૂર્ણ લય થાય, અલાયદા અસ્તિત્વની અનુભૂતિ પણ ન રહે, જાગ્રતતાની પણ આવશ્યકતા ન હોય, જ્યાં કોઈપણ પ્રકારનાં સંકલ્પનું સ્થાન ન હોય, જે પરમાનંદની પણ ઉચ્ચકક્ષા કહેવાય, જ્યાં આતમ-દીવો પરમાત્માનાં ચૈતન્ય-પ્રકાશ સાથે એકરૂપ થઈ જાય, કોઈપણ પ્રકારનાં પ્રયત્ન કે સાધના વગર જે સ્થિતિ શાશ્વત રહી શકે તે સહજ અવસ્થા એટલે તુરીયાતીત. આ અવસ્થામાં સાક્ષીભાવ પણ શેષ ન રહે. તુરીય અવસ્થામાં આત્મજ્ઞાન પ્રાપ્ત થાય જ્યારે તુરીયાતીત અવસ્થામાં આત્મા-પરમાત્માનો ભેદ વિલીન થતાં જ સંપૂર્ણ અદ્વૈત સ્થાપિત થાય. એમ કહી શકાય કે આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય તેમજ સાધનાનો સમન્વય જરૂરી છે, જે સદગુરુ કૃપાથી સરળતાથી પ્રાપ્ત થઈ શકે. ■

# જેમણે 'રામચરિતમાનસ'માં બરાબર પ્રવેશ નથી કર્યો તેમને એમાં મર્યાદા દેખાય છે



માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com



આપ સૌને ખ્યાલ છે કે 'માનસ'માં સાત કાંડ નથી, સાત સોપાન છે. આદિ કવિ વાલ્મીકિ કાંડ કહે છે; મારા ગોસ્વામીજી એને સોપાન કહે છે. આ સદગ્રંથ છે. મારા યુવાન ભાઈ બહેનોને હું ખાસ કહું કે 'રામચરિત માનસ'ને ક્યારેય પુસ્તક ન સમજવું. એ ચોપડી નથી, શંકરની ખોપરી છે. એ પુસ્તક નથી, કિતાબ નથી. દુનિયામાં પવિત્ર પુસ્તકો હોઈ શકે છે. એને સન્માન, આદર, નમન. એમાંથી પણ આપણે પ્રેરણા લેતા રહીએ છીએ પરંતુ 'રામચરિતમાનસ' એ પુસ્તક નથી; એ પરમ સદગ્રંથ છે. સાત સોપાન એ સદગ્રંથનું સ્વરૂપ છે.

સાત મંત્રોમાં ગોસ્વામીજીએ મંગલાચરણ કર્યું. આ મંગલાચરણ શબ્દ જે આપણા ઋષિ- મુનિઓએ આપ્યો છે, એ બહુ જ પ્યારો શબ્દ છે. કદાચ ઋષિ- મુનિઓ આપણને સંકેત કરી રહ્યા છે કે પહેલા મંગલ આચરણ કરો, પછી મંગલ ઉચ્ચારણ કરો. મંગલ ઉચ્ચારણ કરવાનો અધિકાર એને જ પ્રાપ્ત થાય છે, જે પહેલા મંગલ આચરણ કરે છે.

હું ઘણીવાર કહેતો રહું છું કે જે લોકોએ આ' રામચરિતમાનસ'માં બરાબર પ્રવેશ નથી કર્યો;. ગુરુકૃપા ન થઈ હોય, ભગવતકૃપા ન થઈ હોય, સમજનો અભાવ રહ્યો હોય, જે હોય તે, પરંતુ એવા લોકો કહે છે કે ગોસ્વામી જીએ સ્ત્રી સમાજની આલોચના કરી છે, એમને કહેવું જોઈએ કે ગોસ્વામીજીએ 'એ માનસ'ના પ્રથમ સોપાનનો આરંભ કરતા પહેલાં માતૃશક્તિને પ્રણામ કર્યા છે. 'વર્ણાનામ અર્થ સંઘાનામ' કેટલાક બૌદ્ધિક લોકો આ પહેલો મંત્ર જ બરાબર વાંચી લે તો ક્યારેય એવું ન કહે કે 'માનસ'માં નારીની આલોચના થઈ છે.

તો ગોસ્વામીજીએ પ્રથમ મંત્રમાં વાણી અને વિનાયકની વંદના કરી. બીજા મંત્રમાં ભવાની શંકરો વંદે માતૃશક્તિની જ પ્રથમ વંદના. આપણી આખી ઉપનિષદીય ધારા જ એવી છે, જે માતૃદેવો ભવથી શરૂ થાય છે. તો પરાંબા મા ભગવતી જાનકી, સર્વનું કલ્યાણ કરનારી મા જાનકીની વંદના થઈ છે. ત્યારબાદ ભગવાન રામની વંદના કરવામાં આવી. ત્યારબાદ પોતાના ગ્રંથનો આશય દર્શાવતા ગોસ્વામીજી કહે છે, મારા આ શાસ્ત્રમાં, આ સદગ્રંથમાં વેદ, આગમ, નિગમ, પુરાણ એ બધાની સંમતિ છે. તુલસીનો હેતુ જ સંવાદ છે, વિવાદ નહીં. કોઈ વિવાદ ઊભો કરે તો તમે કોને કોને જવાબ આપો?. તુલસીની તો ભૂમિકા સંવાદની રહી છે. એટલા માટે તો તેઓ ચાર સંવાદ પર 'માનસ'ની કથાનો આરંભ કરે છે. કહેવાનો મતલબ કે સૌને સંમતિ વાળો આ પરમ સદગ્રંથ છે. અને તુલસી એ હેતુ દર્શાવ્યો, 'સ્વાન્ત સુખાય તુલસી રઘુનાથગાથા.' તુલસી કહે છે કે સ્વાન્ત સુખ માટે આ ગ્રંથની રચના કરી છે. ગોસ્વામીજીએ 'માનસ'માં બીજો હેતુ સ્વયં નિર્ણય કરીને દર્શાવ્યો કે મારા મનને પ્રબોધ થાય. અને ગોસ્વામી જ કહે છે, મારો ત્રીજો હેતુ છે, મારી વાણી પવિત્ર થાય એટલા માટે હું રામ યશ ગાવા જઈ રહ્યો છું. તો મુખ્ય રૂપે આ હેતુઓ પણ અહીં દેખાય છે.

ગોસ્વામીજી સાત સોપાનમાં મંગલાચરણ કરે છે. પછી એમને આ પરમ શ્લોકને લોક સુધી પહોંચાડવા છે. ગોસ્વામીજી કરુણા તો જુઓ ! ઘણા બુદ્ધિજીવી લોકો કહે છે કે ગોસ્વામીજીનું સંસ્કૃત નબળું હશે! એવા લોકોને શું કહેવું? ગોસ્વામીજી ઇચ્છતા હોત તો અદ્ભુત સંસ્કૃતમાં આખો ધર્મગ્રંથ, આખો સદગ્રંથ આપી શકે તેમ હતા, પરંતુ એમની કરુણા કામ કરી ગઈ. શ્લોક ને કેટલાક લોકો સમજી શકે? ગોસ્વામીજીએ શ્લોકને લોક સુધી લઈ જવાનું પોતાનું અવતાર કાર્ય સમજ્યું હતું. એમને સમજાયું હતું કે શ્લોકને લોક સુધી પહોંચાડવા એ મારું જીવન કાર્ય છે. અને સંસારમાં જેટલા જેટલા પુરુષ થયા છે એ બધા લોકોની બોલીમાં જ કહી ગયા છે. સંસ્કૃતનો મહિમા તો છે જ, પરંતુ એમના આશીર્વાદ લઈને આ બુદ્ધપુરુષો લોકબોલીમાં, દેહાતી ભાષામાં, ગ્રામ ગિરામાં ઊતરી આવ્યા. જુઓ, બિલકુલ લોકબોલીમાં આવીને બેઠા. મહાવીર સ્વામીને જુઓ, લોકબોલીમાં આવીને બેઠા. વિશ્વના જેટલા મહાપુરુષો છે એ બધા પોત પોતાની લોકબોલીમાં નીચે આવ્યા છે.

તો ગોસ્વામી ગ્રામગિરાનો ઉપયોગ કરવાનો નિર્ણય કરી લે છે. છેવાડાની વ્યક્તિ રામતત્ત્વથી વંચિત ન રહી જાય એટલા માટે એમના સુધી રામને યોગ્ય રીતે પહોંચાડવા માટે ગોસ્વામીજીએ લોકબોલીનો આશ્રય લીધો અને એમ, ગ્રામગિરામાં, દેહાતી ભાષામાં તુલસીના રામચરિત માનસનો આરંભ થાય છે.

યુવાનોને હું પ્રાર્થના કરું કે ક્યારેક હાથમાં ' વિદુરનીતિ' આવે તો એકવાર વાંચો. મહાત્મા વિદુરને વાંચો. મહાત્મા વિદુર અદ્ભુત છે! તેઓ કહે છે, ક્ષમા એ અસમર્થોનો ગુણ છે. જે અસમર્થ છે, પરંતુ સમર્થોનું આભૂષણ છે. 'મહાભારત' જ આવું કહી શકે. કોઈ ગ્રંથોમાં ભેદ કરવા નથી માગતો, પરંતુ ભારતીય વાંગ્મય સિવાય આવું કહેવાની કોઈની તાકાત નથી સાહેબ! બાપ, રામકથાનો આદર્શ છે કે આપણાંથી જે નાનાં હોય તેના માટે ત્રણ વાત યાદ રાખો. ભૂલ કરે તેને ક્ષમા આપી દો. ન સમજે તેના પ્રત્યે ઉદારતા રાખો. આપણાથી જે નાનાં છે તેના પ્રત્યે કરુણા રાખો. વાત બની જશે. પરંતુ આપણાથી જે મોટા હોય તે ભૂલ કરે તો શું કરવું એવો પ્રશ્ન તમને થાય. એની સાથે કેવો વ્યવહાર કરવો? તમારા પરિવારમાં જે મોટા છે, એ ભૂલ કરે, પાપ કરે, તમે ભગવદભજન કરી રહ્યા છો, છતાં તે નફરત કરે; તમે યોગ્ય ખાવાનું ખાઈ રહ્યા છો, એ ભક્ષ્યાભક્ષ્ય કરે, તમે કશું પીતાં નથી, એ પીયે છે- અને એ મોટા છે-તો એમની સાથે કેવો વ્યવહાર કરવો? જે કુકર્મ કરે છે, એ ભલે મોટા હોય, તો પણ એ બધા નાનાં છે. તમારાથી ભલે ઉમરમાં મોટા હોય, એવા સંજોગોમાં એને પણ ક્ષમા કરો.

આપણું અધ્યાત્મ જગત વય, લિંગ જોતું નથી. કારણ પાપકર્મ કરવાવાળા સદૈવ નાનાં હોય છે. મોટા તો કદી પાપકર્મ કરી જ નથી શકતા. ધ્રુવનો બાપ ધ્રુવથી નાનો હતો, પ્રહલાદનું પણ એમ જ. તમારાથી નાનાં હોય તેના પર કરુણા રાખો. 'બડે સનેહ લઘુન્હ પર કરહીં' એ સૂત્ર છે. 'જાહી દીન પર નેહ'- શિવજીના વિશે લખ્યું છે. આપણાથી નાનાં હોય એના પર કરુણા કરો, એના પર ઉદાર બનો, ક્ષમા કરો, આદર આપો, માન કરો-સમ્માન કરો.

- સંકલનઃ જયદેવ માંકડ

# બેટા શુકદેવ! મહારાજ જનક જ્ઞાનીઓના શિરતાજ છે

અલૌકિક દર્શન

ભાણદેવ
feedback@bombaysamachar.com

(ગતાંકથી ચાલુ)

ભગવાન વ્યાસદેવના શિષ્યોએ આ શ્લોક કંઠસ્થ કરી લીધા અને અરણ્યમાં જતા ત્યારે તેઓ હિંસક પ્રાણીઓથી બચવા માટે આ શ્લોકોનું ગાન કરતા. એક વાર તેઓ અરણ્યમાં આ શ્લોકોનું ગાન કરતા હતા ત્યારે યથેચ્છ વિહરણ કરતા શુકદેવજી ત્યાં આવી ચડ્યા. તેમણે આ બંને શ્લોકો સાંભળ્યા. આવા પ્રેમરસભરપૂર શ્લોકો સાંભળીને શુકદેવજી મંત્રમુગ્ધ બની ગયા. તેઓ વ્યાસ-શિષ્યોને આ શ્લોકો વારંવાર ગાવા માટે આગ્રહ કરવા લાગ્યા. 'ભાગવત'ના આ શ્લોકો માટે તેમનો આવો અનુરાગ જોઈને વ્યાસ-શિષ્યોએ તેમને કહ્યુંઃ

'અરે, મુનિમહારાજ! અમારા ગુરુમહારાજે આવા અઢાર હજાર શ્લોકોની રચના કરી છે. આપને આટલો રસ છે તો આપ અમારા આશ્રમમાં પધારો.'

'શ્રીમદ્ભાગવત'ના આ શ્લોકોથી આકર્ષાઈને શુકદેવજી વ્યાસાશ્રમમાં ગયા અને ત્યાં રહીને તેમણે ભગવાન વ્યાસજી પાસે સમગ્ર 'ભાગવતસંહિતા'નું અધ્યયન કર્યું. આમ ભગવાન વ્યાસજીની શુકદેવજીને 'શ્રીમદ્ભાગવત' ભણાવવાની મનીષા પૂરી થઈ અને 'શ્રીમદ્ભાગવત'ની પરંપરા જળવાઈ શકી.

વામદેવ અને શુકદેવ બે એવા પુરુષો છે, જેઓ જ્ઞાન પામીને પછી જન્મ્યા હતા. બંને ગર્ભજ્ઞાની હતા. શુકદેવજી જ્ઞાની છે, પ્રેમી છે અને યોગી પણ છે. શુકદેવજી જન્મીને શીખ્યા નથી, શીખીને જન્મ્યા છે. વસ્તુતઃ તેમને કોઈ ગુરુની આવશ્યકતા નથી, પરંતુ પરંપરા એવી છે કે ગુરુના પ્રમાણપત્ર વિના અધ્યાત્મયાત્રાની પૂર્ણાહુતિ થતી નથી. જ્યાં સુધી ગુરુ શિષ્યને અધ્યાત્મસિદ્ધિનું પ્રમાણ ન આપે ત્યાં સુધી શિષ્યને સંતૃપ્તિ અનુભવાતી નથી. ત્યાં અજ્ઞાનના સંશયનો શિષ્યના ચિત્તમાંથી સર્વથા લોપ થતો નથી. ભગવાન વ્યાસ પણ જ્ઞાની પુરુષ છે, અરે! જ્ઞાનીઓના શિરતાજ છે. ભગવાન વ્યાસે શુકદેવજીને 'શ્રીમદ્ભાગવત' ભણાવ્યું છે. આમ છતાં શુકદેવજી માટે તેમનું પ્રમાણપત્ર ચાલે નહીં, કારણ કે ભગવાન વ્યાસ પિતા છે. પિતાના વાત્સલ્યે ગુરુત્વમાં બાધા ઊભી કરી છે, તેથી શુકદેવજીએ અધ્યાત્મયાત્રાની પૂર્ણાહુતિ માટે, અધ્યાત્મસિદ્ધિના પ્રમાણપત્ર માટે અન્ય ગુરુ પાસે જવું આવશ્યક બન્યું.

ભગવાન વ્યાસદેવે શુકદેવજીને મહારાજ જનક પાસે મોકલ્યા. ભગવાન વ્યાસજીએ શુકદેવજીને આજ્ઞા આપીઃ

'બેટા શુકદેવ! મહારાજ જનક જ્ઞાનીઓના શિરતાજ છે. તમે જ્ઞાનપ્રાપ્તિ માટે તેમની પાસે જાઓ.'



શુકદેવજી જનક મહારાજ પાસે જાય છે. શુકદેવજી જ્ઞાની પુરુષ તો છે જ, તો પણ ગુરુના પ્રમાણ માટે ભગવાન વ્યાસે તેમને ગુરુ પાસે મોકલ્યા છે. જનકજી તો ગૃહસ્થ છે, રાજવી છે અને શુકદેવજી તો આજન્મ ત્યાગી છે, તો પણ શુકદેવજી તેમની પાસે જાય છે. મહારાજ જનકની રાજધાની મિથિલામાં શુકદેવજી પ્રવેશે છે. અનવરત બ્રહ્મભાવમાં અવસ્થિત શુકદેવજીને તો સર્વત્ર 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' જ જણાય છે. સર્વત્ર બ્રહ્મદષ્ટિ રાખનાર શુકદેવજીને તો નગરજનો, મકાનો, પશુઓ, વસ્તુઓ આદિ સર્વ બ્રહ્મરૂપે જ જણાય છે. નગરના મુખ્ય દ્વારમાંથી પ્રવેશીને રસ્તા પરથી પસાર થઈને શુકદેવજી રાજમહેલના દ્વાર પર પહોંચ્યા. જનકમહારાજે અગાઉથી આપી રાખેલી આજ્ઞા પ્રમાણે મહેલના દ્વાર પર તેમને ત્રણ દિવસ સુધી રોકી રાખવામાં આવ્યા. તેમનો સ્વાગત-સત્કાર પણ ન થયો. શુકદેવજી ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ સુધી અન્ન-જળ વિના ઊભા રહ્યા. ત્રણ દિવસ પછી તેમને રાજમહેલમાં પ્રવેશ મળ્યો. મહારાજ જનક અંતઃપુરમાં હતાં. શુકદેવજીને ફરીથી અંતઃપુરના દરવાજે ત્રણ દિવસ સુધી રોકી રાખવામાં આવ્યા. ત્યાં પણ તેમનો સ્વાગત-સત્કાર ન થયો. ત્યાં પણ શુકદેવજી ત્રણ દિવસ સુધી અન્ન-જળ અને સત્કાર વિના જ ઊભા રહ્યા. ત્રણ દિવસ પછી શુકદેવજીને અંતઃપુરમાં પ્રવેશવાની અનુમતી મળી. આવો ઘોર અનાદર છતાં શુકદેવજીને અપમાન લાગ્યું નહીં. બ્રહ્મનિષ્ઠને અપમાન શું?

અંતઃપુરમાં પ્રવેશીને શુકદેવજીએ જોયું કે મહારાજ જનક તો રાણીઓ સાથે રંગરાગમાં રોકાયેલા છે. મહારાજ જનકે તેમની સામે પણ ન જોયું. ઘોર ઉપેક્ષા છતાં શુકદેવજી બ્રહ્મભાવમાંથી ચલિત થતા નથી. શુકદેવજી મહારાજ જનકને શિષ્યભાવે પ્રણામ કરે છે.

મહારાજ જનક શુકદેવજીને પૂછે છેઃ 'શુકદેવજીઃ 'રસ્તામાં શું જોયું?'

શુકદેવજી : 'મીઠાઈની દુકાનો.'
જનકજી : 'મીઠાઈની દુકાનોમાં શું જોયું?'
શુકદેવજી : 'સાકરની વાનગીઓ.'
જનકજી : 'વેચનાર કોણ હતા?'
શુકદેવજી : 'સાકરનાં પૂતળાં.'
જનકજી : 'ખરીદનાર કોણ હતા?'
શુકદેવજી : 'સાકરનાં પૂતળાં.'
જનકજી : 'બીજું શું જોયું?'
શુકદેવજી : 'સર્વત્ર સાકરનાં પૂતળાં, સાકરનાં મકાનો, સાકરના ઘોડા, સાકરના હાથી, સાકરના રસ્તા, સાકરની ધરતી.'
જનકજી : 'અત્યારે અહીં શું જુઓ છો?'
શુકદેવજી : 'એક સાકરનું પૂતળું બીજા સાકરના પૂતળાં સાથે વાત કરી રહ્યું છે.'

મહારાજ જનક પ્રમાણપત્ર આપે છેઃ

'શુકદેવજી-મહારાજ! તમને પરમ જ્ઞાનની પ્રાપ્તિ થઈ ચૂકી છે. હવે તમારે કોઈ ગુરુની આવશ્યકતા નથી. તમે જ્ઞાની છો. જ્ઞાનીઓના શિરતાજ છો.'

શુકદેવજી પાછા ફરે છે. જનક મહારાજ પાસે શુકદેવજી જ્ઞાન પ્રાપ્ત કરતા નથી. જ્ઞાની તો તેઓ છે જ. જનક મરાહાજ શુકદેવજીને જ્ઞાની હોવાનું પ્રમાણ આપે છે. શુકદેવજીનો જ્ઞાનનિશ્ચય શંકાતીત થયો. સદ્ગુરુના પ્રમાણની આ જ મહત્તા છે.

શુકદેવજીએ આશ્રમ બાંધ્યો નથી. તેઓ નારદજીની જેમ અનિકેત છે. શુકદેવજી યથેચ્છ વિહરણ કરે છે. શુકદેવજીએ વર્ણ અને આશ્રમનાં કોઈ ચિહ્નો ધારણ કર્યાં નથી. તેમની અવધૂત-અવસ્થા છે અને તેમનો અવધૂત-વેશ છે.

શુકદેવજીની સિદ્ધિ સાધનાને પરિણામે મળેલી સિદ્ધિ નથી. તેઓ જન્મસિદ્ધ છે. શુકદેવજીનું બ્રહ્મચર્ય સિદ્ધ કરેલું બ્રહ્મચર્ય નથી, તેઓ જન્મસહજ બ્રહ્મચારી છે. પૃથ્વીલોકના પવિત્ર પુરુષોની ગણના કરતી વખતે શુકદેવજીનું નામ પ્રથમ લેવાય છે. શુકદેવજીએ આસક્તિઓના પરિત્યાગપૂર્વક વૈરાગ્ય કેળવ્યો નથી, તેમનો જન્મસિદ્ધ વૈરાગ્ય છે.

મહારાજ પરીક્ષિતજી પ્રાયોપવેશનવ્રત લઈને ગંગાના કિનારે શુકતાલમાં આસનસ્થ થયા છે. આર્યાવર્તના ઋષિઓ-મુનિઓ તેમની પાસે બેઠા છે. પરીક્ષિતજીએ તેમને માનવના સર્વોચ્ચ કર્તવ્ય વિશે, વિશેષતઃ મરણોન્મુખ માનવના સર્વોચ્ચ કર્તવ્ય વિશે પ્રશ્ન પૂછ્યો છે. સભામાં આ પ્રશ્નની વિચારણાનો પ્રારંભ થયો છે. તે જ વખતે યથેચ્છ વિહરણ કરતાં શુકદેવજી ભગવત્પ્રેરણાથી તે સભામાં પ્રવેશ કરે છે.

શુકદેવજી સભામાં પ્રવેશ કરે છે, તે જ વખતે જેમ એક વ્યક્તિ ઊભી થાય તેમ એકસાથે આખી સભા ઊભી થઈ ગઈ. આર્યાવર્તના સર્વશ્રેષ્ઠ ઋષિમુનિઓ અને આર્યાવર્તના સમ્રાટ એક બાળકના આગમનથી તેમને માન આપવા ઊભા થઈ ગયા. સૌએ સાથે મળીને તેમને ઉચ્ચાસને બેસાડ્યા. શુકદેવજીનો આવો મહિમા છે.

પરીક્ષિતમહારાજે જે પ્રશ્ન સૌ ઋષિમુનિઓને પૂછ્યો હતો તે જ પ્રશ્ન હવે તેઓ શુકદેવજીને પૂછે છેઃ

'હે શુકદેવજી-મહારાજ! સર્વ અવસ્થામાં અને વિશેષતઃ મરણોન્મુખ અવસ્થામાં માનવનું સર્વોચ્ચ કર્તવ્ય કયું?'

આખી સભામાં પરમ શાંતિ છવાઈ ગઈ છે. ભારતવર્ષના શ્રેષ્ઠ ઋષિમુનિઓ અને મહારાજ પરીક્ષિત જેવા રાજર્ષિ શ્રોતાઓ છે. ગંગાતટનું પવિત્ર સ્થાન છે. શુકદેવજી જેવા મહામહિમ વક્તા છે. જીવનના સર્વોચ્ચ પ્રશ્નનો ઉત્તર આપવાનો છે. શુકદેવજી મહારાજ આ મૂલ્યવાન પ્રશ્નનો ઉત્તર આપવા તત્પર થાય છે.

શુકદેવજીનો ઉત્તર તે જ છેઃ 'શ્રીમદ્ ભાગવત'. (ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

# યતો ધર્મસ્તતો જયઃ જ્યાં ધર્મ છે ત્યાં વિજય છે



મહાભારતની આ પ્રસિદ્ધ ઉક્તિ છે, યતો ધર્મસ્તતો જયઃ, અર્થાત જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે. વિજય માટે ધર્મ આવશ્યક છે. ધર્મ જ વિજય અપાવે. જે ધર્મને અપનાવે તેનો વિજય નિશ્ચિત છે. ધર્મ અને વિજય જાણે એકબીજાનાં પર્યાય છે. જ્યાં ધર્મ હોય ત્યાં વિજય હોય, એનો એક અર્થ એમ પણ કરી શકાય કે ધર્મ એ જ વિજય છે, અથવા તો ધર્મને કારણે સ્થાપિત થતી પરિસ્થિતિ એટલે વિજય. જ્યાં ધર્મ છે ત્યાં સત્ય, ન્યાય, નૈતિક મૂલ્યો, કર્તવ્ય પરાયણતા, દૈવી સંપત્તિ અને સાત્વિક વૃત્તિ રહેતી હોવાથી સ્વાભાવિક છે કે વિજય-પતાકા ત્યાં જ લહેરાય. કારણ સમજી શકાય એવું છે. જ્યાં ધર્મ હોય ત્યાં ઈશ્વરનો સહયોગ હોય. મહાભારતનું યુદ્ધ તેનું સાક્ષી છે. જ્યાં ધર્મ હોય ત્યાં યોગેશ્વર શ્રીકૃષ્ણ પણ હોય અને પવનપુત્ર હનુમાનજી પણ હોય. અહીં શ્રીકૃષ્ણ માર્ગદર્શન આપે છે જ્યારે હનુમાનજી ધર્મના વિજયના સાક્ષી બને છે.

મહાભારતના યુદ્ધની અઢાર અક્ષૌહિણી સેનામાંથી દસ અક્ષૌહિણી સેના કૌરવ પક્ષે હતી. સંખ્યાબળ તેમની પાસે વધુ હતું. તે ઉપરાંત ભીષ્મ, દ્રોણ, કર્ણ, દુર્યોધન, દુશાસન, જયદ્રથ જેવાં શક્તિશાળી યોદ્ધા તેમના પક્ષે હતા. તે વખતની રાજ્ય-ધુરા પણ તેમનાં હાથમાં હતી. છતાં પણ તેઓના પક્ષે ધર્મ ન હોવાથી તેમનો પરાજય થયો હતો. યુદ્ધમાં વચ્ચે અમુક સમય એવો આવેલો કે જે વખતે કૌરવોની સ્થિતિ વધુ મજબૂત હતી. અલ્પકાળ માટે આમ થઈ પણ શકે, અલ્પકાળ માટે અધર્મ, અસત્ય, અન્યાય અને અનૈતિકતા જીતી હોય તેમ લાગી પણ શકે, પરંતુ અંતે તો વિજય ધર્મ, સત્ય, ન્યાય અને નૈતિકતાના પક્ષે જ હોય.

યુદ્ધ શબ્દને વિસ્તૃત પરિપ્રેક્ષ્યમાં જોવાની આવશ્યકતા છે. દરેકના જીવનમાં મહાભારતનું યુદ્ધ આવી ન શકે, છતાં પણ દરેક વ્યક્તિ જીવનમાં કોઈને કોઈ યુદ્ધમાં સામેલ તો હોય છે જ. સાંપ્રત સમયે એમ કહી શકાય યુદ્ધ એટલે આપત્તિકાળ, સંઘર્ષના દિવસો, કટોકટીનો સમય, વિપદાનું આગમન કે આવી ચઢેલી કોઈપણ પ્રકારની તકલીફ જનક સ્થિતિ. આવી સ્થિતિમાં જે વ્યક્તિ કે જે પક્ષ, ધર્મ પર અડગ રહે તેનો વિજય નિશ્ચિત હોય છે. એક સમયે એમ જણાય કે પરિસ્થિતિ પરાજય તરફ સરકી રહી છે તો પણ અંતે તો ધર્મનો જ વિજય થતો હોય છે.

ગીતામાં જ્યારે સ્વધર્મે નિધનં શ્રેય એમ જણાવ્યું હોય ત્યારે એ તો સ્વાભાવિક જ છે કે અહીં ધર્મની વ્યાખ્યા જ જુદી છે કારણ કે તે વખતે તો સમગ્ર વિશ્વમાં એક જ સનાતન ધર્મ - સનાતન સંસ્કૃતિ પ્રવર્તમાન હતી. ધર્મ એટલે સ્થાપિત થયેલું ઉત્તરદાયિત્વ, ન્યાય માટેની પ્રતિબદ્ધતા, સત્યનિષ્ઠા, કર્તવ્ય પાલન, સ્થાપિત નૈતિક મૂલ્યોનું આચરણ, મર્યાદાનું પાલન, નિષ્કામ સત્કર્મ માટેનો ભાવ, વ્યક્તિગત અહંકાર અને સ્વાર્થથી મુક્તિ અને વિશાળ પરિપ્રેક્ષ્યમાં સમાજ તથા સૃષ્ટિને સુસંગત જીવન પદ્ધતિ.

ધર્મ શબ્દ સંસ્કૃતના ધૃ ધાતુમાંથી ઉદ્ભવ્યો છે, જેનો અર્થ થાય છે ધારણ કરવું, જાળવી રાખવું, સંભાળવું, જતન કરવું. ધર્મ એ એવી તત્ત્વ-શક્તિ છે કે જેનાથી જગતની વ્યવસ્થા, સામાજિક સંતુલન, ન્યાય પરાયણતા તથા સત્યનો પ્રભાવ ટકી રહે છે. સમાજની સાત્વિક તથા નૈતિક સ્થિતિ માટે ધર્મ અતિ આવશ્યક છે. ધર્મ એક વ્યાપક સિદ્ધાંત છે જે સમાજના દરેક સ્તરે એક યા બીજા સ્વરૂપે પ્રવર્તમાન છે. ધર્મ વ્યક્તિગત હોઈ શકે અને સામાજિક પણ, નૈતિક હોઈ શકે અને આધ્યાત્મિક પણ, રાજકીય હોઈ શકે અને સાંસ્કૃતિક પણ. દરેક સ્વરૂપના ધર્મની એક સકારાત્મક અસર હોય. આ સકારાત્મકતાની સ્થાપના એટલે જ વિજય.

જન્મ અને પરિસ્થિતિ અનુસાર સ્થાપિત ઉત્તરદાયિત્વનું નિર્વહન, દયા કરુણા ક્ષમા અહિંસા જેવાં સાત્ત્વિક ગુણોનું પાલન તથા મૂલ્યનિષ્ઠ સાંસ્કૃતિક પરંપરાનું અનુસરણ જેવી બાબતોનો સમાવેશ ધર્મની ભૂમિકામાં થતો હોય છે. મનુસ્મૃતિ અનુસાર ધૈર્ય, ક્ષમા, ઇન્દ્રિય સંયમ, ચોરી ન કરવી, પવિત્રતા, ભોગ-ઈચ્છાઓ પર નિયંત્રણ, વિવેક, જ્ઞાન, સત્ય અને ક્રોધનો અભાવ, આ ધર્મનાં લક્ષણો છે.

ગીતા પ્રમાણે જે તે સમયનું નૈતિક મૂલ્યોને આધારે નિર્ધારિત થયેલું ઉત્તરદાયિત્વ એટલે ધર્મ. ધર્મના વ્યાપમાં નિષ્કામ કર્મ પણ આવી જાય જેમાં કર્મફળની આશા રાખ્યાં વગર કર્મનો નિભાવ કરવાનો હોય છે. જ્યારે શાંતિની આવશ્યકતા હોય ત્યારે શાંતિની તરફેણ કરવી અને જ્યારે ધર્મની સ્થાપના માટે યુદ્ધ જરૂરી હોય ત્યારે, પીઠ ફેરવ્યા વગર, હારજીતની ચિંતા કર્યા વગર યુદ્ધમાં સંમિલિત થવું તે પણ ધર્મ છે. જેમ કર્મની ગતિ ગહન છે તેમ ધર્મની ગતિ પણ ગહન છે તેમ કહી શકાય.

પોતાના કર્તવ્યનું નૈતિકતાનાં મૂલ્યો જાળવીને નિષ્ઠાપૂર્વક પાલન કરવું એ વ્યક્તિગત ધર્મ છે તેમ કહી શકાય. કૌટુંબિક ધર્મમાં માતા-પિતા અને વડીલોનું સન્માન અને સેવા, બાળકોનો સાત્ત્વિક ઉછેર, પરસ્પરના કર્તવ્યનો નિભાવ, તથા દરેક પ્રસંગમાં પ્રતીત થતી એકજૂટતા જેવી બાબતોનો ઉલ્લેખ કરી શકાય.

સામાજિક ધર્મમાં સ્થાપિત સામૂહિક વ્યવસ્થા માટે સન્માન, દાન, સેવાભાવ, સહકાર, સંતુલિત સહજીવન, મહેનતની કમાણી, ન્યાયપ્રિયતા જેવી બાબતોનો સમાવેશ થાય. આધ્યાત્મિક ધર્મમાં સત્ય, જ્ઞાન, માયાથી મુક્તિ, પવિત્રતા, નિર્દોષતા, નિત્ય-અનિત્યનો વિવેક, સંયમ, આત્મચિંતન તથા સર્વત્ર બ્રહ્મરૂપતા જેવી બાબતો આધારભૂત રહે. એકંદરે એમ કહી શકાય કે ધર્મ એ જીવન જીવવાનો સાત્ત્વિક, નૈતિક તેમ જ પવિત્ર માર્ગ છે. તે પૂજા, યજ્ઞ કે ધાર્મિક ક્રિયાઓનો સમૂહ નથી પરંતુ જગતની વ્યવસ્થાને જાળવી રાખતું અનાદિ અને શાશ્વત તત્ત્વ છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombaysamachar.com

# સહજતા




ગત અંકમાં આત્મનિયંત્રણને માનસિક તપ કહીને હવે ભગવાન કૃષ્ણ સહજતારૂપી માનસિક તપને સમજાવી રહ્યા છે.

આજના ઝડપી અને ટેક્નોલોજીથી ભરેલા યુગમાં દરેક વ્યક્તિ સફળતા અને પ્રગતિ માટે તીવ્ર દોડાદોડ કરે છે. પણ...માણસ થોડીવાર ઊભો રહીને પોતાને પૂછે કે શું હું શાંતિથી જીવું છું?, શું મારા સંબંધોમાં પ્રસન્નતા છે?, શું હું મારા સુખસ્વરૂપમાં જ જીવી રહ્યો છું?

આ પ્રશ્નો વિચાર માંગી લે એવા છે. કેમકે આજના સમયમાં માણસમાં આત્મશાંતિનો ઘણો અભાવ દેખાય છે. ભૌતિક સુવિધાઓ હોવા છતાં ઉંદર-દોડ (rat race) તેમજ બુલેટ ટ્રેન જેવી જીવનશૈલીને કારણે આંતરિક તણાવ વધી રહ્યો છે. વ્યક્તિએ મોટા ઘરો, વાહનો, પદવીઓ તો મેળવી લીધી, પણ શાંતિ ગુમાવી દીધી છે.

આનું કારણ - આપણું મન અસહજ છે. જ્યારે મન અસહજ હોય તો બાહ્ય સુખ-સુવિધાઓ પણ અસહજ જ લાગશે. સહજ મન જીવનને સૌમ્ય બનાવે છે. આમ, સહજતા અને સૌમ્યભાવ સાચા સુખની ચાવી છે.

એક ખેડૂત રોજ સવારે ઉઠીને પોતાના ખેતરમાં જાય છે, માટીના સંગાથે સંવાદ કરે છે, અને સાંજે પોતાનું સાદું ભોજન કરીને આરામથી સુઈ જાય છે. તેની પાસે બહોળી ટેકનોલોજી નથી કે આધુનિક સુવિધાઓ નથી, પણ એ ખુશ છે કારણકે તેનું જીવન સહજ છે. એ જ તેના આત્માને શાંતિ આપે છે, કારણકે એ જીવનને હૃદયથી જીવે છે, દેખાવથી નહીં. તે જ વ્યક્તિ જીવનની નાની-નાની ખુશીઓમાં આનંદ પામે છે.

આમ, સહજતા એ માત્ર સાદગી નથી, પરંતુ એક દૃષ્ટિકોણ છે જ્યાં માણસ પોતાના સ્વરૂપમાં જીવવાનો પ્રયત્ન કરે છે. એ નકલી બનવાનો કે મોટાપણું દેખાડવાનો પ્રયત્ન કરતો નથી. આમ, સૌમ્યભાવ એટલે નમ્રતા, મૃદુતા અને સહાનુભૂતિ. આ બંને ગુણો માનવીને ન માત્ર સમાજમાં શ્રેષ્ઠ બનાવે છે, પણ તેને ભગવાનની નિકટ પણ લાવે છે. પરિણામે તે વ્યક્તિના વ્યક્તિત્વને શાંત અને મૃદુ બનાવે છે. આપણે બીજાની ભૂલને ગુસ્સાથી નહિ, પરંતુ સમજદારીથી આવકારી શકીએ ત્યારે એ સૌમ્યભાવ સાચો હોય છે.

એક શિક્ષક, જ્યારે વિદ્યાર્થીની ભૂલને ગુસ્સાથી નહિ, પરંતુ પ્રેમપૂર્વક સમજાવે છે, ત્યારે તે માત્ર શિક્ષક નહિ, એક માર્ગદર્શક બની જાય છે. એવું વર્તન જે બીજાને અપમાનિત ન કરે પણ ઉન્નતિ તરફ દોરી જાય એ સૌમ્યભાવ છે. ગુસ્સો, દંભ કે ટકરાવથી કોઈ સમસ્યા ઉકેલાય નહીં પણ શાંતિ અને સહકારથી ઉકેલી શકાય છે.

માતા પોતાના સંતાનના ગુસ્સા કે દુઃખને શાંતરૂપે તટસ્થતા સાથે સહે છે, એ સૌમ્યભાવ વાલીને વધુ અસરકારક અને સૌહાર્દપૂર્ણ બનાવે છે. સૌમ્યભાવથી આપણે સંબંધોમાં સહકાર લાવી શકીએ છીએ અને આનાથી લોકો સાથેના વ્યવહારમાં સ્નેહ અને માનસિક સમજૂતી વધે છે. દરેક સંવાદ જ્યારે નમ્રતા અને મૈત્રીભાવથી થાય છે, ત્યારે પરિવારમાં કે સમાજમાં સુખદ વાતાવરણ બને છે. વર્કપ્લેસમાં પણ નમ્ર અને સહજ લોકો વધારે સફળ અને વિશ્વસનીય બનતા હોય છે.

ગીતા કહે છે- સત્ય, અહિંસા, ક્રોધનો અભાવ, ત્યાગ, શાંતિ અને દયા આ દૈવી ગુણો છે. જેમાં સૌમ્યભાવ અને સહજતા બધાનો આધાર છે.

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને એ પણ કહે છે કે સાચો યોદ્ધા તે છે કે જે અંદરથી નિર્મળ છે, જેણે ક્રોધને જીત્યો છે અને જેના હૃદયમાં સૌમ્યભાવ છે. હા, સૌમ્યભાવ અને સહજતા કર્તવ્યહીનતા નથી. અર્જુને જ્યારે સૌમ્યભાવ દેખાડી કર્તવ્ય મૂકવાનો પ્રયાસ કર્યો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે તેને સૌમ્યભાવ અને કર્તવ્યનો તફાવત સમજાવીને અને કર્તવ્યપથ બતાવ્યો. સૌમ્યભાવ એ છે જ્યારે વ્યક્તિ પોતાની શક્તિઓ હોવા છતાં પણ નમ્ર રહે છે.

આજે જ્યારે દુનિયા વધુ સ્વાર્થપ્રધાન બનતી જાય છે, ત્યારે આ ગુણો આપણને આત્મશાંતિ તરફ દોરી શકે છે. જ્યારે આપણે પોતે સહજ બનીએ, ત્યારે આપણું જીવન માત્ર આપણું નથી રહેતું પણ બીજાઓ માટે પણ આશા અને દિશા બની જાય છે.

પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે સહજતાથી જીવન જીવવું એ જ સાચું આધ્યાત્મિક જીવન છે. જ્યાં અહંકાર કે તણાવ નહિ પણ મમત્વ અને દયાળુતા હોય, ત્યાં ભગવાન વસે છે.

અહિંસા, કરુણા, સહનશીલતા, નમ્રતા અને ક્ષમા આ બધા ગુણો માણસાઈના આધાર છે. જ્યારે માણસ બીજાને માફ કરી શકે, મીઠી ભાષામાં વાત કરી શકે અને પોતાના ઈગોને કાબૂમાં રાખી શકે, ત્યારે જ એ આધ્યાત્મિક પ્રગતિ કરે છે. જ્યાં સહજતા હોય ત્યાં સૌમ્યભાવ હોય છે, જ્યાં સૌમ્યભાવ હોય ત્યાં દૈવી ગુણો હોય છે અને જ્યાં દૈવી ગુણો હોય ત્યાં જ ભગવાનનો વાસ થાય છે. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

# દુષ્ટ શક્તિઓના વિનાશ માટે હું હંમેશાં તૈયાર છું



ભગવાન શિવ અને માતા પાર્વતી નીલાંકર અને નીલાને આશીર્વાદ આપી કૈલાસ તરફ પ્રયાણ કરે છે. કૈલાસ પહોંચતાં જ જુએ છે કે દેવર્ષિ નારદ ત્યાં પહેલેથી જ ઉપસ્થિત છે. ભગવાન શિવને જોઈ દેવર્ષિ નારદ કહે છે, 'પ્રભુ, ઘણા સમયે કૈલાસ તરફ આવી રહ્યો હતો આકાશ માર્ગે મેં અસુરગુરુ શુક્રાચાર્યને જોયા. તેઓ કોઈક વિમાસણમાં હોય એવું લાગે છે. તેમની મનઃસ્થિતિ બરાબર લાગતી નથી. તેઓ પોતાના જ આશ્રમમાં દિગ્મૂઢ થઈ અહીં તહીં ફેરા મારી રહ્યા છે. મેં વિચાર્યું કે શુક્રાચાર્ય મારી અન્ય કોઈની વાત સાંભળશે કે માનશે નહીં, એ તમારા પરમ ભક્ત પણ છે. શું તમે એમને સહાય નહીં કરો...' ભગવાન શિવ તેમને કહે છે, 'દેવર્ષિ શું તમારે અસુરગુરુ શુક્રાચાર્યને મળીને તેમને સાંત્વન આપવું ન જોઈએ?' ભગવાન શિવની ઇચ્છાને માન આપી દેવર્ષિ કહે છે, 'પ્રભુ જેવી તમારી ઇચ્છા. હું કોશિશ કરીશ કે શુક્રાચાર્ય ફરી તેમની દૈનિક કાર્યશૈલીમાં પરોવાઈ જાય.' સામે પક્ષે થાકી હારેલા અસુર ગુરુ શુક્રાચાર્ય વિચારે છે કે, 'હું દૈત્યગુરુ હોવા છતાં અસુરો માટે કંઈ કરી શક્યો નથી. મારા માર્ગદર્શન અને આશીર્વાદ મેળવીને અસુર સમ્રાટો પોતાનું સામ્રાજ્ય વિસ્તારી શક્યાં નથી અને અંતે તેમનો વધ પણ રોકી શક્યો નથી, હું પૂર્ણપણે નાકામ છું, મારું જીવન નકામું છે, આ નકામા જીવનના શરીરનો ત્યાગ કરવો આવશ્યક છે.' આવું વિચારી રહેલા અસુરગુરુ શુક્રાચાર્ય પોતાના યજ્ઞ કુંડમાં આહુતિ આપી અગ્નિને પ્રજ્વલિત કરે છે અને પોતાના શરીરને ભસ્મ કરવા યજ્ઞકુંડમાં કૂદકો મારવા તૈયાર થાય છે. આવી પહોંચેલા દેવર્ષિ નારદ કહે છે, 'હે દૈત્યગુરુ શુક્રાચાર્ય આપ આવો અનર્થ ના કરો. સપ્તઋષિમાં શ્રેષ્ઠ ભૃગુઋષિના પુત્ર શુક્રાચાર્ય શું તમને ખબર નથી કે અગ્નિના માધ્યમથી મૃત્યુને પ્રાપ્ત કરી શું તમે અગ્નિના મૂળ સ્વરૂપને બદલી નાખવા માંગો છો? સામે અસુરગુરુ શુક્રાચાર્ય કહે છે, 'હું દૈત્યોના ઉદ્ધાર માટે કંઈ ન કરી શકું તો મારા જીવનનો ઉદ્દેશ શું? કોઈ માર્ગ દેખાતો નથી. હું શું કરું? બધું સમાપ્ત થઈ ગયું છે.' તેમને સમજાવતાં દેવર્ષિ નારદ કહે છે, 'હે શુક્રાચાર્ય, જો બધું સમાપ્ત થઈ ગયું હોય, કોઈ માર્ગ દેખાતો ન હોય તો ફક્ત એક કર્મ શેષ રહી જાય છે અને એ છે ભગવાન શિવની શરણમાં જાઓ.' અસુરગુરુ શુક્રાચાર્ય તેમને પૂછે છે, 'તમે દેવર્ષિ થઈને દૈત્યોના કલ્યાણની વાત કરો છો?' દેવર્ષિ નારદ તેમને કહે છે, 'હું પોતાને દેવર્ષિ માનતો જ નથી અને જે દિવસે હું પોતાને દેવોના ઋષિ તરીકે માનીશ એ દિવસથી મને પણ અભિમાન આવી જશે. હું મારા હરિથી દૂર થઈ જઇશ.'

***

અસુરગુરુ શુક્રાચાર્યઃ 'તમે કોણ છો? એ બાબતે હું હંમેશાં તમને ઓળખવામાં ભૂલ કરું છું. દેવર્ષિ મને માફ કરો.'

દેવર્ષિ નારદઃ 'શુક્રાચાર્ય તમે તો વંદનના અધિકારી છો, હું કંઈ જ નથી, હું ફક્ત પરમપિતા બ્રહ્માજીનો માનસપુત્ર, મારા આરાધ્ય શ્રીહરિ વિષ્ણુનો ભક્ત અને દેવાધિદેવ ભગવાન શિવનો અનુચર છું. આ ત્રિદેવોના આદેશનું પાલન કરવું જ મારા જીવનનો ઉદ્દેશ છે. તમારા જીવનનો ઉદ્ધાર ભગવાન શિવ દ્વારા જ શક્ય છે.'

આટલું કહી દેવર્ષિ નારદ ત્યાંથી વિદાય લે છે.

***

કૈલાસ ખાતે માતા પાર્વતી ભગવાન શિવની પૂજા અર્ચના માટે પધારે છે. ભગવાન શિવને જોઈ માતા હર્ષ અનુભવે છે.

માતા પાર્વતીઃ 'સ્વામિ તમે જ્યારે જ્યારે આ ગજચર્મ ધારણ કરો છો ત્યારે ખૂબ જ આકર્ષક લાગો છો, અને પુત્ર ગણેશની યાદ આવે છે.'

માતા પાર્વતી દ્વારા ભગવાન ગણેશને યાદ કરાતાં ભગવાન ગણેશ ત્યાં પ્રગટ થાય છે.

માતા પાર્વતીઃ 'તમારા પિતાએ ગજચર્મ ધારણ કર્યું ત્યારે તમે કેમ અહીં ઉપસ્થિત નહોતા.'

ભગવાન ગણેશઃ 'માતા મારે ઉપસ્થિત ત્યારે જ થવાનું છે જ્યારે તમે બંને મને યાદ કરો. તમે બંનેએ મને યાદ કર્યો હું હાજર છું. બોલો તમારી શું સેવા કરું?'

માતા પાર્વતીઃ 'ગણેશ, મારી પુત્રવધૂઓ સિદ્ધિ અને બુદ્ધિ કુશળ તો છે ને? ઘણા સમયથી તેઓ કૈલાસ નથી આવ્યા. તેઓને તમારા કારણે કોઈ કષ્ટ તો નથી ને?'

ભગવાન શિવઃ 'દેવી તમે કેવો પ્રશ્ન પૂછી રહ્યા છો? પતિના કારણે કોઈ પત્નીને કષ્ટ પડી શકે? અને એ પણ ગણેશ જેવા ચતુર અને મહાન પતિથી.'

ભગવાન ગણેશઃ 'હું મારા ભક્તોને તેમની ભક્તિના ફળ આપવા ઘણીવાર ગણેશ લોકથી બહાર રહું છું, એ સમયે સિદ્ધિ અને બુદ્ધિ વ્યાકુળ રહે છે. એક વખત તેમણે માતાને પણ આ બાબતે કહ્યું હતું, તેથી માતા તેમની ચિંતા કરે એ સ્વાભાવિક છે.'

ભગવાન શિવઃ 'ગણેશ જવાબદારી મળવી અને તેની સંભાળવી બહુ મુશ્કેલ છે. આ બંને વચ્ચે સંતુલન મેળવનાર વ્યક્તિ પૂજનીય હોય છે.'

માતા પાર્વતીઃ 'ગણેશ શું તમે સિદ્ધિ અને બુદ્ધિને પ્રસન્ન કરવા ગણેશ લોકમાં જ રહો છો?'

ભગવાન ગણેશઃ 'હાં માતા, તેમને પ્રસન્ન કરવાના ચક્કરમાં મારા ભક્તોની સંખ્યા ઘટી રહી છે.'

ભગવાન શિવઃ 'ગણેશ દરેકે સમજવું જોઈએ કે લગ્ન બાદ નવા સંબંધમાં જોડાવું એ યોગ્ય છે પણ જૂના સંબંધો ભૂલી જવા યોગ્ય નથી. ભક્તો બહુ શંકાળુ હોય છે તેઓ ઇચ્છે છે કે તેમના આરાધ્ય એક જ બૂમમાં તેમની પાસે પહોંચી જાય. ઘણીવાર આરાધ્ય જલ્દી દર્શન ન દેતાં તેઓ ચિંતામાં ઘેરાઈ જાય છે. તમારા ભક્તોને શંકા અને ચિંતાથી દૂર કરો. તમે પ્રથમ પૂજ્ય છો તમારા ભક્તો પ્રત્યેની જવાબદારી કોઈપણ દેવતાથી વધુ છે.'

ભગવાન ગણેશઃ 'આપના માર્ગદર્શનથી હું સંતુષ્ટ છું. દરેક ભક્તો સાથે હું મધુર સંબંધ સ્થાપિત કરીશ.'

માતા પાર્વતીઃ 'ગણેશ, તમે દરેક ક્ષેત્રે સફળ થાઓ એવા મારા આશીર્વાદ.'

***

એ જ સમયે અસુરગુરુ શુક્રાચાર્ય ત્યાં પધારે છે.

અસુરગુરુ શુક્રાચાર્ય : 'રક્ષા કરો પ્રભુ, રક્ષા કરો.'

ભગવાન શિવઃ 'શુક્રાચાર્ય ધીરજ ધરો, તમે પર્વત સમાન અટલ રહેવા સક્ષમ છો.'

અસુરગુરુ શુક્રાચાર્ય : 'પ્રભુ તમે કૃપાનિધાન અને દયાળુ છો, આત્મહત્યા કરવા જઈ રહેલા આ મૂર્ખને માર્ગદર્શન આપવા તમે દેવર્ષિ નારદને મોકલ્યા, હું તમારો ઉપકાર ક્યારેય નહીં ભૂલું. તમારો આભાર વ્યક્ત કરવા હું અહીં આવ્યો છું.'

ભગવાન શિવઃ 'તમારી ઉપસ્થિતિનો ઉદ્દેશ હું સારી રીતે જાણું છું. જીવમાત્રના આરાધ્ય હોવાને નાતે સંકટમાં પડેલી દૈત્યજાતિના ઉત્થાન માટે હું આશ્વાસન આપું છું.'

અસુરગુરુ શુક્રાચાર્ય : 'દેવાધિ દેવ મહાદેવ, તમારી ઇચ્છા સિવાય ત્રણે લોકોમાં એક પત્તું પણ હલતું નથી. મહાદેવ તમે તો જાણો જ છો કે દૈત્ય જાતિના ઉત્થાન સિવાય મારું જીવન વ્યર્થ છે.'

ભગવાન શિવઃ 'દૈત્ય જાતિનું ઉત્થાન તમારા જ હાથમાં છે શુક્રાચાર્ય. હું તમને આશ્વાસન આપું છું કે તમે હવે જે દૈત્યને દૈત્યજાતિના ઉત્થાન માટે પ્રેરિત કરશો તેનો વધ હું નહીં કરું.'

અસુરગુરુ શુક્રાચાર્ય : 'એટલે પ્રભુ તમારી ઇચ્છા ગણેશ દ્વારા દૈત્યોનો વિનાશ કરવાની છે, તેમને કહો કે દૈત્યોને પણ જીવવાનો અધિકાર છે.'

ભગવાન ગણેશઃ 'પિતાશ્રી તમે શુક્રાચાર્યને ચેતવણી આપી જ રાખો કે, તમે દૈત્યોને નીતિ અને ન્યાયનું જ્ઞાન આપો જેથી તેઓ નીતિથી વિમુખ થઈ અન્યાય ન કરે. સંસારમાં અરાજકતા ફેલાવનાર દુષ્ટ શક્તિઓના વિનાશ માટે હું હંમેશાં તૈયાર છું.'

ભગવાન શિવઃ 'જાઓ શુક્રાચાર્ય, તમારા કાર્યને આગળ વધારો.'

(ક્રમશઃ)■

ફોકસ

આર.સી. શર્મા
feedback@bombaysamachar.com

# મુક્તિનું મૂળ સ્થાનઃ હરિહરનાથ મંદિર

બિહારમાં આવેલ સોનપુર જિલ્લામાં પવિત્ર ગંગા નદી અને ગંડક નદીઓનો સંગમ થાય છે. તે જગ્યાએ હરિહરનાથ મંદિર આવેલું છે, જે મૌર્યકાળ કરતાં પણ જૂનું છે અને સ્કન્દ પુરાણમાં હિંદુઓ માટે મુક્તિનું મૂળ સ્થાન માનવામાં આવે છે. હરિહરનાથ મંદિર બિહાર કે ભારતનું જ નહિ પરંતુ સંપૂર્ણ હિંદુ ધર્મનું પ્રતીક છે. હરિહર મંદિરની એક આધ્યાત્મિક ઓળખ છે. અહીં ભગવાન હરિ એટલે કે ભગવાન વિષ્ણુ અને હર એટલેકે, શિવ ભગવાન એક જ પાસાની બે બાજુ તરીકે ઉભરીને આવે છે. બીજી રીતે કહીયે તો આ સ્થાન એટલે હરિહરનાથ મંદિર હરિ અને હરનું એક અદભુત સમન્વય છે. આ હવિત્ર જગ્યાની માન્યાત એ છે કે, કાર્તિક પૂર્ણિમાથી શરૂ થઈને એક મહિના સુધી જે પણ વ્યક્તિ અહીં પવિત્ર સ્નાન કરીને પછી જ હરિહર નાથના દર્શન કરે છે તે જન્મ મરણના ચક્રથી મુક્ત થઇ જાય છે.તેથી જ આ મંદિરને હરિહર મંદિર કહેવાય છે . આખી દુનિયામાં આ એવું એક જ તીર્થ સ્થાન છે જ્યાં ભગવાન શિવ અને ભગવાન વિષ્ણુને સમાન રૂપે પૂજવામાં આવે છે. આ તીર્થ સ્થાન હિન્દુઓની સૌથી જૂની મોક્ષ ભૂમિઓ માંથી એક છે જ્યાં ધર્મ, દર્શન અને લોક સંકૃતિનો ત્રિવેણી સંગમ છે.

**આ સ્થાન અન્ય તીર્થોથી અલગ કેમ છે?**

વર્ષોથી આ હિંદુ ધર્મની એક એવી પરંપરાનું પ્રતીક છે કે જ્યાં દેવતાઓમાં કોઈ ભેદ ભાવ નથી કરવામાં આવતો. અહીં એકતાની ભાવના જ સર્વોચ્ચ છે. આના લીધે જ આખી દુનિયાના તીર્થોથી આ સ્થાન અલગ અને વિશેષ છે. અહીં ભક્ત ભગવાન વિષ્ણુની શરણમાં પણ આવે છે અને શિવની કૃપા પણ મળે છે. આ તીર્થ સ્થાનનું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ઘણું છે. આ ધાર્મિક સ્થળને લઈને એક પૌરાણિક કથા પણ ખૂબ જ પ્રચલિત છે. એક વખત હાથી અને મગરમચ્છની વચ્ચે ગંડક નદી પર યુદ્ધ ચાલી રહ્યું હતું. જ્યારે હાથીને એમ લાગ્યું કે તે મગરમચ્છથી જીતી નહિ શકે તો તેને ભગવાન વિષ્ણુનું સ્મરણ કર્યું અને સાક્ષાત ભગવાન વિષ્ણુ પ્રગટ થયા અને તેમને મગરમચ્છનો વધ કર્યો. તે જ વખતે ભગવાન શિવ પણ પ્રગટ થયા અને તેમણે ભગવાન વિષ્ણુને દર્શન આપ્યા. ત્યારથી જ આ સ્થાન હર અને હરિ એટલે કે ભગવાન વિષ્ણુ અને ભગવાન શિવનું સ્થળ કહેવાય છે. ધાર્મિક વાર્તાઓમાં સૌથી પ્રાચીન મુક્તિ સ્થાન હોવાનું ગૌરવ પ્રાપ્ત છે .

**ધાર્મિકતા સાથે સાંસ્કૃતિક વિરાસત**

ગંગા અને ગંડક સંગમ પાર સોનપુર મેળાનું આયોજન થાય છે જે દર વર્ષે કાર્તિકી પૂર્ણિમાના દિવસે ચાલુ થઈને આગળ એક મહિના સુધી ચાલે છે. આ સમયમાં જે પણ અહીં આવીને દર્શન કરે તેમને મૃત્યુ બાદ મોક્ષ મળે છે. ■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજયગુરુ
feedback@bombaysamachar.com

# નામ પામ્યો પણ રામને નવ લહ્યા?



સાધના માટેના મંત્રોમાં બે પ્રકાર છે : નાદાત્મક બીજ મંત્રો (ૐ-પ્રણવ,ઐં, શ્રીં,ક્રીં,ક્લીં,સૌં,હ્રીં.....વગેરે, જેનું સાધ્ય અતિ સૂક્ષ્મ હોય.) અને વર્ણાત્મક - સાર્થ-સાકાર(પંચાક્ષર, નવાક્ષર,દશાક્ષર, દ્વાદશાક્ષર...વગેરે મંત્રો,જેનું સાધ્ય સૂક્ષ્મ પણ હોય અને સ્થૂલ પણ હોય.) એ જ્યારે શ્વાસ-પ્રાણ સાથે જોડાઈ જાય અને એક એક શ્વાસની સાથે મંત્ર રટણ ચાલુ થઈ જાય તેનું નામ અજપાજાપ. જેને સંતો નામ-વચનની સાધના તરીકે ઓળખાવે છે. આપણે શ્વાસ બહાર કાઢીએ ત્યારે હકારનો ધ્વનિ અને આપણે શ્વાસ અંદર ખેંચીએ ત્યારે સકારનો ધ્વનિ સંભળાય છે, આ હંસઃને સાધક ઉલટાવે ત્યારે સોહં ધ્વનિ થાય. જેને લોકસંતો મૂળ વચનની સાધના કહે છે.

શાક્તમતના તાંત્રિક યોગીઓમાં પણ સમયાચાર, કૌલાચાર અને મિશ્રાચાર એ ત્રણ ધારાઓ વહેતી રહી છે. (મૂલાધાર ચક્રમાંના પૃથ્વીતત્ત્વમાં સ્થિત કુંડલિની શક્તિને ઉપર ઉઠાવીને સહસ્રાર સ્થિત અકુલ (પરાત્પર પરમશિવ)સુધી પહોંચાડનારા તે કૌલ.) નાથસંપ્રદાયમાં યોગ અને તંત્ર એ બેઉ પ્રવાહો સમાન રૂપમાં વહેતા આવ્યા છે. જેમાં યોગનો સંબંધ શિવ સાથે છે અને તંત્રનો સંબંધ શક્તિ સાથે. અમુક ધારાના નાથયોગીઓનો સંબંધ શાક્ત તાંત્રિકોની 'કૌલધારા' સાથે રહ્યો છે. કાશ્મીરી શૈવ તાંત્રિકોમાં તત્ત્વતઃ શિવ અને શક્તિને અભિન્ન માનવા છતાં 'પ્રત્યભિજ્ઞા સંપ્રદાય' શિવ ઉપાસના કરે, જ્યારે 'સ્પંદ સંપ્રદાય' કરે શક્તિની આરાધના. કૂલાર્ણવ તંત્ર મુજબ વેદાચાર,વૈષ્ણવાચાર,શૈવાચાર અને દક્ષિણાચાર એ ચાર શુદ્ધ સાત્ત્વિક ભાવ ધરાવતા સાધકો માટે, સિદ્ધાંતાચાર અને વામાચાર એ વીરભાવના સાધકો માટે અને કૌલાચાર(પૂર્વ અને ઉત્તર કૌલ) એ દિવ્યભાવના સાધકો માટેની સાધનાની કેડીઓ છે. યોગ એટલે મિલન : પ્રાણ-અપાનની એક્તા, રજ-બીજની એક્તા, જીવાત્મા- પરમાત્માની એક્તા. સામાન્ય જીવ પ્રાણ અને અપાન વાયુ દ્વારા ઉપર-નીચે સદૈવ ખેંચાતો જ રહે છે એને સમરસ કરવો તેનું નામ સાધના. ચાર પ્રકારના યોગ : મંત્રયોગ ( શુદ્ધ મન માટે ), હઠયોગ ( શુદ્ધ શરીર માટે), લયયોગ(શુદ્ધ ચિત્ત માટે), રાજયોગ(શુદ્ધ આત્મા માટે). ક્રમ સાધના : પિપિલિકા માર્ગ, મંડુકમાર્ગ, મીનમાર્ગ. અક્રમ સાધના : વિહંગમમાર્ગ. હઠયોગ પણ અનેક પ્રકારના હોય છે. એક છે પ્રાણ નિરોધક઼ જે શ્વાસ-ઉચ્છવાસ પર નિયંત્રણ કરીને, મનને સ્થિર કરવાના પ્રયાસો કરે. બીજા પ્રકારનો હઠયોગ તે બિન્દુ નિરોધક઼. જે સંપૂર્ણ બ્રહ્મચર્યવ્રત ધારણ કરીને, મન,વચન,કાયા, ક્રિયાથી શુક્ર-વીર્યને સાંચવવાનો પ્રયાસ કરે. (એમાં તાંત્રિક ક્રિયાઓ દ્વારા લિંગ દ્વારા પાણી-દૂધ-ઘી કે નારીના રજ વગેરે પ્રવાહીને ખેંચી પોતાના અંડાશય સુધી પહોંચાડે) અને ત્રીજા પ્રકારનો હઠયોગ સંપૂર્ણ કાષ્ટમૌન ધારણ કરીને શબ્દની ઉપર નિયંત્રણ રાખી - વિચારને સ્થિર કરી નિર્વિચારની દશા સુધી લાવવાના પ્રયાસો કરે. ચોથા પ્રકારનો હઠયોગ શરીર ઉપર વિવિધ પ્રકારનાં દમનનો, જેમાં કેટલાક સાધકો (પોતાની સાત્ત્વિક,રાજસી,તામસી કે દિવ્ય ઉપાસના મુજબ) ઉપવાસ કરે, નિર્જળા રહે, જમીનમાં દટાય, પંચાગ્નિમાં તપ કરે, દિગંબર રહે, એકાન્તવાસી બની રહે, મળમૂત્રથી ખરડાય, સૂરાપાન કરે, ભક્ષ્યાભક્ષ્યનો ભેદ ન રાખે. જ્યારે લોરસંત-ભક્તો સહજસાધનાથી પરમાત્માની ઉપાસના કરે. નરસિંહ એટલે જ કહે છે :

*અલ્યા નામ પામ્યો પણ રામને નવ લહ્યા ? વૈષ્ણવ પદ કેરાં બીરદ ઝાલે*
*પુત્ર વિના જ્યમ ઘર મધ્યે પારણુ , વર વિના જેવી તો જાન મહાલે...*
*પંડ્યમાં પ્રભુ પણ પ્રગટ પેખે નહી, ફોગટ ભમે વળી બ્રહ્મ તો દૂર ભાળે*
*અગણિત અપારનાં ગણિત લેખાં કરે, દ્વૈત ભાવે કરી માળ ઝાલે*

* * *

*હરિને જાણ્યા વિના હરિ કેરો જન થયો, વાત પકવાનથી ભૂખ ન ભાંજે,*
*વિરહની વેદના ભેખથી ના ટળે, ગગનમાં મેઘ જ્યમ ઠાલો ગાજે..*
*તું એમ જાણે જે હરિજન હું થયો, કિરતન ગાઈ થ્યો ભક્ત ભવમાં,*
*કરણીતો કાગની, હોડ કરે હંસની, નીર ખીર જુદાં ન હોય પલમાં...*
*જો નિરાકારમાં જેહનું મંન ગળે, ભિન્ન સંસારની ભ્રાંતિ ભાંગે,*
*દાસ નરસૈયો તો તેને ચરણે નમેં, જ્ઞાન- વૈરાગ્યની જ્યોત જાગે...*
*અલ્યા નામ પામ્યો પણ રામને નવ લહ્યા ?.૦*

* * *

*સત વચન સે સદગુરુ મળ્યા સંતો સોઈ પરમ પદ પાવે રે હો...જી...*
*નિજ નામની સમશેર લઈને, દશમે દોર લગાવે, ઊલટ કરકે ફેર સુલટાવે, તબ ઘર અપને જાવે...*
*ત્રિકુટી મહેલમેં તકિયા બિરાજે, વા ઘર સુરતા જગાવે, ઝિલમિલ જ્યોતું ઝળકે, નિરમળ નૂર ઝળહળાવે..*
*અવઘટ ઘાટ ઊલટ ફિર આવે, ધ્યાન મેં ધ્યાન લગાવે, નૂરતે નિરખે સુરતે પરખે, અનંતી ઘર તબ જાવે..*
*સદગુરુ મળે તો સાન બતાવે, આવાગમન મિટ જાવે,રામદાસ ચરણે ભણે ભાદુદાસ, જ્યોતમેં જ્યોત મિલાવે..*
*સંતો સોઈ પરમ પદ પાવે રે હો...જી...* ■

# ગિરનારી નાથસંત પરંપરાનો મેરુદંડ : વેલનાથ

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

બંગાળી નાથપરંપરાની સમાંતરે સૌરાષ્ટ્રની લોકધર્મ પરંપરામાં પણ નાથસંતપરંપરાનું પગેરું મળે છે. આમાં વેલનાથનું ચરિત્ર ભારે પ્રખ્યાત છે. વેલોબાવો, વેલો એમ નામછાપથી ઘણાં ભજનો આજે પણ જીવંત પરંપરારૂપે જળવાયેલાં છે. વેલનાથના ગુરુ તરીકે વાઘનાથનું નામ મળે છે. ગિરનારમાં ગુરુ દત્તાત્રેયની ટૂક સાથે અનેક નાથસંતો વિષયક વિગતો સંકળાયેલી છે. સૌરાષ્ટ્રની નાથસંતોની પરંપરામાં પણ બંગાળી નાથસંતોની માફક આકરી તપસ્યા, સરળજીવન અને યોગસાધનાશક્તિ સાથે સંકળાયેલા અનેક પરચા દૃષ્ટિગોચર થાય છે. સંતસાહિત્યમાં આ સૌરાષ્ટ્રી નાથ-પરંપરાવિષયક બહુ અભ્યાસ થયો નથી.

વેલનાથનું ચરિત્ર પણ ભારે રસપ્રદ છે. આજે પણ તમે ગિરનાર યાત્રાએ ગયા હો અને વેલાબાવાની જગ્યાનાં દર્શન વગર પરત થાઓ તો યાત્રા અધૂરી ગણાય, એવી માન્યતા પ્રચલિત છે. કંઠસ્થ પરંપરામાં આજે પણ એમના જીવનના પરચાની વિગતો સાંભળવા મળે છે.

એક માન્યતા પ્રમાણે એક સામાન્ય શ્રમિક તરીકે જસમત પટેલના ખેતરમાં ખેતમજૂરી કરતાં કરતાં એકાંતે સાધનામાં રત રહેતા વેલાની સાધના-સિદ્ધિની જસમતને જાણ થઈ એટલે વેલો જસમતની વિદાય લઈને ગિરનારમાં નીકળી પડેલો. બનેલું એવું કે વેલો સાધનામાં રત હતો ત્યારે કોદાળી અને પાવડો વેલાની સાધનાના બળે આપમેળે ક્રિયાશીલ રહેતાં અને ખેતરનું કામ આપમેળે ચાલતું. જસમતને સમજાઈ ગયું કે આ વેલો કોઈ સામાન્ય શ્રમિક નથી પણ ભારો મરમી સંત છે. જસમતે ખોળો પાથર્યો અને સંતપુરુષ પાસે મજૂરી કરાવવા બદલ પશ્ચાત્તાપ વ્યક્ત કર્યો. વેલો તો વિદાય જ થયો, એને થયું કે મારી સમર્થ સંત તરીકેની છબિને કારણે હવે અહીં સરળતાથી સહજતાથી રહી શકાશે નહીં અને સાધના પણ થઈ શકશે નહીં. પણ જતાં જતાં જસમતને કશુંક માગવા કહ્યું. જસમતને વેલાબાબાએ કહ્યું કે તમારો કોઈ પણ વંશજ મારા સમાધિસ્થાને ગિરનારે આવશે અને ત્યાં વીરડા પાસે શિવરાત્રિએ ભજન કરશે એટલે હું પાણીરૂપે આવીને તેમને મળીશ.

કહેવાય છે કે પછી બાર વરસ સુધી વેલાબાવાએ ગિરનારની પરિક્રમા કર્યા કરી અને માત્ર કંદમૂળ કે ફળનો જ આહાર કર્યો. અનેક ગુફાઓમાં વસતા સાધુસંતોની સેવા કરી. એમાં ગુરુ વાઘનાથનો ભેટો થઈ ગયો. તપ હતું, સાધના હતી, પણ વાઘનાથ પ્રતાપે એવું ગૂઢજ્ઞાન જીવન રહસ્ય પ્રાપ્ત થયું કે પછી વેલનાથની નામછાપથી ભજનરચનાઓ રચાવા લાગી. એમણે ત્રણસો જેટલાં



ભજનો રચેલાં મનાય છે. મોટે ભાગે શિવરાત્રિના મેળામાં કોઈ રાવટી એવી નહીં હોય કે જયાં તમને વેલનાથનું ભજન સાંભળવા ન મળે.

એમને જે જ્ઞાન પ્રાપ્ત થયું, જે કંઈ જીવનરહસ્ય સમજાયું એ ભજનના માધ્યમ દ્વારા પ્રગટ થયું છે. મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી ધારામાં સમાવેશ કરવો પડે એવી કેટલીક ભજનરચનાઓ તો આજે પણ પરંપરામાં જીવંત છે. એનો મૂળભૂત મુદ્દો છે તત્ત્વદર્શનને સમજાવવાનો. ભારે માર્મિક રીતે વેલનાથ આ બધું સમજાવે છે. રૂપકાત્મક પરિભાષા, તત્ત્વદર્શન અને વેદઉપનિષદના આધારો એમનાં ભજનોની વિશિષ્ટતા છે. સંત વેલો અહીં યોગી વેલનાથ તરીકેની મુદ્રા પ્રગટાવે છે. એમની એક ખૂબ જ પ્રખ્યાત ભજનરચના દ્વારા એમના વ્યક્તિત્વની એ ઓળખને મેળવીએ.

*બાજી કેમ આવે હાથ, બાજી કેમ આવે હાથ રે,*
*લાગી રે લડાયું કાયા શેરમાં જી રે*
*સમજે વાતું સમજાય, વેદે વાતું વદાય રે*
*મૂરખ નરને ક્યાં જઈને કેવું રે જી. બાજી...ટેક઼..*
*હે વીરા સાચી વસતું હે તારા શેરમાં રે જી,*
*દુનિયા અંધી મથાવ દુનિયા ભૂલી મજાવ રે*
*કરો દીપક ને ઘર ઢૂંઢીએ રે જી. બાજી...૧*
*હે વીરા તરક્સ તીરડાં ભાથે ભર્યાં રે જી,*
*થોથાં કાયકું ઉડાડ થોથાં કાયકું ઉડાડ રે*
*મરઘો ચરે છે તારા વનમાં રે જી. બાજી...૨*
*હે વીરા તખત તરવેણીના તીરમાં રે જી,*
*ધમણ્યું ધમે છે લુહાર ધમણ્યું ધમે છે લુહાર રે,*
*નૂર ઝરે ધણીનાં, શૂરા પીવે રે જી.*
*બાજી...૩*
*હે વીરા સાતમે શૂન મારો શ્યામ વસે જી,*
*કસ્તૂરી છે ઘરમાંય કસ્તૂરી છે ઘરમાંય રે,*
*અકળ અવિનાશીનાં રાજ છે રે જી. બાજી...૪*
*હે વીરા વાઘનાથ ચરણે વેલો બોલિયો રે જી,*
*ગુરુ દશ્યુંનો દાતાર ગુરુ મુગતિનો આધાર રે,*
*અધમઓધારણ ગુરુને ધારવા રે જી. બાજી...૫*

વેલનાથ કહે છે કે જીવનરૂપી બાજી કેવી રીતે જીતી શકશે કાયારૂપી શહેરમાં લડાઈ-ઘમસાણ યુદ્ધ ચાલે છે. જો સમજવા ધારીએ તો રહસ્ય અવશ્ય સમજાય, કારણ કે વેદમાંથી તમામ વિગતો મળે છે પણ મૂરખાઓને ક્યાં સમજાવવું ?

હે વીરા-ભાઈ સાચી વસ્તુ તો તારા આ કાયારૂપી શહેરમાં જ છે. આંધળા થઈને દુનિયામાં ભૂલ્યા-ભટક્યાનો કશો અર્થ નથી. દીવારૂપી જ્ઞાનદીપક પ્રગટાવીને એને ઓળખવાનો છે. હે વીરા-ભાઈ તીરકામઠારૂપી સાધના માટેની તમામ આવશ્યક વસ્તુ તો તારી પાસે જ કાયામાં જ છે. શા માટે થોથાં ઊથલાવીને રહસ્ય પામવા પ્રયત્નશીલ બને છે. મરઘારૂપી ચેતનતત્ત્વ તો તારા આ કાયારૂપી વનમાં જ ચરે છે.

તરવણી-લલાટમાં શ્વાસોચ્છ્વાસરૂપી ધ્યાન લગાવીને ધમણથી પ્રાણાયમથી કોઈ શૂરવીર-અટલ પુરુષ સાધક એ અમરસ્થાન, ઝરણાનું ભજન કરી શકવા સમર્થ બને છે. હે વીરા સાતમે શિખરે બ્રહ્મરંધ્રમાં અવિનાશીનો નિવાસ છે ત્યાં સુધી સાધના દ્વારા પહોંચવાનું છે. એ જ તો કસ્તૂરી છે. કાયાફળ ઘરમાં જ છે. ગુરુ વાઘનાથની દયાથી વેલનાથ કહે છે કે આ બધું ગુરુકૃપાથી જ શક્ય બન્યું છે. ગુરુ જ મુક્તિ માટેનો આધારછે. અધમ અવસ્થામાંથી ઉગારનારા આવા સમર્થ ગુરુને અવશ્ય ધારણ કરવા.

વેલનાથે અહીં ગુરુમહિમાની અને ષટ્ચક્રભેદનની ક્રિયાનો નિર્દેશ કરીને એની સાધનાધારા સમજાવી છે. વેલાબાવાની વાણીમાંથી આમ યોગ-સાધનાનું રહસ્ય અને માર્ગરેખાબિંદુઓ પ્રાપ્ત થાય છે એના વ્યક્તિત્વની પરિચાયક છે. સંતવાણીમાંથી પ્રાપ્ત યોગ-સાધનાના રહસ્યની મીમાંસા આપણી વેદવાણી સાથેનો સંબંધ સ્થાપી આપનારી છે. વેદવાણીનું તેજસ્વી અનુસંધાન સંતવાણી છે એ હકીકતના આધારરૂપ આવાં અનેક ભજનો મળે છે. ■

# કેસર-ચંદનની વર્ષા જ્યાં થાય છે, તેવી દિવ્ય મંદિર શૃંખલા!

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

મધ્ય પ્રદેશના બૈતુલ જિલ્લામાં સાતપુડાની પર્વત શૃંખલાના રમણીય વાતાવરણમાં સુંદર જૈન મંદિરોની શૃંખલા આવેલી છે. આ વિસ્તાર લીલાછમ વૃક્ષો વચ્ચે વસેલો છે, જ્યાં ૨૫૦ ફૂટની ઊંચાઈથી પાણીનો ધોધ વહે છે. નિર્વાણકાંડમાં ઉલ્લેખ છે કે દસમા તીર્થંકર, શીતલનાથ સ્વામીજીએ આ સ્થાન પર સમવશરણ રચ્યું હતું. તે સમયે, મોતીઓનો દિવ્ય વરસાદ થયો હતો, તેથી આ ક્ષેત્રને મુક્તાગીરી કહેવામાં આવે છે. એટલે જ કહેવાય છે કે 'મુક્તાગિરિ પર મુક્તા (મોતી) બરસે, શીતલનાથ કા ડેરા.' બૈતુલ-પરતવાડા રોડ પર ભૈંસદેહીથી ૫૫ કિમી દૂર મુક્તાગીરીમાં, મગધ સમ્રાટ શ્રોણિક બિમ્બીસારે પર્વત પર બાવન જૈન મંદિરોના નિર્માણનો પાયો નાખ્યો હતો, તેવું કહેવાય છે. પહાડ પર માનવનિર્મિત બાવન નાના-મોટા જૈન મંદિરો છે. આમાંના કેટલાક મંદિરો ખૂબ જ પ્રાચીન છે, તેમાંથી કેટલાક ૧૬મી સદીના હોવાનું કહેવાય છે.

મુક્તાગીરીને સિદ્ધક્ષેત્ર કહેવામાં આવે છે કારણ કે અહીં, મુનિઓ અને મહાન તપસ્વીઓએ વિશેષ આધ્યાત્મિક સાધના કરી હતી, પોતાને બધા કર્મના બંધનોમાંથી મુક્ત કરીને મુક્તિ પ્રાપ્ત કરી હતી. આ સાડા ત્રણ કરોડ મુનિઓનું નિર્વાણ સ્થળ છે.

હાલના મંદિરોના અસ્તિત્વની જાણ ૧૮૯૩માં થઇ હોવાનું માનવામાં આવે છે. બ્રિટિશ શાસન દરમિયાન, આ મુક્તાગિરી પર્વત અને મંદિરો ૧૯૨૮માં ખાર્પેડેના જમીન મહેસૂલમાંથી કેટલાક જૈન મહાનુભાવો દ્વારા ખરીદવામાં આવ્યા હતા. એવું કહેવાય છે કે તે સમયે શિકારીઓ પ્રાણીઓનો શિકાર કરવા માટે જૂતા-ચપ્પલ



પહેરીને આ પવિત્ર અને ઐતિહાસિક પર્વત પર જતા હતા. તેથી, પર્વતની પવિત્રતાને અખંડ રાખવા માટે જૈન શ્રેષ્ઠીઓએ મોં માંગી કિંમત આપીને આખો પર્વત ખરીદી લીધો. ધર્મ માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરવાની આવી ઉમદા ભાવના તીર્થંકરોના જીવનમાંથી પ્રેરિત છે તે નિઃશંક છે.

મૂળનાયક ભગવાન પાર્શ્વનાથની ચાર ફૂટ ઊંચી કાળા પથ્થરની સપ્તફણી પદ્માસન મૂર્તિ બિરાજમાન છે. એવું કહેવાય છે કે રાજા શ્રીપાલે અચલપુરના એક તળાવના કિનારે સ્વપ્નમાં આ મૂર્તિ જોઈ હતી અને તેને તે જગ્યાએથી બહાર કાઢવાનો આદેશ મળ્યો હતો. સમય જતાં, તે જ મૂર્તિ અહીં સ્થાપિત કરવામાં આવી હતી. આ પ્રતિમાની બાજુમાં ૧૬મી સદીની સહસ્ત્રફણી ભગવાન પાર્શ્વનાથની એક અનોખી નાની પ્રતિમા છે. આ પ્રાચીન પ્રભુ પ્રતિમાઓના દર્શન કરવા પણ એક લહાવો છે.

આ સ્થળને લાગતું એક કાવ્ય પ્રચલિત છે,

**અચલપુર કી દિશા ઈશાન, તહાં મેંઢાગીરી નામ પ્રધાન**
**સાઢે તીન કોટી મુનિરાય તિનકે ચરણ નમું ચિત્તલાય**

મોતીઓના વરસાદના કારણે મુકતાગિરી કહેવાયું, તેમ આ સ્થળનું મેંઢાગીરી નામ પ્રચલિત થવા પાછળ પણ એક અતિ સુંદર કથા છે. એક હજાર વર્ષ પહેલાં, અત્યારના મંદિર નંબર ૧૦ પાસે ધ્યાન કરી રહેલા એક મુનિની સામે પર્વતની ટોચ પરથી એક મેંઢા એટલેકે ઘેટું પડી ગયું. અંતિમ શ્વાસ લઇ રહેલા તે ઘેટાંના કાનમાં તપસ્વી મુનિએ નવકાર મહામંત્ર સંભળાવ્યો. અંતિમ સમયે નમસ્કાર મહામંત્ર સાંભળવા મળતા, ઘેટું મૃત્યુ પછી દેવગતિ પામ્યું. દેવ થયેલા ઘેટાંના આત્મા એ મુનિરાજના દર્શન કરવાની ઈચ્છાથી પહાડ પાર આવીને નવકાર સંભળાવનાર મુનિરાજને વંદન કર્યા. કહેવાય છે કે તે સમયે દેવલોકમાંથી કેસર-ચંદનની વર્ષા દ્વારા આ અદ્ભુત ઘટનાની અનુમોદના કરવામાં આવી. ત્યારથી કહે છે કે ઘણી અષ્ટમી અને ચૌદસના દિવસે અહીં, આજે પણ કેસર-ચંદનની વર્ષા થાય છે. આ દિવ્ય ઘટના બાદ આ પર્વતને મેંઢાગીરી તરીકે પણ ઓળખવામાં આવે છે.

બૈતૂલના સરકારી ગેઝેટમાં પણ અહીંના ચમત્કારનો ઉલ્લેખ હોવાનું કહેવાય છે. આ પ્રદેશ જંગલની વચ્ચે હોવાથી અહીં હિંસક પ્રાણીઓની પણ વસ્તી છે. કહે છે કે તપસ્વી મુનિઓ અને સ્વયં તીર્થંકરોની પ્રતિમાઓની ઉપસ્થિતિમાં આ હિંસક પ્રાણીઓ સંપૂર્ણ અહિંસક વર્તન કરતા જોવા મળ્યા છે.

# એકલી પ્રાર્થના ફળે ખરી? દાન કર્યાનો આનંદ અનેરો...!

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

એક હતો સાધક, માત્સુ એનું નામ. પોતાની ઝૂંપડીમાં તે સાધના જ કર્યા કરતો જપ, તપ, યોગ, ભક્તિમાં જ લીન. તે એક વખત સાધનામાં હતો ત્યારે તેના ગુરુ આવ્યા. માત્સુએ તો એ તરફ જોયું જ નહીં, સાધના અને ભગવત ભજન ચાલુ રાખ્યાં.

ગુરુ તેની સામે બેસી ગયા સામેથી ઇંટ અને પથ્થર લીધા. ઇંટ પર પથ્થર જોરથી ઘસવા લાગ્યા.

સાધકની સાધના ચાલુ જ હતી. છતાં ધ્યાન તો વિચલિત થાય જ ને?

* સાધકનું મૌન તૂટ્યું.
* સાધક માત્સુનું ધ્યાન વિચલિત થયું.
* તેણે ગુરુને પૂછ્યું - 'આ શું કરો છો?'
* ગુરુજીએ કહ્યું, 'ઇંટનું દર્પણ બનાવું છું...!'
* 'આ તો ભારે નવાઈની વાત! આવું તો જાણ્યું નથી. ઇંટ તે કદી દર્પણ બનતી હશે?'
* ગુરુએ કહ્યું, 'ઇંટને ખૂબ ઘસીશ.... ખૂબ ખૂબ ઘસીશ. ખૂબ ઘસાઈને લીસી થઈ જશે એટલે દર્પણ થઈ જશે....!'
* માત્સુએ કહ્યું- 'તોય ઇંટ હરગીઝ દર્પણ નહીં બને...!'

- ગુરુજીએ કહ્યું - 'ભાઈ તારા મનથી ઇંટને આ રીતે ઠાલી પ્રાર્થના અને સાધનાના પથ્થર પર ઘસ્યા કરે છે, એથી શું તારું મન દર્પણ બનવાનું છે? ઊઠ!

* કોઈ સારા કામ કર.
* કોઈ ભલા કામ કર.
* કોઈ ઉપયોગી કામ કર.
* સમાજ અને જનજીવનને મદદરૂપ થા.
* જનતામાં ભળી જા.

- પ્રાર્થના ત્યારે જ કામ આવશે.
- પરિશ્રમ વગરની એકલી પ્રાર્થના કે ભક્તિથી કદી કોઈ ભક્તનું ભલું થયું જાણ્યું છે?

* ભલું તો ભલું કરવાથી જ થાય. સમજ્યો?

- ઊઠ અને જાગ!'

* * *

**દાનનો આનંદઃ**

એક શેઠ હતા. શેઠ અત્યંત ધનિક હતા છતાં ભારે કંજૂસ હતા. એમણે જીવનમાં કદી સારું ખાધું ન હતું કે સારું પહેર્યું ન હતું. કોઈને ફૂટી કોડીનું દાન કર્યું ન હતું. એ મંદિરે જતા ખરા, પરંતુ તે ભગવાન પાસે કાંઈ માગવા.

- એકવાર નગરમાં ભારે દુકાળ પડ્યો.



હજારો લોકો ભૂખે મરી ગયા. કેટલાંય સ્ત્રી-બાળકો નિરાશ્રિત થઈ ગયાં.

નગરમાં એક મહાત્મા રહેતા હતા. નગરવાસીઓની દુર્દશા એ જોઈ શક્યા નહીં દુઃખી નિરાશ્રિતોની સેવા કરવા એ નીકળી પડ્યા. અનાજ, વસ્ત્ર વગેરેની મદદ માટે પૈસાની જરૂર હતી. તેઓ નગરના ધનિકો પાસે દાન માગવા ગયા, પરંતુ કોઈ કંઈ આપતું ન હતું. છેવટે આ મહાકંજુસ પાસે જઈ તેમણે કહ્યું, 'શેઠજી! તમે મને દાનમાં કાંઈ નહીં આપો તો ચાલશે. માત્ર દસ હજાર રૂપિયાનો ચેક આપો. એ વટાવ્યા વિના સાંજે હું તમને પાછો આપી દઈશ.'

- 'સાંજ સુધી એ ચેકનું તમે શું કરશો?'

* 'તમે નગરમાં મોટા કંજૂસ તરીકે જાણીતા છો. હું નગરમાં ચેક બતાવીશ એટલે બીજા ધનિક અને સ્થિતિ સંપન્ન લોકોને થશે કે તમે દસ હજાર રૂપિયા આપો તો તેઓ કેમ નહીં આપે? તમને પૈસા આપ્યા વિના દાનનું પુણ્ય મળશે...!'

- કંજૂસ શેઠને થયું કે આ સોદો તો લાભમાં છે પૈસા આપ્યા વિના પૂણ્ય મળતું હોય તો શું ખોટું? એમણે દસ હજાર રૂપિયાનો ચેક લખી આપ્યો.

મહાત્માએ કહ્યું તેમ જ બન્યું. કંજૂસ શેઠના દાનની વાત સાંભળી દાન આપવાની હરીફાઈ શરૂ થઈ. સાંજ સુધીમાં હજારો રૂપિયા ભેગા થઈ ગયા.

- સાંજે કંજૂસ શેઠ પાસે જઈ તેમને ચેક પાછો આપ્યો, પરંતુ શેઠે તે લેવાની ના પાડી. મહાત્માએ પૂછ્યું તો કહ્યું કે- 'આજ સુધી દાન મહિમાની મને ખબર ન હતી. મેં દાન આપ્યું છે એવી વાતો બહાર પડી એટલે અનેક લોકો એ મને ધન્યવાદ અને અભિનંદન આપ્યા. મારી તેમણે ખૂબ પ્રશંસા કરવા માંડી. આ બધું જોઈ મને એટલું બધું સુખ મળ્યું છે કે તેવું સુખ મેં જીવનમાં કદી મેળવ્યું નથી...!' એટલું કહી તેણે પચાસ હજારનો બીજો ચેક મહાત્માને લખી આપ્યો.

**પ્રેરણાસ્રોતઃ**

ધર્મતેજ વિભાગના વ્હાલા શ્રદ્ધાળુ વાંચક બિરાદરો! ઉપરોક્ત બંને પ્રસંગો આપણને એ બોધ આપે છે કે દાન કર્યાનો મહિમા અપાર છે અને તે કર્યા પછી મળતા આનંદની તો કોઈ જ સીમા નથી. પ્રાર્થના, ઈશ્વરની સ્તૂતિ જરૂરી છે પણ એકલી પ્રાર્થના ફળતી ન હોઈને સાથે યથાશક્તિ દાનપુણ્ય મનમંદિરને પાવન કરે છે. તથાસ્તુ, ઈશ્વર સૌનું, જીવમાત્રનું ભલું કરે.

**ધર્મજ્ઞાનઃ**

* ઉદાર હૃદય વિનાનો ધનવાન પણ ભિખારી છે.
* સરળતા શાંતિનું પ્રથમ પગથિયું છે અને ઉદારતા છેલ્લું પગથિયું છે. ■

# વીજગ્રાહકો પર દર વધારાની લટકતી તલવાર

## હાઈ કોર્ટના આદેશને પડકારતી મહાવિતરણની અરજી પર આ અઠવાડિયે સુનાવણી

મુંબઈ: વીજળીના દરોમાં સરેરાશ ૧૨ ટકાનો ઘટાડો કરવાના રાજ્ય વીજ નિયમન આયોગના ૨૮ માર્ચના ટેરિફ ઑર્ડરનો અમલ કરવાના મુંબઈ હાઈ કોર્ટના આદેશ વિરુદ્ધ મહાવિતરણે સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લીવ પિટિશન દાખલ કરવાનો નિર્ણય લીધો છે. આ અંગેની પ્રક્રિયા ચાલી રહી છે અને આ અઠવાડિયે સુપ્રીમ કોર્ટમાં આ અરજીની સુનાવણી થવાની શક્યતા છે. તેથી વીજળીના દરોમાં ઘટાડા અંગે ગ્રાહકો પર તલવાર લટકતી રહેશે અને જો સુપ્રીમ કોર્ટ હાઈ કોર્ટના આદેશ પર સ્ટે આપશે તો વર્તમાન વીજળી દરો જ લાગુ રહેશે.

રાજ્ય વીજળી નિયમનકારી પંચે મહાવિતરણ દ્વારા રજૂ કરાયેલા પાંચ વર્ષના વીજળી દર પ્રસ્તાવ પર ૨૮ માર્ચે આદેશ જારી કર્યો હતો અને આ વર્ષે દરમાં સરેરાશ ૧૨ ટકાનો ઘટાડો કર્યો હતો. આગામી પાંચ વર્ષમાં તબક્કાવાર વીજળી દર ઘટાડો થવાનો હતો. મહાવિતરણને રૂ. ૪૮,૦૦૦ કરોડની આવક ખાધ દર્શાવીને કેટલાક ગ્રાહકો માટે ભાવવધારો થવાની અપેક્ષા હતી, પરંતુ કમિશને રજૂ કરેલા નાણાકીય બેલેન્સ શીટ મુજબ રૂ. ૪૪,૦૦૦ કરોડની આવક સરપ્લસ દર્શાવીને ભાવમાં ઘટાડો કર્યો હતો.

કમિશનના નિર્ણયથી મહાવિતરણને પાંચ વર્ષમાં લગભગ ૯૨,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થશે તેવા આધાર પર તાત્કાલિક સમીક્ષા અરજી દાખલ કરવામાં આવી હતી. મહાવિતરણની વિનંતી સ્વીકારીને કમિશને ચાર-પાંચ દિવસમાં પોતાનો જ આદેશ સ્થગિત કરી દીધો. ગ્રાહક પ્રતિનિધિઓ અને અન્ય કોઈપણ પક્ષને આ અરજી પર પોતાનો દાવો રજૂ કરવાની તક આપ્યા વિના કમિશને મહાવિતરણના મુદ્દાઓ સ્વીકાર્યા અને આદેશમાં ફેરફાર કરી કેટલાક વર્ગો માટેના વીજ દરોમાં ૨૮ માર્ચના દરો કરતાં વધારો કરવામાં આવ્યો. નવા દરો એક જુલાઈથી લાગુ કરવામાં આવ્યા હતા.

કમિશનના ૨૫ જૂનના નિર્ણય સામે રાજ્યની ૨૦-૨૫ સોલાર અને અન્ય ક્ષેત્રની કંપનીઓએ હાઇ કોર્ટની મુંબઈ, ઔરંગાબાદ અને નાગપુર બેન્ચ સમક્ષ અરજીઓ દાખલ કરી હતી. મહાવિતરણની સમીક્ષા અરજી પર નિર્ણય લેતી વખતે વીજળી નિયમન પંચે ગ્રાહકો અને અન્ય પ્રતિનિધિઓને તેમના મંતવ્યો રજૂ કરવાની તક આપી ન હતી. વીજળી નિયમન પંચે કુદરતી ન્યાયના આ સિદ્ધાંતનું પાલન કર્યું ન હતું, જેના કારણે હાઇ કોર્ટે કમિશનના ૨૫ જૂનના આદેશને રદ કર્યો હતો અને ગ્રાહકોને વીજળીના દરમાં ઘટાડા માટે ૨૮ માર્ચના આદેશ મુજબ બિલ ચૂકવવાનો આદેશ આપ્યો હતો. તમામ પક્ષકારોને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપીને મહાવિતરણની અપીલ પર નિર્ણય લેવાનો આદેશ આપ્યો હતો. ■

# ગેટ વે ઑફ ઈન્ડિયા પાસેની ફાઈવ સ્ટાર હૉટેલની રૂમમાંથી ૨૬ લાખની મતા ચોરાઈ: બે પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈમાં ગેટવે ઑફ ઈન્ડિયા પાસેની ફાઈવ સ્ટાર હૉટેલની રૂમમાંથી તબીબી સારવાર માટે અમેરિકાથી આવેલા નાગરિકની અંદાજે ૨૬ લાખની મતા ચોરવા પ્રકરણે પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી. ખરીદી માટે માર્ગદર્શન કરવાને બહાને ફરિયાદી સાથે ત્રણ દિવસ ફર્યા પછી આરોપીએ હાથફેરો કર્યો હોવાનું તપાસમાં જણાયું હતું.

કોલાબા પોલીસે પકડી પાડેલા બન્ને આરોપીની ઓળખ હુસેન હમીદ સૈયદ (૩૫) અને કિરણ ઠાકુર (૫૪) તરીકે થઈ હતી. આરોપી સૈયદ પાસેથી ફરિયાદીની એક લાખ રૂપિયાની રિસ્ટ વૉચ જપ્ત કરવામાં આવી હતી. કોર્ટે બન્નેને ૨૦ નવેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર અમેરિકાના વેસ્ટ વર્જિનિયામાં રહેતો ૪૮ વર્ષનો વેપારી તબીબી સારવાર માટે જૂન, ૨૦૨૫માં ભારત આવ્યો હતો. દક્ષિણ મુંબઈની બેથી ત્રણ હૉસ્પિટલમાં સારવાર લઈ રહેલો ફરિયાદી હાલમાં ગેટવે ઑફ ઈન્ડિયા પાસેની એક ફાઈવ સ્ટાર હૉટેલમાં રહેતો હતો.

ફરિયાદીને કપડાં-પરફ્યૂમ જેવી વસ્તુઓ ખરીદવી હોવાથી તેણે ડ્રાઈવર કિરણ ઠાકુરને પૂછ્યું હતું. કિરણે ફરિયાદીની ઓળખ સૈયદ સાથે કરાવી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે સૈયદ ખરીદીમાં યોગ્ય માર્ગદર્શન પૂરું પાડશે, એવું કિરણે ફરિયાદીને કહ્યું હતું. ત્રણ દિવસ ફરિયાદી સૈયદ સાથે દક્ષિણ મુંબઈનાં વિવિધ સ્થળે ખરીદી માટે ફર્યો હતો. સોમવારે બપોરે બે વાગ્યાની આસપાસ ખરીદી કરી ફરિયાદી હૉટેલની રૂમમાં આરામ કરવા ગયો ત્યારે સૈયદ પણ તેની સાથે ગયો હતો. માંદગીને કારણે ઊંઘ આવતી હોવાથી સૈયદને જવાનું કહીને ફરિયાદી ઊંઘી ગયો હતો.

કહેવાય છે કે કલાક પછી ફરિયાદી ઊંઘમાંથી જાગ્યો ત્યારે તેની કીમતી વસ્તુઓ ગુમ હોવાનું જણાયું હતું. રૂમમાંથી ૧૫ લાખ રૂપિયાનું રુબી ડાયમંડ્સ જડેલું સોનાનું બ્રેસલેટ, ૧૦ લાખ રૂપિયાની ડાયમંડના પેન્ડન્ટવાળી સોનાની ચેન અને એક લાખ રૂપિયાની કાંડાઘડિયાળ ચોરાઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. આ પ્રકરણે ફરિયાદીએ કોલાબા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી ડ્રાઈવર કિરણ અને સૈયદ પર શંકા વ્યક્ત કરી હતી.

પોલીસે પ્રાથમિક તપાસ બાદ કિરણને તાબામાં લીધો હતો. તેણે આપેલી માહિતી પરથી સૈયદને પકડી પાડ્યો હતો. સૈયદ ચોરેલી એક લાખ રૂપિયાની ઘડિયાળ પહેરીને ફરતો હતો, જેની હસ્તગત કરાઈ હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■



**શુદ્ધિકરણ:** શિયાળો શરૂ થવાની સાથે હવાની ગુણવત્તા કથળી ગઈ છે ત્યારે હવા શુદ્ધિકરણ માટે પનવેલ-કામોઠે વિસ્તારમાં પાલિકા તરફથી એર પ્યોરિફાયર ટાવર ઊભું કરવામાં આવ્યું છે. (અમય ખરાડે)

# ભારત ટ્રમ્પને ગાંઠતું નથી: રશિયા પાસેથી અઢી અબજ યુરોનું ઑઇલ ખરીદયું

નવી દિલ્હી : અમેરિકા અને ભારત વચ્ચે ચાલી રહેલા ટ્રેડ વૉર દરમ્યાન અમેરિકાએ રશિયાની અનેક ઑઈલ કંપનીઓ પર પ્રતિબંધ મુક્યા છે. કારણ કે ભારત રશિયા પાસેથી મોટાપાયે ક્રૂડ ઑઈલની ખરીદી કરે છે. જોકે, ભારતે આ પૂર્વે જ રશિયાની કંપનીઓ પાસેથી ઓક્ટોબર માસમાં જ ૨.૫ અબજ યુરોની ક્રુડ ઓઈલની ખરીદી કરી લીધી હતી.

આ અંગે યુરોપિયન સંશોધન સંસ્થાએ અહેવાલ આપ્યો હતો. ઓક્ટોબરમાં ભારતે ૨.૫ અબજ યુરોની ક્રુડ ઑઈલની ખરીદી કરી હતી. સેન્ટર ફોર રિસર્ચ ઑન એનર્જી એન્ડ ક્લીન એર અનુસાર ચીન પછી ઓક્ટોબરમાં ભારત રશિયાનો ક્રૂડ ઑઈલ ખરીદદાર બીજો સૌથી મોટો દેશ રહ્યો. ઉલ્લેખનીય છે કે, બાવીસ ઓક્ટોબરના રોજ અમેરિકાએ રશિયાની બે સૌથી મોટી ક્રૂડ ઑઈલ કંપની રોઝનેફ્ટ અને લુકોઇલ પર પ્રતિબંધો લાદ્યા હતા. જેથી યુક્રેન યુદ્ધને ભંડોળ પૂરું પાડવા માટે રશિયાને રોકી શકાય. ■

# ટેક્સાસમાં ૪૦ અબજ ડૉલરનું રોકાણ કરશે ગૂગલ

હ્યુસ્ટન: ગૂગલ અને આલ્ફાબેટના સીઈઓ સુંદર પિચાઈએ ટેક્સાસમાં ૪૦ અબજ અમેરિકન ડૉલરના રોકાણની જાહેરાત કરી હતી જે કોઈ એક અમેરિકન રાજ્યમાં કંપનીનું અત્યાર સુધીનું સૌથી મોટું રોકાણ છે.

ગવર્નર ગ્રેગ એબોટ ગુરુવારે મિડલોથિયનમાં આ જાહેરાતમાં સામેલ હતા અને આ રોકાણના આર્થિક અને ટેકનિકલ અસરની વાત કરી હતી. આ યોજનામાં ગૂગલના વધતા ક્લાઉડ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કામગીરીનું સમર્થન કરવા માટે ત્રણ નવા ડેટા સેન્ટર કેમ્પસનો સમાવેશ થાય છે. આ ઊર્જા-સઘન સુવિધાઓ ટેક્સાસના ગ્રીડને મજબૂત કરવા, ઊર્જા પરવડે તેવી ક્ષમતા સુધારવા અને વિદ્યાર્થીઓ, એપ્રેન્ટિસ અને કુશળ કામદારો માટે કાર્યબળ તાલીમ પૂરી પાડવાના કાર્યક્રમો સાથે જોડવામાં આવશે. ■

# શેખ હસીનાને ટ્રિબ્યુનલ આજે ફાંસી કે આજીવન કેદની સજા સંભળાવી શકે છે

ઢાકા : બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડાં પ્રધાન શેખ હસીના વિરુદ્ધ એક ખાસ ટ્રિબ્યુનલ સોમવારે મોટો ચુકાદો આપશે. શેખ હસીનાને આજીવન કે મૃત્યુદંડની સજા પણ મળી શકે છે. આના પગલે બાંગ્લાદેશમાં સુરક્ષા વ્યવસ્થા સઘન કરી દેવામાં આવી છે. બાંગ્લાદેશની યુનુસ સરકારે કોર્ટમાં શેખ હસીનાને મૃત્યુદંડની સજા આપવાની માગ કરી છે.

શેખ હસીના વિરુદ્ધ ગયા વર્ષે સરકાર વિરોધી પ્રદર્શનો દરમિયાન માનવતા વિરુદ્ધના કથિત ગુનાઓ માટે કેસ દાખલ કરવામાં આવ્યો છે. બાંગ્લાદેશની ગુના ટ્રિબ્યુનલ સોમવારે ૭૮ વર્ષીય હસીના વિરુદ્ધ પોતાનો ચુકાદો આપશે. હસીના વિરુદ્ધ ટ્રાયલમાં ભૂતપૂર્વ પોલીસ મહાનિર્દેશક ચૌધરી અબ્દુલ્લા અલ-મામુન પણ ગંભીર આરોપોનો સામનો કરી રહ્યા છે. પરંતુ હવે તેઓ સરકારના સાક્ષી બન્યા છે. ■

# પર્યાવરણને સાચવીને આર્થિક વિકાસ કરવાનું શ્રેષ્ઠ ઉદાહરણ ભારત: યુએનડીપી

નવી દિલ્હી : સંયુક્ત રાષ્ટ્ર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી) ના એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે ભારતે દર્શાવ્યું છે કે વૃદ્ધિ અને સર્વ સમાવેશક સમાજ બંનની એકસાથે આગેકૂચ એકસાથે શક્ય છે અને તે તેની સફળતાની વાર્તાઓ દ્વારા ઉદાહરણો સ્થાપિત કરી રહ્યું છે જે વધુ સમાન વિશ્વનું નિર્માણ કરવામાં મદદ કરે છે.

યુએનડીપીના કાર્યકારી પ્રશાસક હાઓલિયાંગ શૂએ જણાવ્યું હતું કે ભારતની વિકાસ ગાથા ફક્ત આર્થિક પ્રગતિ વિશે નથી, પરંતુ વિકાસના ઉદ્દેશ્યો પ્રાપ્ત થાય અને કોઈ પણ પાછળ ન રહે તે સુનિશ્ચિત કરવા માટે ટેકનોલોજી અને સહભાગી શાસનનો ઉપયોગ કરવા વિશે પણ છે. એક ઈન્ટરવ્યૂમાં શૂએ જણાવ્યું હતું કે ભારતની આબોહવા અનુકૂલન, નવીનીકરણીય ઉર્જા અને સમાવિષ્ટ ડિજિટલ ફાઇનાન્સ પ્રત્યેની પ્રતિબદ્ધતા વૃદ્ધિ અને ટકાઉપણું વચ્ચે સંતુલન જાળવવા માટે એક બ્લૂપ્રિન્ટ પ્રદાન કરે છે. તેમણે કહ્યું હતું કે ભારત એક વિકાસ પથ બનાવી રહ્યું છે જે આર્થિક રીતે મજબૂત અને આબોહવા ફ્રેન્ડલી છે. ■

# બાળકને વેચવાનો પ્રયાસ: માતા સહિત પાંચ સામે ગુનો

મુંબઈ: અપરિણીત યુવતીએ બાળકને જન્મ આપ્યા પછી એ નવજાતને પાંચ લાખ રૂપિયામાં વેચવાનો પ્રયાસ ગોવંડીના નર્સિંગ હોમમાં કરાયો હતો. આ મામલે પોલીસે કાર્યવાહી કરી બાળકની માતા સહિત પાંચ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. શિવાજી નગર પોલીસના જણાવ્યા મુજબ ગોવંડીના નર્સિંગ હોમમાં કાર્યવાહી કરી રવિવારે ગુનો નોંધવામાં આવ્યો હતો. ૨૧ વર્ષની અપરિણીત યુવતીએ પ્રિમેચ્યોર બાળકને જન્મ આપ્યો હતો. આ બાળકને વેચવાનો પ્રયાસ કરાયો હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર કૈલાસ સોનાવણેની ટીમ તપાસ માટે નર્સિંગ હોમ પહોંચી હતી. એજન્ટ મહિલાઓ બાળકને પાંચ લાખ રૂપિયામાં ખરીદવા તૈયાર થઈ હતી. આ પ્રકરણે નર્સિંગ હોમના માલિક ડૉ. ક્યામુદ્દીન ખાન, સ્ટાફર અનિતા પોપટ સાવંત, બાળકની માતા તેમ જ એજન્ટ શમા અને દર્શના વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. (એજન્સી)■

---

## ફન વર્લ્ડ


'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ચોર | ઉખાડવું |
| ચોખ્ખું | અડસટ્ટો |
| ચોક્કસ | અસાવધ |
| ચોકસાઈ | મેલું |
| ચોંટાડવું | શાહુકાર |

### ઓળખાણ પડી?



ઈશ્વરના મંદિરની ઉપમા ધરાવતું ૭ હજાર ૧૫૧ ફૂટની ઊંચાઈ ધરાવતું હરદોલ શિખર આપણા દેશના કયા રાજ્યમાં સ્થિત છે એ જણાવો.

અ) ઓડિશા બ) કર્ણાટક ક) ઉત્તરાખંડ ડ) હરિયાણા

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | પે | ૨ ક્ષા | ■ | ૩ તૃ | ષા | ૪ તુ | ર | ■ | ૫ મ |
| ભી | ■ | ર | ■ | પ્તિ | ■ | ષા | ■ | ૬ વા | હ |
| પ્સા | ■ | ૭ યુ | ૮ ગ | ■ | ૯ સ | ર | ૧૦ સ | ■ | ત્વા |
| ■ | ૧૧ વ | ક્ત | વ્ય | ■ | ર | ■ | મ્પા | ■ | કાં |
| ૧૨ લો | લ | ■ | ■ | ૧૩ મા | ત | ■ | ૧૪ તિ | ૧૫ તિ | ક્ષા |
| ૧૬ લુ | ખું | ■ | ૧૭ ભૂ | લ | ચૂ | ૧૮ ક | ■ | લ | ■ |
| પ | ■ | ૧૯ ભ | લા | ■ | ૨૦ ક | ડ | પ | ■ | ૨૧ ક |
| ૨૨ તા | શ | ■ | મ | ■ | ■ | ક | ■ | ૨૩ ન | ડે |
| ■ | ■ | ૨૪ ચ | ણી | ૨૫ બો | ૨૬ ર | ■ | ૨૭ ગો | વ | ધ |
| ૨૮ અ | ન | લ | ■ | ૨૯ જ | ન | મા | રો | ■ | ડે |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | ૬ |
| | ■ | ■ | ૭ | | ■ | ૮ | | | |
| ૯ | | ૧૦ | | ■ | ૧૧ | | | ■ | |
| | ■ | | ■ | ૧૨ | ■ | | ■ | ૧૩ | |
| ■ | ૧૪ | | | | ■ | | ■ | | ■ |
| ૧૫ | | | ■ | ૧૬ | | | ૧૭ | ■ | ૧૮ |
| | ■ | ■ | ૧૯ | | ■ | ૨૦ | | ૨૧ | |
| ૨૨ | ૨૩ | ૨૪ | ■ | | ■ | | ■ | | ■ |
| ૨૫ | | | ૨૬ | ■ | ૨૭ | ■ | ૨૮ | | ૨૯ |
| ૩૦ | | ■ | ૩૧ | | | | | ■ | |

**આડી ચાવી**

૧. નવાઇ પમાડે એવું (૬)
૪. બેશુદ્ધ (૩)
૭. પોતાની (૨)
૮. પેટ સંબંધી (૪) (જો. છૂ.)
૯. વારસો (૪) (જો. છૂ.)
૧૧. યંત્રોથી ઉત્પાદન કરવું તે (૩)
૧૩. મોટી ઉંમરે જલદી --- લાગે (૨)
૧૪. હિસાબ લખવો (ખાતાવાર) (૪)
૧૫. રત, લીન (૩)
૧૬. દાદાગીરી (૪)
૧૯. એક જૂનું નાણું (૨)
૨૦. જગન્નાથપુરીમાં --- નીકળે છે (૪)
૨૨. સંખ્યા, આંકડો (૩)
૨૫. રસોયો (૪)
૨૮. એક જાતનાં હિમાલયમાં થતાં વૃક્ષો (૩)
૩૦. પાણી, જલ, ભૂ (૨)
૩૧. તમામ, સમગ્ર, પૂર્ણતઃ(૫)

**ઊભી ચાવી**

૧. પોતાની કહાણી (૪)
૨. બાવાઓનું ટોળું (૩)
૩. ચોખ્ખી (૨)
૪. ડાઘ વગરનું (૩)
૫. વજનદાર (૨)
૬. નિર્મળ (૪)
૮. વિવિધ ઉદ્યોગો સ્થાપિત કરવા તે (૭)
૧૦. શાશ્વત, પરાપૂર્વથી ચાલ્યું આવતું (૪)
૧૨. ઇરાદાપૂર્વક (૫)
૧૩. મોટી થાળી (૨)
૧૪. પક્ષી (૨)
૧૫. કૃપા (૫)
૧૭. કલ્પના, પુરાણની વાતો (૨) (અં.)
૧૮. દવાનું માપ (૨)
૨૧. પીડા, વેદના (૩)
૨૩. ક્રિકેટમાં ફિલ્ડિંગનો એક પોઇન્ટ (૩)
૨૪. ભલે, હશે (૨)
૨૬. આર્તનાદ (૨)
૨૭. સ્વપ્ન (૨)
૨૮. લાંબા વખત સુધી (૨)
૨૯. થીગડું, સાંધણકામ (૨)

### ગુજરાત મોરી મોરી રે

બૌદ્ધ સ્થાપત્યની શૈલી ધરાવતી અને પહાડમાં કોતરવામાં આવેલી ઐતિહાસિક કડિયા ડુંગર ગુફાઓ કયા જિલ્લામાં સ્થિત છે?

અ) કચ્છ બ) બોટાદ
ક) અમરેલી ડ) ભરૂચ

### માતૃભાષાની મહેક

સમજવા જેવું છે કે તડકો નક્કર વાસ્તવિકતા છે તો છાંયડો વાસ્તવિકતાથી વિરામ આપે છે. તડકો દઝાડે છે તો છાંયડો પંપાળે છે. છાયા એટલે ઓળો, છાંયો, છાંયડો, પડછાયો. પડછાયાની જેમ પીછો કરવો એટલે સતત કોઈની પાછળ રહેવું એવો અર્થ છે. એ કામ પોલીસ પણ કરતી હોય કે પછી પ્રેમી પણ હોય.

### સુડોકુ-૯૧૪૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | | ૨ | | ૯ | | ૫ | ૧ |
| ૬ | | ૧ | ૪ | | ૩ | ૮ | | ૭ |
| | | | | | | | | |
| | ૫ | ૬ | | ૩ | | ૧ | ૪ | |
| | | | ૧ | | ૫ | | | |
| | ૪ | ૩ | | ૨ | | ૯ | ૮ | |
| | | | | | | | | |
| ૪ | | ૯ | ૫ | | ૧ | ૨ | | ૮ |
| ૮ | ૬ | | ૭ | | ૨ | | ૧ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૧૪૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૫ | ૨ | ૬ | ૮ | ૭ | ૩ | ૪ |
| ૪ | ૩ | ૭ | ૯ | ૫ | ૧ | ૬ | ૮ | ૨ |
| ૮ | ૨ | ૬ | ૪ | ૭ | ૩ | ૫ | ૧ | ૯ |
| ૧ | ૫ | ૮ | ૩ | ૨ | ૪ | ૯ | ૬ | ૭ |
| ૬ | ૪ | ૯ | ૭ | ૧ | ૫ | ૩ | ૨ | ૮ |
| ૩ | ૭ | ૨ | ૮ | ૯ | ૬ | ૧ | ૪ | ૫ |
| ૭ | ૯ | ૩ | ૬ | ૮ | ૨ | ૪ | ૫ | ૧ |
| ૫ | ૮ | ૪ | ૧ | ૩ | ૭ | ૨ | ૯ | ૬ |
| ૨ | ૬ | ૧ | ૫ | ૪ | ૯ | ૮ | ૭ | ૩ |

### ઈર્શાદ

કેટલા સાચા છે એ પડશે ખબર,
આયનાની સામે રાખો આયના.
-- જુગલ દરજી

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'પછી અજંપો બાથ ભીડીને રોજ થતો મહેમાન' પંક્તિમાં 'અજંપો' શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) નસીબ બ) યજમાન ક) બેચેની ડ) હિંમત

### માઈન્ડ ગેમ

અડધો ડઝન કેરી ખરીદવા ૧૭૫ રૂપિયા ચૂકવવા પડે તો એક ગ્રોસ કેરી ખરીદવા કેટલી રકમ આપવી પડે એ ગણતરી કરી કહો.

અ) ૩૭૦૦ બ) ૩૯૫૦
ક) ૪૨૦૦ ડ) ૪૩૭૫

### ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ચીકટ | રૂક્ષ |
| ચીડ | રુચિ |
| ચીવટ | બેદરકારી |
| ચિકાર | ખાલી |
| ચિરાયુ | અલ્પજીવી |

ગુજરાત મોરી મોરી રે: વિરમગામ

ઓળખાણ પડી?: ચંદીગઢ

માઈન્ડ ગેમ: ૧૬,૮૩,૬૭૫

ચતુર આપો જવાબ અર્થ જણાવો: તરફદારી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) નિતીન જયંતિલાલ બજરિયા (૨) ભરત કજરિયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) સુભાષ મોમાયા (૮) શ્રદ્ધા આશર (૯) પુષ્પા પટેલ (૧૦) મહેશ દેસાઈ (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) મીનળ કાપડિયા (૧૩) મુલરાજ કપૂર (૧૪) મહેશ સંઘવી (૧૫) લજિતા ખોના (૧૬) નિખિલ બંગાળી (૧૭) અમીશી બંગાળી (૧૮) ભાવના કર્વે (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) કિરીટ છેડા (૨૨) કલ્પના આશર (૨૩) કમલ માતલિયા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) હર્ષા મહેતા (૨૬) મહેશ દોશી (૨૭) અરવિંદ કામદાર (૨૮) ખુશરૂ કાપડિયા (૨૯) સીમા ગાંધી (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) જયવંત પદમશી ચિખલ (૩૪) પુષ્પા ખોના (૩૫) વિણા સંપટ (૩૬) અંજુ ટોલિયા (૩૭) તાહેર ઔરંગાબાદવાલા (૩૮) શીરીન ઔરંગાબાદવાલા (૩૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) હિનાબેન દલાલ (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ગીતા ઉદેશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૫૦) નયના ગિરીશ મિસ્ત્રી

ગેસ પાઈપલાઈન તૂટી

# સીએનજી સપ્લાયને ફટકો પડતા ઓટો, ટેક્સી અને બસ સેવાને અસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ગેસ પાઈપલાઈનને નુકસાન થવાને કારણે રવિવારે મુંબઈમાં મોટા પ્રમાણમાં સીએનજી સપ્લાયના પુરવઠાને ફટકો પડતા સીએનજી પર દોડતી રીક્ષા, ટેક્સી સહિત બસને મોટા પ્રમાણમાં અસર થઈ હોવાનું જણાઈ આવ્યું હતું.

વડાલા ખાતે કૉમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (સીએનજી)માં નુકસાન થતા સમગ્ર મુંબઈમાં ગેસ પુરવઠાને અસર પહોંચી હોવાનો મહાનગર ગેસ લિમિટેડે સત્તાવાર રીતે જણાવ્યું હતું. ખાનગી ટેક્સી કંપનીની રિક્ષા-ટેક્સી સહિતની મોટાભાગની ઓટોરિક્ષા અને ટેક્સીઓ તેમ જ જાહેર પરિવહન દ્વારા ચલાવવામાં આવતી બસને મુંબઈ ગેસ લિમિટેડ દ્વારા કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ પૂરો પાડવામાં આવે છે.

ગેસ યુટિલિટી કંપનીએ જણાવ્યું હતું કે તેઓએ રહેણાક વિસ્તારમાં થતા ગેસ સપ્લાયને પ્રાથમિકતા આપી છે, જેથી ઘરોને પાઈપ દ્વારા ગેસ સપ્લાય ચાલુ રહે.

મહાનગર ગેસ લિમિટેડે સત્તાવાર રીતે જણાવ્યું હતું કે આરસીએફ (રાષ્ટ્રીય કેમિકલ એન્ડ ફર્ટિલાઈઝર) કમ્પાઉન્ડમાં ગેઈલ (ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા)ની મુખ્ય ગેસ સપ્લાય પાઈપલાઈનમાં થર્ડ પાર્ટીને થયેલા નુકસાનને કારણે વડાલા ખાતે મહાનગર ગેસ લિમિટેડના સિટી ગેટ સ્ટેશન(સીજીએસ)ની ગેસ સપ્લાય પ્રભાવિત થઈ છે.

વડાલામાં કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ સ્ટેશન પર ગેસ પુરવઠો બંધ થઈ જતા મુંબઈ, થાણે અને નવી મુંબઈમાં આવેલા સીએનજી સ્ટેશનો જેમાં (જુઓ પાનું ૪) ▸▸

# બાન્દ્રા કિલ્લામાં ખુલ્લેઆમ દારૂની પાર્ટી !

## પર્યટન વિભાગ દ્વારા પાર્ટીનું આયોજન કરાયું હોવાનો દાવો



મુંબઇઃ મહારાષ્ટ્રના બાન્દ્રા કિલ્લામાં યોજાતી દારૂ પાર્ટીને લઈને વિવાદ ઊભો થયો છે. વિપક્ષી શિવસેના (યુબીટી) એ આ પાર્ટીઓ બાબતે વિરોધ વ્યક્ત કર્યો છે. શિવસેના (યુબીટી) નેતા અખિલ ચિત્રેનો આરોપ હતો કે આ પાર્ટી મહારાષ્ટ્ર સરકારની મિલિભગતથી યોજાઈ હતી, જે એક રીતે મરાઠાઓ અને છત્રપતિ શિવાજી મહારાજના આદર્શોનું અપમાન છે.

અખિલ ચિત્રેએ સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કરીને દાવો કર્યો હતો કે મરાઠા સામ્રાજ્યના ઇતિહાસના સાક્ષી બનેલા બાન્દ્રા કિલ્લા પર દારૂની (જુઓ પાનું ૪) ▸▸

### પરવાનગી આપનારાઓ સામે થશે કાર્યવાહી : ફડણવીસ

રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ ઘટના પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે, જો આવી પાર્ટી માટે પરવાનગી આપવામાં આવી હોય, તો ચોક્કસપણે કાર્યવાહી કરવામાં આવશે.

બાન્દ્રા કિલ્લા જેવી હેરિટેજ જગ્યા પર દારૂની પાર્ટીઓ માટે પરવાનગી કેવી રીતે આપવામાં આવે છે? સંબંધિત અધિકારીઓ સામે કાર્યવાહી થવી જોઈએ, એમ કોંગ્રેસ નેતા વિજય વાડેટ્ટીવારે પણ માગણી કરી હતી. ■

# દહિસર ટોલનાકાના સ્થળાંતરને ગડકરીનો ઈનકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દહિસર ટોલનાકાને મુંબઈ-અમદાવાદ હાઈવે પર સ્થળાંતર કરવા માટે રોડ, ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે મિનિસ્ટર નિતીન ગડકરીએ મંજૂરી આપવાનો ઈનકાર કરી દીધો છે. આ બાબતે તેમણે રાજ્યના પરિવહન પ્રધાનને પત્ર પણ લખ્યો છે.

દહિસર ટોલનાકા પર થતી ટ્રાફિકની સમસ્યાને પગલે છેલ્લાં અનેક મહિનાથી દહિસર ટોલ નાકાનું સ્થળાંતર કરવાનો પ્રયાસ રાજ્યના પરિવહન પ્રધાન દ્વારા કરવામાં આવી રહ્યો છે. તે માટે પ્રશાસકીય અધિકારીઓ નવી જગ્યા પણ શોધી રહ્યા હતા. તે મુજબ વર્સોવા ખાડી સામે મુંબઈ-અમદાવાદ હાઈવે પર આ ટોલનાકાને ખસેડવાના પ્રયાસ ચાલી રહ્યા હતા. આ સંદર્ભમાં પ્રતાપ સરનાઈકે કેન્દ્રીય પ્રધાન નિતીન ગડકરીની મુલાકાત લઈને પત્રવ્યહાર પણ કર્યો હતો. આ દરમ્યાન ૧૧ નવેમ્બરના કેન્દ્રીય પ્રધાને પ્રતાપ સરનાઈકને (જુઓ પાનું ૪) ▸▸

# દિલ્હીમાં અજિત પવાર અમિત શાહને મળ્યા

## પાર્થ પવાર વિવાદ કે પાલિકાની ચૂંટણીઓની ચર્ચા?: અટકળોનું બજાર ગરમ

મુંબઇ : બિહાર વિધાનસભા ચૂંટણીના પરિણામો તાજેતરમાં જાહેર થયા, જેમાં એનડીએ એ બિહારમાં ૨૪૩ માંથી ૨૦૩ બેઠકો પર જીત હાંસલ કરી. ભાજપે આ જીતની દેશભરમાં ઉજવણી કરી. આ દરમિયાન મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર દિલ્હીમાં કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહને મળ્યા.

અમિત શાહના નિવાસસ્થાને બંને નેતાઓએ લાંબી ચર્ચા કરી હતી. આ મુલાકાત એવા સમયે થઈ હતી જ્યારે અજિત પવારના પુત્ર પાર્થ પવાર મુંધવામાં તેમની અમેડિયા કંપની દ્વારા જમીન ખરીદીના વ્યવહારને કારણે મુશ્કેલીમાં ફસાયા છે. તેથી રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી હતી કે અજિત પવારે પાર્થ પવારને આ કેસમાંથી (જુઓ પાનું ૪) ▸▸

# 'ચૂંટણીમાં પૈસાનો ઉપયોગ, પણ તેના દમ પર ચૂંટણી જીતાય નહીં"

## પ્રફુલ પટેલના નિવેદન પર બબાલ

મુંબઈ/ગોંદિયાઃ બિહાર વિધાનસભાની ચૂંટણી પછી એનડીએ (નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ)નો દબદબો વધી રહ્યો છે, ત્યારે હવે મહારાષ્ટ્રમાં નગરપાલિકાની ચૂંટણીને લઈ રાજકારણ ગરમાયું છે. મુંબઈ પાલિકાની ચૂંટણીને લઈ (જુઓ પાનું ૪) ▸▸

# સેલ્ફ રિડેવલપમેન્ટ માટે રિફાઈનાન્સ આપવાનો નેશનલ હાઉસિંગ બેંકનો ઈનકાર

## ૬૩ હાઉસિંગ સોસાયટીના પ્રસ્તાવ રખડી પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સેલ્ફ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે લોનની માગણી કરનારી ૬૩ કૉપરેટીવ હાઉસિંગ સોસાયટીની અરજી પર મુંબઈ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કૉ-ઓપરેટીવ બેંક (મુંબઈ બેંક)ને આવશ્યક પુનર્ધિરાણ (રિ-ફાઈનાન્સ) આપવા માટે નેશનલ હાઉસિંગ બેંકે અસમર્થતા દર્શાવી છે. આ બાબતનો પ્રસ્તાવ કેન્દ્રીય નાણા મંત્રાલયને મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો પણ તેમણે આ પ્રસ્તાવ (જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં તાપમાનનો પારો ૧૭.૮ ડિગ્રી

## ૨૧ નવેમ્બર બાદ ઠંડી ઓછી થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરા છેલ્લાં એક અઠવાડિયાથી ફૂલગુલાબી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. રવિવારે મુંબઈમાં લઘુતમ તાપમાનમાં મોટો ઘટાડો નોંધાયો હતો. સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૧૭.૮ ડિગ્રી જેટલું નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૩.૮ ડિગ્રી ઓછું હતું. એ સાથે જ રવિવારનું તાપમાન ચાલુ મોસમમાં અત્યાર સુધીનું સૌથી નીચું તાપમાન રહ્યું હતું. નિષ્ણાતોના કહેવા મુજબ જોકે ૨૧ નવેમ્બર બાદ મુંબઈમાં ઠંડીના પ્રમાણમાં હળવો ઘટાડો નોંધાશે.

મુંબઈમાં રવિવારે સાંતાક્રુઝમાં લઘુતમ તાપમાન ૧૭.૮ ડિગ્રી અને કોલાબામાં ૨૨.૩ ડિગ્રી નોંધાયું હતું. હજી એક દિવસ પહેલા જ એટલે કે શનિવારે જ સાંતાક્રુઝમાં ૧૮ ડિગ્રી (જુઓ પાનું ૪) ▸▸

### નવેમ્બરમાં પણ વરસાદ

હવામાન નિષ્ણાતોના કહેવા મુજબ ૨૧ નવેમ્બર બાદ હવામાં રહેલા કરંટમાં ખલેલ પહોંચવાની શક્યતા છે. હાલમાં શિયાળાની પડી રહેલી ઠંડીમાં ૨૧ નવેમ્બર બાદ ઘટાડો જોવા મળી શકે છે અને મહિનાના અંતમાં ફરી છૂટોછવાયો વરસાદ પડી શકે છે. જોકે તે ઉત્તર-પૂર્વનું ચોમાસું રાજ્યના દક્ષિણ વિસ્તારોને પ્રભાવિત કરે છે કે નહીં તેને આધારિત રહેશે અને ૨૧ નવેમ્બર પછી લઘુતમ તાપમાનમાં વધારો થવાની સંભાવના છે.

# શક્ય હશે ત્યાં યુતિ, નહીં તો અલગ અલગ લડાશે ચૂંટણી

## છતાં ચિત્ર મંગળવાર સુધી સ્પષ્ટ થવાનું કહ્યું ફડણવીસે

મુંબઇ : સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓના સંદર્ભમાં રાજકીય પક્ષોની રાજ્યભરમાં મુલાકાતો પર સૌની નજર છે. રવિવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ છત્રપતિ સંભાજીનગરની મુલાકાતે હતા. ચૂંટણીઓની પૃષ્ઠભૂમિમાં તેમની મુલાકાતનું મહત્વ વધી ગયું છે. આ દરમિયાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, સ્થાનિક સ્તરે યુતિ અંગે નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. મંગળવાર સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે. સીટોની વહેંચણી થઈ નથી. સીટોની વહેંચણી જિલ્લાઓમાં જ થાય છે. આના કારણે જિલ્લામાં પક્ષોએ જ્યાં શક્ય હોય ત્યાં જોડાણ કર્યું છે. ક્યાંક બે પક્ષોનું જોડાણ થયું છે, તો ક્યાંક કોઈ પણ પક્ષનું જોડાણ થયું નથી. આ જિલ્લા સ્તરની નાની ચૂંટણી છે. આ કોઈ રાજ્યની ચૂંટણી નથી, તેથી ત્યાંની પરિસ્થિતિ મુજબ નિર્ણય લેવામાં આવે છે. વધુમાં (જુઓ પાનું ૪) ▸▸

## વસઈમાં પ્રધાનમંત્રી આવાસ યોજના

# ૧૧૦૬ મકાનને મંજૂરી, ફક્ત ૧૮૯ ઘર તૈયાર

વસઈઃ સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા વસઈ તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં આવાસ યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ આ વર્ષે માત્ર ૧,૧૦૬ ઘર માટે મંજૂરી આપવામાં આવી છે અને માત્ર ૧૮૯ ઘર પૂર્ણ થયા છે.ગ્રામીણ વિસ્તારોમાં રહેતા મહેનતુ ગરીબોને તેમના હકના ઘર મળે તે સુનિશ્ચિત કરવા માટે વિવિધ સરકારી આવાસ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે.■

# લોકલ ટ્રેનોમાં પ્રવાસીઓને ટિકિટ-પાસ સાથે એક્સિડેન્ટલ ઈન્શ્યોરન્સ આપવાની માગણી

મુંબઈઃ મુંબ્રા ખાતે જૂન મહિનામાં બે લોકલ ટ્રેનમાંથી પડીને પાંચ પ્રવાસીઓના મૃત્યુ થયા હતા, જ્યારે નવ પ્રવાસીને ઈજા પહોંચી હતી. આ ઘટના બાદ લોકલ ટ્રેનમાં પ્રવાસ કરનારા પ્રવાસીઓની સુરક્ષાનો મુદ્દો એરણે આવ્યો હતો. વીજેટીઆઈના અહેવાલમાં પણ આ અકસ્માત રેલવે અધિકારીના બેદરકારીને કારણે થયો છે એવું સ્પષ્ટ થયું છે. આ ઘટના બાદ હવે એકીકરણ સમિતી ધારા ઉપનગરીય રેલવે પ્રવાસીઓ માટે ટિકિટ કે માસિક પાસની સાથે સાથે એક્સિડેન્ટલ ઈન્શ્યોરન્સ યોજના તાત્કાલિક લાગુ કરવાની માગણી કરી છે. આ સંદર્ભનો પત્ર પણ તેમણે રેલવેને મોકલાવ્યો છે.

મુંબ્રા દુર્ઘટના બાદ સમિતિએ રેલવેને ઈમેલ કરીને ઈન્શ્યોરન્સ કવર આપવાની માગણી કરી છે. તેમણે પોતાના લોકલ ટ્રેનમાં પ્રવાસ કરનારા કરોડો પ્રવાસીઓની સુરક્ષા અને આર્થિક જરૂરિયાત તરફ ધ્યાન ખેંચીને કેટલીક સમસ્યાઓ રજૂ કરી હતી. લોકલ ટ્રેન મુંબઈગરાની લાઈફલાઈન છે પરંતુ દરરોજ થતાં અકસ્માત અને મૃત્યુનું પ્રમાણ પણ વધી રહ્યું છે. ■

### મધ્ય રેલવેએ મોબાઇલ યુટીએસ દ્વારા ટિકિટ આપવા કર્મચારીઓ નિમ્યા

મુંબઈઃ રેલવે દ્વારા પ્રવાસીઓને ઝડપથી ટિકિટ મળી રહે એ માટે અલગ અલગ યોજનાઓ અમલમાં મૂકે છે. હવે મધ્ય રેલવે દ્વારા પ્રવાસીઓને ઝડપ અને સરળતાથી ટિકિટ મળી રહે એ માટે યુટીએસ સહાયકની નિમણૂંક કરી છે અને કર્મચારીઓ દ્વારા રેલવેને ઝડપથી ટિકિટ મળી રહી છે. મધ્ય રેલવે દ્વારા શરૂ કરવામાં આવેલી આ નવી સેવાને કારણે ૧૫ જ દિવસમાં રેલવે ૨૨.૦૧ લાખ રૂપિયાની કમાણી થઈ છે.

મધ્ય રેલવે દ્વારા ૩૧મી ઓક્ટોબરથી પ્રવાસીઓની સુવિધા માટે મોબાઈલ યુટીએસ સહાયકની નિમણૂંક કરી છે. મધ્ય રેલવેના સીએસએમટી રેલવે સ્ટેશન પર ત્રણ યુટીએસ સહાયકની નિમણૂક કરી હતી અને આ કર્મચારીઓને એમ યુટીએસ સહાયક તરીકે ઓળખવામાં આવે છે. આ કર્મચારીઓ પાસે એક મોબાઈલ, એક નાનકડું ટિકિટ પ્રિન્ટિંગ મશીન લઈને ટિકિટ બારીની આસપાસ ફરતાં જોવા મળી રહ્યા છે.

એમ-યુટીએસ સહાયર દ્વારા ૩૧મી ઓક્ટોબરથી આ સેવા શરૂ કરવામાં આવી છે અને ૧૪મી નવેમ્બર એમ ૧૫ દિવસમાં ૧૪,૨૦૧ ટિકિટનું વેચાણ કરીને ૨૨.૦૧ લાખ રૂપિયાની કમાણી કરી હતી. ભારતીય રેલવે દ્વારા નવી દિલ્હી, કોલકત્તા, બેંગલુરુ, ચેન્નઈ અને સીએસએમટી સ્ટેશન પર એમ-યુટીએસ સહાયકની નિમણૂક કરવાની શરૂઆત કરવામાં આવી છે. ■

# થાણેની તમામ શાળાનું માળખાકીય નિરીક્ષણ કરાશેઃ પાલિકાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

થાણેઃ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં આવેલી બધી ખાનગી શાળાની ઇમારતોનું માળખાકીય નિરીક્ષણ કરવાનો નગરપાલિકાના શિક્ષણ વિભાગે નિર્ણય લીધો છે. શિક્ષણ વિભાગે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આયઆયટી) મુંબઈ અને વીરમાતા જીજાબાઈ ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટ (વીજેટીઆઇ)ને આ નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો છે અને આ માટે શાળાના પ્રિન્સિપાલને પણ પત્ર મોકલ્યો છે. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં કુલ ૭૬૯ ખાનગી શાળાઓ છે. તેમાંથી ૨૦૯ ખાનગી અનુદાનિત અને ૫૬૦ બિન-અનુદાનિત શાળાઓ છે. આ ઉપરાંત થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનની કુલ ૧૦૨ શાળાઓ છે, જેમાંથી ૯૫ પ્રાથમિક અને ૭ માધ્યમિક છે. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાઓની કુલ ૭૬ ઇમારતોમાંથી, ૬૯ ઇમારતો હાલમાં શાળાકીય શિક્ષણ માટે વપરાય છે અને બાકીની સાત શાળાઓ જર્જરિત હાલતમાં છે, જેના કારણે વિદ્યાર્થીઓ જીવના જોખમે શાળામાં બેસે છે.■

# તારાપુરમાં પાંચ વર્ષમાં ૯૧ અકસ્માત, ૪૮નાં મોત

બોઇસરઃ એશિયાના સૌથી મોટા ઔદ્યોગિક વસાહત તરીકે જાણીતા તારાપુર ઔદ્યોગિક વિસ્તારમાં વધતા અકસ્માતોનો મુદ્દો ગંભીર બન્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં ઔદ્યોગિક વિસ્તારમાં ફેક્ટરીઓમાં ૯૧ અકસ્માતો નોંધાયા છે, જેમાં ૪૮ કામદારોનાં મોત અને ૯૦ ગંભીર રીતે ઘાયલ થયા છે.

તારાપુર બોઇસર ઔદ્યોગિક વિસ્તારમાં કુલ ૧૦૪૫ અત્યંત જોખમી, ખતરનાક, રાસાયણિક અને અન્ય કારખાનાઓ નોંધાયેલા છે. આમાં મુખ્યત્વે રસાયણો, ફાર્માસ્યુટિકલ્સ, કાપડ અને સ્ટીલ પર પ્રક્રિયા કરતી ફેક્ટરીઓનો સમાવેશ થાય છે અને લગભગ બે લાખ કામદારો અને અધિકારીઓ તેમાં કામ કરે છે. ઔદ્યોગિક ક્ષેત્રને કારણે વિસ્તારની આર્થિક અને સામાજિક સમૃદ્ધિ થઈ હોવા છતાં ઔદ્યોગિક ક્ષેત્રમાં આગ, ગેસ લીક અને વિસ્ફોટ જેવી અકસ્માતની ઘટનાઓને કારણે કામદારોની સુરક્ષાનો પ્રશ્ન ગંભીર બન્યો છે.

છેલ્લાં પાંચ વર્ષમાં, ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય નિયામકમંડળમાં ૯૧ અકસ્માતો નોંધાયા છે, જેમાં ૪૮ કામદારોના મોત અને ૯૧ કામદારો ગંભીર રીતે ઘાયલ થયા છે. યાંત્રિક ભંગાણ, માનવીય બેદરકારી, ખોટી તાલીમ અને અસુરક્ષિત કાર્ય પદ્ધતિઓ ઔદ્યોગિક કારખાનાઓમાં અકસ્માતો પાછળના મુખ્ય કારણો છે. અકસ્માતો અટકાવવા માટે, નિયમિત જાળવણી, કર્મચારીઓની યોગ્ય તાલીમ, સલામતી નિયમોનું કડક પાલન અને જોખમો ઘટાડવા માટે યોગ્ય સલામતી વ્યવસ્થાપન જરૂરી બન્યું છે. આજ સુધીમાં સલામતી જોગવાઈઓના વિવિધ ઉલ્લંઘન માટે સંબંધિત ફેક્ટરી મેનેજમેન્ટ સામે કોર્ટમાં કુલ ૨૪૪ ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા છે. ઉપરાંત, છેલ્લાં બે વર્ષમાં તારાપુરમાં કુલ ૧૭ જીવલેણ અકસ્માતો થયા છે. ફેક્ટરી મેનેજમેન્ટ સાથે ફોલોઅપ કરીને, રૂ. અસરગ્રસ્તોને ૭૦ લાખ ૨૫ હજારનું વળતર અને રૂ. ૧,૦,૦૦૦નું એક્સ-ગ્રેશિયા ગ્રાન્ટ આપવામાં આવ્યું છે અને મૃતક કામદારો માટે ૨૯ લાખ ૨૫ હજાર રૂપિયાની સહાય મળી છે. ■

# ગાયોને કતલખાને લઈ જતી ટોળકીનો પોલીસને ટેમ્પોથી કચડવાનો પ્રયાસ

## ભિવંડીમાં બનેલી ઘટનામાં પોલીસે પીછો કરી ટેમ્પો ડ્રાઈવરને પકડી પાડ્યોઃ સાત ગાય છોડાવી

થાણેઃ ગાયોને કતલખાને લઈ જતી ટોળકીએ નાકાબંધીમાં હાજર પોલીસ ટીમને ટેમ્પોથી કચડવાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના ભિવંડીમાં બની હતી.

પોલીસે સતર્કતા વાપરીને ટેમ્પોનો પીછો કરી ડ્રાઈવરને પકડી પાડ્યો હતો અને સાત ગાય છોડાવી હતી. આ પ્રકરણે પોલીસે ચાર જણ વિરુદ્ધ ગુનો નોંધી ફરાર આરોપીઓની શોધ હાથ ધરી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ ઘટના ભિવંડીના કોશિંબે ફાટા નજીક ૧૪ નવેમ્બરના મળસકે ૩.૩૦ વાગ્યે બની હતી. અમુક લોકો ગાયને કતલખાને લઈ જવાના હોવાની માહિતી મળતાં જ પડઘા પોલીસે નાકાબંધી કરી હતી.

વાહનોને ચકાસણી પછી છોડવામાં આવી રહ્યાં હતાં ત્યારે એક ટેમ્પો પૂરપાટ વેગે વાશિંદની દિશામાંથી પડઘા તરફ આવ્યો હતો.

પોલીસે ઇશારો કરતાં ડ્રાઈવરે ટેમ્પો રોક્યો પણ ખરો. બે કોન્સ્ટેબલ ટેમ્પોની આગળ ઊભા હતા ત્યારે અધિકારી પાછળ ટેમ્પોમાં શું છે તે તપાસવા ગયા હતા. એ જ સમયે બાઈક પર આવેલા શખસે 'પોલીસ કો ઉડા દો...' કહેતાં ડ્રાઈવરે ટેમ્પો સ્ટાર્ટ કર્યો હતો. પોલીસને કચડવાનો પ્રયાસ કરી ટેમ્પો પૂરપાટ વેગે ભગાવ્યો હતો. ■

### કબૂતરખાના બાદ હવે સ્ટ્રીટ ડૉગ્સ

# મુલુંડમાં ગમે તેવા પ્રોજેક્ટ્સ ધકેલવામાં આવતા હોવાથી સ્થાનિકો નારાજ

મુંબઈઃ મુંબઈ માટે અનિચ્છનીય અથવા મુશ્કેલ પ્રોજેક્ટ્સને મુલુંડમાં ધકેલવાનો રિવાજ જાળવી રાખવામાં આવ્યો હોય એવું લાગી રહ્યું છે.

પહેલા પ્રોજેક્ટ અસરગ્રસ્તો માટેના આવાસ, પછી ધારાવી પ્રોજેક્ટના અપાત્ર રહેવાસીઓને પછી નવા કબૂતરખાના અને હવે રખડતા કૂતરાઓ માટેના શેલ્ટર હોમ માટે મુલુંડ પૂર્વ વિસ્તારની જગ્યા જ પસંદ કરવામાં આવી છે.

મુલુંડ પૂર્વ વિસ્તારમાં એક પછી એક પ્રદૂષણ ફેલાવતા પ્રોજેક્ટ્સ આવવાથી મુંબઈનો ભાગ હોવા છતાં અન્યાય થઈ રહ્યો લાગણી મુલુંડવાસીઓ અનુભવી રહ્યા છે.

શૈક્ષણિક સંસ્થા, હોસ્પિટલો, બસ સ્ટેન્ડ અને રેલ્વે સ્ટેશન જેવા સંસ્થાકીય વિસ્તારોમાં રખડતા કૂતરાઓના હુમલામાં નોંધપાત્ર વધારો થવાને કારણે સુપ્રીમ કોર્ટે ૭ નવેમ્બરના રોજ આ સ્થળોએથી કૂતરાઓને દૂર કરવા અને તેમને શેલ્ટર હોમમાં ખસેડવાનો આદેશ આપ્યો હતો.

મુંબઈમાં લગભગ એક લાખ રખડતા કૂતરા છે અને મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસે તેમના માટે પૂરતા શેલ્ટરહોમ નથી.

મુંબઈમાં ફક્ત આઠ શેલ્ટર હોમ છે.

મુલુંડ પૂર્વમાં ૧૦૦૦ કૂતરાઓ માટે શેલ્ટર હોમ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે મુલુંડના લોકોએ શેલ્ટર હોમ બનાવવાનો વિરોધ કર્યો છે. ■



જેટ્ટીનું નિર્માણ ગેટવે ઓફ ઈન્ડિયાની પાસે રેડિયો ક્લબ પાસે નવી જેટીનું નિર્માણ થઈ રહ્યું છે. કોલાબાના રહેવાસીઓ દ્વારા આ જેટ્ટીનો વિરોધ કરાયો હતો. (અમય ખરાડે)

# ગિલની ઈજા, બવુમા-બૉશ્ચની ભાગીદારી, ટી-૨૦ સ્ટાઈલમાં બૅટિંગઃ પરિણામ ભારતનો ઘોર પરાજય

**▶ ટીમ ઈન્ડિયાની હારના પાંચ કારણઃ બૅટ્સમેનોએ ધૈર્ય ગુમાવ્યું અને શરણાગતિ સ્વીકારી**

કોલકાતાઃ ભારતની ધરતી પર સાઉથ આફ્રિકા ૧૫ વર્ષે ટેસ્ટ મૅચ જીતી શક્યું એ સાથે ટેમ્બા બવુમાની ટીમે બે મૅચની સિરીઝમાં ૧-૦થી અપરાજિત સરસાઈ મેળવી લીધી અને ભારત કેમ એના મુખ્યત્વે કેટલાક કારણે ચર્ચામાં છે. ખાસ કરીને ભારતના બૅટ્સમેનો બન્ને દાવમાં ધૈર્ય ગુમાવીને રમ્યા જેમાં સસ્તામાં વિકેટ ગુમાવી બેઠા અને રવિવારે તો તેમણે સાઉથ આફ્રિકન બોલર્સ સામે શરણાગતિ જ સ્વીકારી લીધી હતી.





મૅન ઑફ ધ મૅચ હાર્મર અને બીજો સફળ સ્પિનર કેશવ મહારાજ એકમેકને ભેટી પડ્યા હતા. (પીટીઆઈ)

### હાર્મર મૅન ઑફ ધ મૅચ

કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન્સ પર ભારતની ટીમ ૧૨૪ રનનો નાનો લક્ષ્યાંક પણ ન મેળવી શકી અને ફક્ત ૯૩ રનમાં ઑલઆઉટ થઈ ગઈ. ટેમ્બા બવુમાની વર્લ્ડ ચૅમ્પિયન ટીમે ૩૦ રનથી રોમાંચક વિજય મેળવ્યો અને ઘરઆંગણે યોજાયેલી સિરીઝમાં પહેલી જ મૅચમાં ભારતે હાર જોવી પડી. આખી ટેસ્ટમાં કુલ ૫૧ રનમાં આઠ વિકેટ લેનાર ઑફ-સ્પિનર સાઇમન હાર્મરને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

### પરાજયનાં કારણો પર એક નજર...

(૧) ભારતીય બૅટ્સમેનોએ શર્મનાક પ્રદર્શન કર્યું. બન્ને ઇનિંગ્સમાં ભારતના બૅટ્સમેનો ફ્લૉપ રહ્યા. પહેલા દાવમાં મહા મહેનતે ૧૮૯ રન કર્યા અને બીજા દાવમાં ૧૦૦ રન પણ ન થઈ શક્યા. બન્ને દાવમાં ભારત વતી એક પણ હાફ સેન્ચુરી ન થઈ શકી. કૅપ્ટન શુભમન ગિલ પ્રથમ દાવમાં પોતાના ચોથા રન પર ગરદનના દુખાવાને કારણે મૅચની બહાર થઈ ગયો હતો. તેની ઈજા એટલી બધી ગંભીર હતી કે રવિવારે તે જરૂર પડવા છતાં બૅટિંગમાં નહોતો આવી શક્યો. તેની ગેરહાજરી ટીમને ખૂબ વર્તાઈ હતી.

(૨) સાઉથ આફ્રિકાના બીજા દાવમાં ૯૧ રન પર યેનસેનની સાતમી વિકેટ પડ્યા બાદ ભારતને બહુ સારો મોકો હતો, પરંતુ બવુમા અને કૉર્બિન બૉશ્ચ વચ્ચે ૧૩ ઓવર સુધીની ૪૪ રનની લાંબી ભાગીદારી થઈ જેને લીધે પછીથી પ્રવાસી ટીમ ૧૫૦ રનનો આંકડો પાર કરી શકી હતી અને ભારતને ૧૦૦-પ્લસનો લક્ષ્યાંક આપી શકી હતી.

(૩) ભારતીય બૅટ્સમેનોના દિમાગ પર ટી-૨૦ની ફટકાબાજીનો જાદુ છવાઈ ગયો અને એની અસર આ મૅચમાં જોવા મળી. પિચ આવા અભિગમ સાથે રમવા માટેની હતી જ નહીં, છતાં દરેક ભારતીય બૅટ્સમૅન જાણે અટૅકિંગ અપ્રોચનો વિચાર કરીને મેદાન પર આવ્યો હતો. હા, આક્રમક અભિગમ રવિવારે બીજા દાવની શરૂઆતથી હોવો જોઈતો હતો ત્યારે યશસ્વીથી શરૂ કરીને મોટા ભાગના બૅટ્સમેનો ડિફેન્સિવ રમવા ગયા એમાં વિકેટ ગુમાવી બેઠા હતા. ધ્રુવ જુરેલે વિચાર્યા વિના આક્રમક રમવા જતાં વિકેટ ફેંકી દીધી હતી. અક્ષર પટેલે છેલ્લે છેલ્લે આક્રમક વલણ અપનાવ્યું, પણ ત્યારે બહુ મોડું થઈ ગયું હતું, કારણકે એવા જોખમી શૉટ રમવા માટે પાછળથી વિકેટો હોવી જરૂરી હતી જે નહોતી.

(૪) ભારતની પિચો સ્પિન બોલર્સને વધુ સફળતા અપાવવા માટે જાણીતી છે, પણ એમાંની એક (ઈડનની) પિચ પર આપણા જ બૅટ્સમેનો સાઉથ આફ્રિકાના સ્પિનર્સ (સાઇમન હાર્મર, કેશવ મહારાજ, એઇડન માર્કરમ) સામે નત મસ્તક થઈ ગયા.

(૫) ઓપનિંગ સારું થાય તો પછીથી ઇનિંગ્સ સારી રીતે ડેવલપ થઈ શકે, પણ યશસ્વી જયસ્વાલ (૧૨ રન અને શૂન્ય)નો ફ્લૉપ-શૉ બન્ને દાવમાં રહ્યો. પરાજયનું આ સૌથી મોટું કારણ કહી શકાય. ગિલની ગેરહાજરીમાં સુકાન સંભાળતા કાર્યવાહક કૅપ્ટન રિષભ પંતે પહેલા દાવમાં ટૂંકી આક્રમક ઇનિંગ્સમાં ૨૭ રન કર્યા બાદ રવિવારે બીજા દાવમાં શરૂઆતથી અટૅકિંગ મૂડમાં હતો અને ફક્ત બે રનના પોતાના સ્કોર પર સ્પિનર હાર્મરને વળતો કૅચ આપી બેઠો હતો. પંતમાં ધૈર્યનો અભાવ હતો. ■

# કુંબલે પૂછે છે, 'કેમ બુમરાહથી આક્રમણ શરૂ નહોતું કર્યું?'

**▶ રવિવારે સવારે કાર્યવાહક સુકાની પંતે અક્ષર-જાડેજાથી અટૅકની શરૂઆત કરી અને બુમરાહને છેક નવમી ઓવરમાં બોલાવ્યો**

કોલકાતાઃ જસપ્રીત બુમરાહ ટેસ્ટ-ક્રિકેટના તમામ બોલર્સમાં અત્યારે વર્લ્ડ નંબર-વન છે, પરંતુ રવિવારે સાઉથ આફ્રિકાએ ત્રીજા દિવસે ૯૩/૭ના સ્કોર સાથે રમત ફરી શરૂ કરી ત્યારે એ જટિલ પરિસ્થિતિમાં પહેલી ઓવર તેને (બુમરાહને) આપવાનું કાર્યવાહક કૅપ્ટન રિષભ પંતને ઠીક નહોતું લાગ્યું અને તેણે સ્પિનર્સથી આક્રમણ શરૂ કર્યું જે સ્પિન-લેજન્ડ અનિલ કુંબલેને નથી ગમ્યું. ટેસ્ટ-ક્રિકેટમાં ભારત વતી સૌથી વધુ ૬૧૯ વિકેટ લેનાર કુંબલેનો સૌથી મોટો સવાલ એ છે કે કેમ ટીમના બેસ્ટ બોલરને રવિવારે પ્રથમ ઓવર નહોતી આપવામાં આવી?

શુભમન ગિલ ગરદનના દુખાવાને કારણે શનિવારે બૅટિંગ દરમ્યાન જ મૅચમાંથી નીકળી ગયો હતો અને ઈજા ગંભીર હોવા બદલ રવિવારે પાછો મેદાન પર નહોતો આવી શક્યો. તેની ગેરહાજરીમાં નેતૃત્વ સંભાળનાર વાઇસ-કૅપ્ટન રિષભ પંતે રવિવારની રમતની શરૂઆત લેફ્ટ-આર્મ સ્પિનર અક્ષર પટેલથી કરી હતી. ત્યારે કૅપ્ટન ટેમ્બા બવુમા (પંચાવન અણનમ, ૧૩૬ બૉલ, ૧૮૩ મિનિટ, ચાર ફોર) અને કૉર્બિન બૉશ્ચ (૨૫ રન, ૩૭ બૉલ, ૪૯ બૉલ, એક સિક્સર, બે ફોર) વચ્ચે હજી માંડ બે રનની ભાગીદારી થઈ હતી, પરંતુ દિવસની શરૂઆતમાં ભારતીય બોલિંગમાં આક્રમણનો અભાવ હોવાથી (આરંભ બુમરાહથી ન થયો હોવાથી) બવુમા-કૉર્બિનની જોડી જામતી ગઈ હતી અને તેમની વચ્ચે ૭૯ બૉલમાં ૪૪ રનની પાર્ટનરશિપ થઈ હતી.

### સ્પિનર્સના ઉપયોગ બાદ બુમરાહને બહુ મોડી બોલિંગ

રવિવારે રિષભ પંતે અક્ષર પટેલ, રવીન્દ્ર જાડેજા અને કુલદીપ યાદવને અજમાવ્યા બાદ બુમરાહને છેક નવમી ઓવરથી મોરચા પર મૂક્યો હતો અને ત્યાં સુધીમાં બવુમા-કૉર્બિનની જોડી જામી ગઈ હતી અને બુમરાહના આગમન સુધીમાં તેમણે ૨૭ રન ઉમેરી લીધા હતા.

### ભારત માટે ૧૨૪નો લક્ષ્યાંક મુશ્કેલ બન્યો

કુંબલેએ એક જાણીતી ઍપ પર કહ્યું, ' ભારત માટે ૧૨૪ રનનો લક્ષ્યાંક થોડો મોટો અને મુશ્કેલ બની ગયો હતો. રવિવારની રમત શરૂ થઈ ત્યારે સાઉથ આફ્રિકાનો સ્કોર (૩૦ રનની સરસાઈ બાદ કરતાં) ૭/૬૩ હતો. જોકે બેસ્ટ બોલર જસપ્રીત બુમરાહથી કેમ આક્રમણ શરૂ ન કરાયું એ મારા માટે સૌથી મોટો સવાલ છે. બધાએ જોયું કે છેલ્લી ત્રણેય વિકેટ ફાસ્ટ બોલરે મેળવી હતી.' ઉલ્લેખનીય છે કે આઠમી વિકેટ બુમરાહે અને નવમી-દસમી વિકેટ સિરાજે લીધી હતી.

### કૅપ્ટન બવુમાને જોઈએ એવો જશ નથી મળ્યોઃ કુંબલે

કુંબલેએ સાઉથ આફ્રિકન ટીમના વખાણ કરતા કહ્યું, ' એકંદરે, ભારતથી સાઉથ આફ્રિકા ચડિયાતું સાબિત થયું



વિજેતા કૅપ્ટન બવુમા સાથે બુમરાહ

અને એનો શ્રેય કૅપ્ટન ટેમ્બા બવુમાને આપું છું. ખરું કહું તો કૅપ્ટન્સીની બાબતમાં તેને જે જશ મળવો જોઈએ એ ક્યારેય મળ્યો જ નથી. કૅપ્ટન તરીકે તે ૧૧માંથી ૧૦ ટેસ્ટ જીત્યો છે તેમ જ સાઉથ આફ્રિકાને તેણે ટેસ્ટની ચૅમ્પિયનશિપ પણ જિતાડી આપી છે. બીજા આંતરરાષ્ટ્રીય કૅપ્ટનોને મળે છે એવો શ્રેય ટેમ્બા બવુમાને મળ્યો જ નથી. તે કૅપ્ટન-બૅટર તરીકે બે અસાધારણ ઇનિંગ્સ રમ્યો છે. એક, જૂનમાં ડબ્લ્યૂટીસીની ઑસ્ટ્રેલિયા સામેની લૉર્ડ્સની ફાઇનલમાં અને એક અહીં કોલકાતામાં રવિવારે ભારત સામેના બીજા દાવમાં.'

### બવુમા બોલિંગમાં સારા ફેરફાર કરતો હતો

અનિલ કુંબલેએ અવ્વલ દરજ્જાના ખેલાડી અને કૅપ્ટન તરીકેના પોતાના અનુભવ પરથી કહ્યું કે ' બવુમા ખરા સમયે સ્પિનર માર્કરમને મોરચા પર લાવ્યો હતો. તેણે બે લેફ્ટ-હૅન્ડર્સ સામે આ સચોટ નિર્ણય લીધો હતો. અક્ષર પટેલ બહુ સારું રમી રહ્યો હતો છતાં ત્યારે બવુમાએ માર્કરમના સ્થાને કેશવ મહારાજને ફરી બોલિંગ આપી હતી. ત્યારે ભારતનો સ્કોર ૭/૭૭ હતો. કૅપ્ટન શુભમન ગિલ બૅટિંગમાં નહોતો આવવાનો. મહારાજના પહેલા ચાર બૉલમાં અક્ષરે બે સિક્સર અને એક ફોરની મદદથી ૧૬ રન કર્યા હતા, પણ (મહારાજને એ ઓવર આપવાનો) જુગાર બવુમાને ફળ્યો હતો. પાંચમા બૉલમાં મહારાજે અક્ષરની અને છઠ્ઠા બૉલમાં સિરાજની વિકેટ લઈને ખેલ ખતમ કરી નાખ્યો હતો. એકંદરે બવુમાએ બોલર્સનો બહુ સારી રીતે ઉપયોગ કર્યો હતો. (૨૩ ટેસ્ટમાં ૩૮ વિકેટ લઈ ચૂકેલા) પેસ બોલર વિઆન મુલ્ડરનો બવુમાએ બીજા દાવમાં ઉપયોગ જ નહોતો કર્યો. તેને પેસ બોલિંગમાં યેનસેન અને કૉર્બિન બૉશ્ચ પર તેમ જ બન્ને મુખ્ય સ્પિનર્સ પર પૂરો ભરોસો હતો. અધૂરામાં પૂરું, તેણે સ્પિનર્સ હાર્મર અને મહારાજ ઉપરાંત માર્કરમનો સારી રીતે ઉપયોગ કર્યો હતો.' ■

# ભારતને ટેસ્ટની હારથી મોટું નુકસાન, સાઉથ આફ્રિકાને મોટો ફાયદો

દુબઈઃ આઇસીસીએ વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ના નવા ક્રમાંકો જાહેર કર્યા છે જે અનુસાર ભારત રવિવારે ઈડન ગાર્ડન્સમાં સિરીઝની પ્રથમ ટેસ્ટ હારી જતાં રૅન્કિંગમાં એક ક્રમ નીચે ઊતર્યું છે, જ્યારે સાઉથ આફ્રિકા બીજા નંબર પર આવી ગયું છે. ભારતે કોલકાતાની ટેસ્ટમાં ૩૦ રનની સરસાઈ લીધી હતી, પણ છેવટે ૩૦ રનના નાના તફાવતથી જ ટીમ ઇન્ડિયાએ પરાજય જોવો પડ્યો. સાઉથ આફ્રિકા ૨૦૧૦ પછી (૧૫ વર્ષે) પહેલી વાર ભારતની ધરતી પર ટેસ્ટ જીતવામાં સફળ થયું છે.

ભારતની ટીમ ડબ્લ્યૂટીસીમાં ત્રીજા નંબરે હતી, પણ આ પરાજયને પગલે ચોથા નંબર પર જતી રહી છે, જ્યારે સાઉથ આફ્રિકાએ એક નંબરની પ્રગતિ કરીને બીજું સ્થાન મેળવ્યું છે. વર્તમાન ડબ્લ્યૂટીસી સીઝનમાં ભારત આઠમાંથી ચાર ટેસ્ટ જીત્યું, ત્રણ હાર્યું અને એક ટેસ્ટ ડ્રૉ થઈ છે.

સાઉથ આફ્રિકાની ટીમ છેલ્લે ભારતમાં ફેબ્રુઆરી, ૨૦૧૦માં નાગપુરમાં ટેસ્ટ જીતી હતી. ત્યારે ગ્રેમ સ્મિથ સાઉથ આફ્રિકાનો અને એમએસ ધોની ભારતનો કૅપ્ટન હતો. સાઉથ આફ્રિકાની ટીમમાં ત્યારે ડેલ સ્ટેન, મૉર્ની મૉર્કલ, વેઇન પાર્નેલ, જૅક કૅલિસ, જે. પી. ડુમિની, હાશિમ અમલા, ડીવિલિયર્સ અને માર્ક બાઉચર જેવા ધુરંધરો હતા.



ધ્રુવ જુરેલ માત્ર ૧૩ રનના સ્કોર પર બેદરકારીભર્યા ઊંચા શૉટમાં કૅચઆઉટ થયો હતો. (પીટીઆઈ)

### ડબ્લ્યૂટીસીની ૨૦૨૫-૨૦૨૭ સીઝનમાં કોણ કઈ સ્થિતિમાં

(૧) ઑસ્ટ્રેલિયા, ૧૦૦ પૉઇન્ટની ટકાવારી
(૨) સાઉથ આફ્રિકા, ૬૬.૬૭ પૉઇન્ટની ટકાવારી
(૩) શ્રીલંકા, ૬૬.૬૭ પૉઇન્ટની ટકાવારી
(૪) ભારત, ૫૪.૧૭ પૉઇન્ટની ટકાવારી
(૫) પાકિસ્તાન, ૫૦.૦૦ પૉઇન્ટની ટકાવારી
(૬) ઇંગ્લૅન્ડ, ૪૩.૩૩ પૉઇન્ટની ટકાવારી
(૭) બાંગ્લાદેશ, ૧૬.૬૭ પૉઇન્ટની ટકાવારી
(૮) વેસ્ટ ઇન્ડિઝ, શૂન્ય

**નોંધઃ** (અ) ન્યૂ ઝીલૅન્ડની નવી સીઝનમાં હજી એક પણ મૅચ નથી રમાઈ. (બ) વેસ્ટ ઇન્ડિઝ આ સીઝનમાં પાંચેય ટેસ્ટ હાર્યું છે. ■

# એશિયા કપ રાઈઝિંગ મૅચ પહેલાં ભારતીય ટીમે પાકિસ્તાનીઓ સાથે હાથ મિલાવવાનું ટાળ્યું

દોહાઃ એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ નામની ટૂર્નામેન્ટમાં જિતેશ શર્માના નેતૃત્વમાં ભારતીય ટીમે રવિવારની મૅચ પહેલાં પાકિસ્તાન શાહીન્સ ટીમના ખેલાડીઓ સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું. જિતેશે ટૉસ વખતે પાકિસ્તાની ટીમના સુકાની ઇરફાન ખાન સાથે હાથ નહોતા મિલાવ્યા. એ પહેલાં બન્ને કૅપ્ટન બન્ને ટીમના ખેલાડીઓ રાષ્ટ્રગીત બાદ એકમેકને મળવાને બદલે અલગ દિશામાં ચાલવા લાગ્યા હતા. સપ્ટેમ્બરના એશિયા કપમાં સૂર્યકુમાર યાદવે હરીફ સુકાની સલમાન આગા સાથે હાથ મિલાવવાનું ટાળ્યું ત્યારથી પાકિસ્તાન સામેની ભારતની ' નો હૅન્ડશેક' પૉલિસી ચાલી રહી છે. ■

# ભારતીય ક્રિકેટરો નીચું માથું કરીને બસમાં બેસી રહ્યા હતા ત્યારે સાઉથ આફ્રિકાના ડ્રેસિંગ રૂમમાં શેમ્પેઇનની બૉટલ સાથે સેલિબ્રેશન ચાલતું હતું

*અમિત શાહ*

કોલકાતાઃ અહીં ઈડન ગાર્ડન્સના ડ્રેસિંગ રૂમમાં શેમ્પેઇનની બૉટલો ખુલતાંની સાથે જ જીતના જશનનો માહોલ શરૂ થઈ ગયો, પણ અફસોસ...કાશ આ ડ્રેસિંગ રૂમ ટીમ ઇન્ડિયાની હોત તો વાત કંઇક જુદી જ હોત. રવિવારે બપોરે વર્લ્ડ ચૅમ્પિયન દક્ષિણ આફ્રિકા સામે પહેલી ટેસ્ટ મૅચ હાર્યા બાદ ઈડન ગાર્ડન્સના સ્ટેડિયમમાં એક ગમગીની જોવા મળી હતી.


૧૨૪ રનના મામૂલી લક્ષ્યાંકનો પીછો કરી રહેલી ટીમ ઇન્ડિયાને એક-એક રનની એટલી બધી જરૂર હતી કે કોઈ બૅટ્સમૅન જ્યારે દોડીને એક રન પણ લેતો હતો ત્યારે હજારો પ્રેક્ષકો ખુશ થઈને બૂમો પાડતા હતા. જોકે વિપક્ષી ટીમ માટે ફેંકેલી જાળમાં ખુદ ટીમ ઇન્ડિયા પોતે જ ફસાઈ ગઇ. વિશ્વવિજેતા દક્ષિણ આફ્રિકા સામે ભારતીય ટીમ અઢી દિવસમાં હારી ગઈ.

'સિટી ઑફ જોય'થી ઓળખાતા કોલકાતામાં રવિવારની બપોરે આફ્રિકન ડ્રેસિંગ રૂમમાં બિયર અને શેમ્પેઇનની છોળો ઊડતી દેખાઇ. મૅચના પહેલા દિવસે (શુક્રવારે) સાઉથ આફ્રિકન ટીમે વિચાર્યું પણ ન હતું કે તેમને આટલો આસાનીથી વિજય પ્રાપ્ત થશે. વિજયની ઉજવણી કરતાં ટીમના સભ્યો એટલું કહેતા હતા કે 'અહીંથી આપણે હવે સિરીઝ હારીશું નહીં.'

જ્યાં એક તરફ ટીમ ઇન્ડિયાના ખેલાડીઓ નીચું માથું કરીને બસમાં બેસતાં જોવા મળ્યાં ત્યાં આફ્રિકન ટીમ મોડે સુધી ડ્રેસિંગ રૂમમાં જીત સેલિબ્રેટ કરતી જોવા મળી હતી.

ઈડનની ટેસ્ટ હાર્યા બાદ ટીમ મીટિંગમાં ટીમ ઇન્ડિયાના કોચ ગૌતમ ગંભીરે તમામ પ્લેયર્સને ઠપકો આપતા કહ્યું હતું કે 'તમારામાં ટેસ્ટ ક્રિકેટ રમવાની ભૂખનો અભાવ સ્પષ્ટપણે જોવા મળે છે. આવી રીતે મૅચ નહીં જીતી શકાય. ચૅલેન્જિંગ પિચો પર ધૈર્યપૂર્ણ બૅટિંગનો દેખાવ કરવો પડશે.'

વૉશિંગ્ટન સુંદર, યશસ્વી જયસ્વાલ, ધ્રુવ જુરેલના ખરાબ શૉટ્સને પણ ગૌતમે હારના કારણ ગણાવ્યા હતાં. આ હાર બાદ આઇસીસી ટેસ્ટ રેન્કિંગમાં ભારતે ૧૨ પોઇન્ટ ગુમાવ્યા છે. એટલું જ નહીં, જોત જોતામાં કરોડો ભારતીય ક્રિકેટપ્રેમીઓના દિલ તોડ્યા છે. ■



રિષભ પંતના સુકાનમાં ભારતનો શર્મનાક પરાજય થયો. ભારતના બોલર્સે સારું પર્ફોર્મ કર્યું, પણ પંત સહિતના બૅટ્સમેનોએ દાટ વાળ્યો.

# ભારતની મહિલાઓએ બ્લાઈન્ડ વર્લ્ડ કપમાં વિસ્ફોટક બૅટિંગ સાથે પાકિસ્તાનને પછાડ્યું

**▶ પાકિસ્તાનની આઠ વિકેટમાંથી સાત રનઆઉટઃ ભારતની અનેખા દેવી પ્લેયર ઑફ ધ મૅચ**





ભારતની વિજેતા મહિલા ટીમ. ભારત અને પાકિસ્તાનની ખેલાડીઓએ એકમેક સાથે હાથ મિલાવ્યા હતા.

કોલંબોઃ ભારતે શ્રીલંકામાં ચાલી રહેલા મહિલાઓ માટેના ટી-૨૦ બ્લાઇન્ડ વર્લ્ડ કપમાં શરૂઆતથી ખૂબ સારું પર્ફોર્મ કરીને (સતત ચારેય મૅચ જીતીને) શનિવારે સેમિ ફાઇનલમાં પ્રવેશ કરી લીધો ત્યાર બાદ રવિવારે ભારતની મહિલા ટીમે પાકિસ્તાનની મહિલા ટીમને હરાવીને પાકિસ્તાન પરનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. જાહેર કરાયેલા શેડ્યૂલ મુજબ ભારતની સેમિ ફાઇનલ બાવીસમી નવેમ્બરે રમાશે.

રવિવારે દીપિકા ટી. સી.ની કૅપ્ટન્સીમાં ભારતની મહિલા ટીમ માટે પાકિસ્તાન સામેની મૅચ હાઈ-વૉલ્ટેજ હતી. નિમરા રફીકના નેતૃત્વમાં પાકિસ્તાનની ટીમે આઠ વિકેટે ૧૩૫ રન કર્યા હતા જેમાં મેહરીન અલીના ૬૬ રન હાઇએસ્ટ હતા. ભારતની દમદાર બોલિંગ અને અસરદાર ફીલ્ડિંગને લીધે પાકિસ્તાની ટીમે શરૂઆતમાં ૨૩ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી, પણ મેહરીનના ૬૬ રન અને બુશરા અશરફના ૪૪ રનની મદદથી ટીમને થોડી સધ્ધરતા મળી હતી.

બ્લાઇન્ડ મૅચમાં ત્રણ વર્ગના ખેલાડીઓ રમે છે. બી-૧ કૅટેગરીમાં જરાય જોઈ ન શકતી ખેલાડીનો, બી-૨ કૅટેગરીમાં આંશિક રીતે ચક્ષુહીન પ્રકારની ખેલાડીનો અને બી-૩ કૅટેગરીમાં આંશિક રીતે જોઈ શકતી હોય એ પ્રકારની ખેલાડીનો સમાવેશ હોય છે.

રવિવારની મૅચમાં ભારતીય મહિલાઓની ફીલ્ડિંગ એટલી મજબૂત હતી કે પાકિસ્તાની ટીમે આઠમાંથી સાત વિકેટ રનઆઉટમાં ગુમાવી હતી. ભારતીય ફીલ્ડર્સે સચોટ થ્રો કર્યા હતા અને દરેક બૉલ પર હરીફની મૂવમેન્ટ પર તેમની નજર હતી અને ચપળતા પણ હતી. તેમણે પોતાની તરફ આવતા બૉલને તરત પારખીને અને ઝડપથી ઉપાડીને સચોટ થ્રો કરવાની કાબેલિયત બતાવી હતી. પાકિસ્તાનને ૧૫ રન એક્સ્ટ્રામાં મળ્યા હતા. ભારતની બોલર્સમાં ખાસ કરીને ફુલા સરેન, અનુ કુમારી અને ગંગા કદમનો બહુ સારો પર્ફોર્મન્સ હતો.

ભારતે ૧૩૬ રનનો લક્ષ્યાંક કેટલાક વિસ્ફોટક પર્ફોર્મન્સની મદદથી આસાનીથી મેળવ્યો હતો. કૅપ્ટન દીપિકાએ માત્ર ૨૧ બૉલમાં ૨૧૪.૨૯ના સ્ટ્રાઇક-રેટ સાથે ૪૫ રન કર્યા હતા. રનઆઉટ થતાં પહેલાં તેણે આતશબાજીથી કોલંબોનું સ્ટેડિયમ ગજાવ્યું હતું. અનેખા દેવીએ ૩૪ બૉલમાં ૬૪ રન કર્યા હતા અને અણનમ રહી હતી. તે આક્રમક અપ્રોચ સાથે રમી હતી અને ટાઇમિંગથી શૉટ માર્યા હતા. તેણે ૧૮૮.૨૪ના સ્ટ્રાઇક-રેટથી રન કર્યા હતા. પાકિસ્તાની બોલર્સ ભારતીય બૅટર્સ સામે નબળી પુરવાર થઈ હતી અને ભારત ૧૩૬ રનનો ટાર્ગેટ સહેલાઈથી મેળવીને ટીમ અપરાજિત રહી હતી. અનેખા દેવીને પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો. ભારતે આ મૅચ પહેલાં યજમાન શ્રીલંકા, ઑસ્ટ્રેલિયા, નેપાળ અને યુએસએની ટીમને હરાવી હતી. ■

# કોલકાતામાં ન જીતી શક્યા, પણ રાજકોટમાં ભારતીયોએ સાઉથ આફ્રિકનોને હરાવ્યા!

રાજકોટઃ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં શુભમન ગિલની પછીથી રિષભ પંતની કૅપ્ટન્સીમાં ટીમ ઇન્ડિયાએ વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકા સામે શર્મનાક પરાજય જોવો પડ્યો હતો, પરંતુ રાજકોટમાં ઇન્ડિયા-એ ટીમે સાઉથ આફ્રિકા-એ સામેની બિનસત્તાવાર વન-ડે સિરીઝ તિલક રાજના સુકાનમાં જીતી લીધી હતી.

ઋતુરાજ ગાયકવાડ (૬૮ અણનમ, ૮૩ બૉલ, નવ ફોર), સ્પિનર નિશાંત સિંધુ (૧૬ રનમાં ચાર વિકેટ), પેસ બોલર હર્ષિત રાણા (૨૧ રનમાં ત્રણ વિકેટ), પ્રસિદ્ધ ક્રિષ્ના (૨૧ રનમાં બે વિકેટ) આ જીતના ચાર હીરો હતા. ઇન્ડિયા-એનો (૧૩૩ બૉલ બાકી રાખીને) નવ વિકેટે વિજય થયો હતો.

માર્કસ ઍકરમનના સુકાનમાં સાઉથ આફ્રિકા-એ ટીમ ૧૩૨ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી.

ઇન્ડિયા-એ ટીમે ૨૭.૫ ઓવરમાં એક વિકેટે ૧૩૫ રન કરીને વિજય મેળવી લીધો હતો. ગાયકવાડ અને અભિષેક શર્મા (૩૨ રન, બાવીસ બૉલ, છ ફોર) વચ્ચે ૫૩ રનની ઓપનિંગ ભાગીદારી થઈ હતી.

ત્યાર બાદ ગાયકવાડ અને કૅપ્ટન તિલક વર્મા (૨૯ અણનમ) વચ્ચે ૮૨ રનની અતૂટ પાર્ટનરશિપ થઈ હતી. નિશાંત સિંધુને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

ઇન્ડિયા-એ ટીમે પ્રથમ વન-ડે ચાર વિકેટે જીતી લીધી હતી. હવે બુધવારે રાજકોટમાં જ શ્રેણીની ત્રીજી મૅચ પણ જીતીને તિલકની ટીમ ૩-૦થી ક્લીન સ્વીપ કરી શકશે. ■

# ડેફલિમ્પિક્સમાં ભારતના ધનુષે વિશ્વ વિક્રમ સાથે ગોલ્ડ જીતી લીધો

ટોક્યોઃ સાંભળી ન શક્તા ઍથ્લીટો માટે ટોક્યોમાં આયોજિત ડેફલિમ્પિક્સમાં ભારતે શૂટિંગના ગોલ્ડ મેડલથી ખાતુ ખોલાવ્યું છે. પુરુષોની ૧૦ મીટર ઍર રાઇફલ હરીફાઈમાં શૂટર ધનુષ શ્રીકાંતે ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. તેણે ૨૫૨.૨ના સ્કોર સાથે ડેફલિમ્પિક્સના વિક્રમ ઉપરાંત ડેફ ફાઇનલ વર્લ્ડ રેકૉર્ડ પણ નોંધાવ્યો હતો. ભારતનો જ મોહમ્મદ મુર્તઝા (૨૫૦.૧) સિલ્વર મેડલ જીત્યો હતો. ■

# નવા સપ્તાહમાં તેજીનો ટોન જળવાઈ રહેવાની સંભાવના, બજારની નજર યુએસ-ઈન્ડિયા ટ્રેડ ડીલ પર રહેશે

**શેરબજાર**
**નિલેશ વાઘેલા**

મુંબઇઃ યુએસ ફેડરલ દ્વારા ડિસેમ્બરમાં રેટકટ અંગેની અનિશ્ચિતતા સંદર્ભની સ્પષ્ટતા તથા બિહારની ચૂંટણીના પરિણામની જાહેરાતને કારણે મૂઝવણના વાદળો દૂર થયા બાદ આતથી શરૂ થયેલા સપ્તાહમાં ભારતીય ઇક્વિટી બજારોમાં સકારાત્મકથી મધ્યમ તેજીનો ટોન જળવાઈ રહેવાની અપેક્ષા વિશ્લેષકો વ્યક્ત કરી રહ્યાં છે. પાછલા સપ્તાહે ટેકનિકલ સૂચકાંકોમાં સુધારો અને પાછલા ટ્રેડિંગ સત્રના અંતિમ કલાકો દરમિયાન જોવા મળેલી ૪૫૦ પોઇન્ટની તીવ્ર રિકવરી સૂચક છે. અલબત્ત અસ્થિરતા ચાલુ રહી શકે છે, પરંતુ બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી મુખ્ય સપોર્ટ સ્તરોને વટાવે ત્યાં સુધી ઉપર તરફ વલણ જાળવી રાખે તેવી શક્યતા છે.

પાછલા સપ્તાહે રોકાણકારોએ બિહાર ચૂંટણીના પરિણામોને ખાસ કરીને અંતિમ સત્રમાં નજીકથી ટ્રેક કર્યા હોવાથી બજારની અસ્થિરતામાં વધારો થયો હતો, જો કે, બપોરના સમયે મજબૂત રિકવરીથી સેન્સેક્સ ૮૪ પોઈન્ટ વધીને ૮૪,૫૬૩ પર અને નિફ્ટી ૩૧ પોઈન્ટ વધીને ૨૫,૯૧૦ પર બંધ થયો હતો. ક્ષેત્રીય કામગીરી મિશ્ર રહી. પીએસયુ બેંકોએ ૧.૧૭ ટકા વધારા સાથે તેજીનું નેતૃત્વ કર્યું, ત્યારબાદ ફાર્મા અને એફએમસીજી ક્ષેત્રનો ક્રમ આવ્યો. આઇટી શેરોમાં ૧.૦૩ ટકા ઘટાડો થયો, જ્યારે ઓટો, મેટલ અને રિયલ્ટી ક્ષેત્રોમાં પણ ઘટાડો થયો. વ્યાપક બજારમાં નિફ્ટી સ્મોલેકેપ ૧૦૦ ૦.૩૮ ટકા અને મિડકેપ ૧૦૦ ૦.૦૮ ટકા વધ્યો હતો.

ટોચની ટેક્નિકલ એનાલિસ્ટે જણાવ્યું, સાપ્તાહિક ચાર્ટ પર, ઇન્ડેક્સે એક મજબૂત બુલિશ કેન્ડલ બનાવી છે જે ઉચ્ચ અને ઉચ્ચ નીચા સ્તરે છે, અને તે બે અઠવાડિયાના ઘટાડા પછી પુલબેક સૂચવે છે. જો નિફ્ટી ૨૬,૧૦૦થી આગળ મક્કમતા સાથે આગેકૂચ કરે તો તે તેના અગાઉના ૨૬,૨૭૭ના સર્વકાલીન ઉચ્ચ સ્તર તરફ વધી શકે છે. જો તે ૨૬,૧૦૦ને પાર કરવામાં નિષ્ફળ રહે તો કોન્સોલિડેશન સાથે ૨૬,૧૦૦-૨૫,૭૦૦ ઝોનમાં અથડાઇ શકે છે. ખાસ કરીને તાજેતરના પાંચથી છ સત્રોમાં ૭૦૦ પોઇન્ટની રેલી પછી આ શક્ય છે.

નિફ્ટી માટે મહત્વપૂર્ણ સપોર્ટ લેવલ ૨૫,૫૦૦ અને ૨૫,૩૦૦ની વચ્ચે છે. બેંક નિફ્ટીમાં બુલિશ ટોન અકબંધ છે અને તેમાં પણ ચાલુ મજબૂતાઈનો સંકેત છે. આ ઇન્ડેક્સે સાપ્તાહિક ચાર્ટ પર મજબૂત બુલ કેન્ડલ બનાવી છે, જે તેના હકારાત્મક પૂર્વગ્રહને મજબૂત બનાવે છે. ૫૮,૬૧૫ના નવા ઓલટાઇમ હાઇને સ્પર્શ્યા પછી, ઇન્ડેક્સ લગભગ એક મહિનાથી ૫૭,૨૦૦થી ૫૮,૬૦૦ની વચ્ચે કોન્સોલિડેશન કરી રહ્યો છે. એનાલિસ્ટના મતે, ૫૮,૬૦૦થી ઉપરનો બ્રેકઆઉટ બેંક નિફ્ટીને ૫૯,૨૦૦ તરફ ધકેલી શકે છે, જ્યારે ૫૭,૩૦૦થી ૫૭,૧૦૦ની રેન્જમાં મજબૂત સપોર્ટ છે. આ અઠવાડિયા માટે ટોચના પાંચ બજાર ટ્રિગર્સમાં, રોકાણકારો, ખાસ કરીને સતત ફુગાવાની ચિંતાઓના સંદર્ભમાં આગામી મિનિટ્સમાં જાહેર કરાયેલા ફેડરલ રિઝર્વના વલણને નજીકથી અનુસરશે, બીજા મહત્ત્વના ટ્રીગરમાં યુએસ સપ્ટેમ્બર જોબ્સ રિપોર્ટ ૨૦ નવેમ્બરના રોજ નિર્ધારિત કરાયો છે. સરકારી શટડાઉનથી વિક્ષેપોને કારણે ઓક્ટોબર ડેટાના પ્રકાશનની આસપાસ અનિશ્ચતતા રહે છે.

ભારત-યુએસ વેપાર સોદાની પ્રગતિ પર રોકાણકારોની ખાસ નજર રહેશે. વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલે તાજેતરમાં નવા પ્રસ્તાવો સ્વીકાર્યા, જેમાં ઇથેનોલ ઉત્પાદન માટે સંભવિત મકાઈ ખરીદીનો સમાવેશ થાય છે, જે ઇથેનોલ-સુસંગત વાહનો તરફ ભારતના પરિવર્તનને સમર્થન આપે છે. બિહાર ચૂંટણી પરિણામમાં એનડીએની જીત થવાથી નીતિ સાતત્ય અને બજાર સ્થિરતાનું મૂલ્યાંકન કરતા રોકાણકારો માટે રાજકીય હલચલ મહત્વપૂર્ણ બની રહેશે. હાઇ ફ્રિકવન્સી ડેટા, આઇપીઓ, ફેડરલના સંકેતો, બહુવિધ ડેટા રિલીઝ સાથે એક વ્યસ્ત સપ્તાહ રહેશે અને આ બધું ટૂંકા ગાળાની બજાર દિશાને પ્રભાવિત કરી શકે છે.

કોર્પોરેટ પરિણામોની મોસમ પૂર બહારમાં ખીલી છે. લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઇન સોલ્યુશન્સ પ્રદાતાઓમાંની એક, બ્રેસ પોર્ટ લોજિસ્ટિક્સ લિમિટેડએ ૨૦૨૬ના પૂર્વાર્ધના નાણાકીય પરિણામમાં કુલ આવક રૂ.૩૩.૬૦ કરોડ, એબીટા રૂ.૩.૬૮ કરોડ અને રૂ. ૨.૫૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જ્યારે એલ્યુમીનીયમ પેકેજીંગ સેક્ટરની ગ્લોબલ કંપની બોલ કોર્પોરેશન ૨૦૨૪માં મહારાષ્ટ્રમાં પંચાવન મિલિયન ડોલરનું રોકાણ કર્યા બાદ હવે આંધ્ર પ્રદેશમાં ૬૦ મિલિયન ડોલરનું રોકાણ કરવાની યોજના ધરાવે છે.

એચવીએએક્સ ટેક્નોલોજીસ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં કુલ ૩૫.૧૦ ટકા સાથે કુલ આવક રૂ.૬૨.૭૯ કરોડ, ૧૯.૨૪ ટકા વૃદ્ધિ સાથે રૂ.૮.૫૩ કરોડનો એબીટા, ૨૮.૬૭ ટકા વૃદ્ધિ સાથે રૂ.૪.૯૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. રીઅલ એસ્ટેટ ક્ષેત્રે કાર્યરત વર્ધમાન ગ્રુપે તાજેતરના સાતમા ભૂમિપૂજન સાથે વિસ્તરણ યોજના આગળ વધારી છે, જે રૂ. ૧૦૦ કરોડના આયોજિત વિકાસકાર્યનો હિસ્સો છે. હાલ કંપની દસથી વધુ કમર્શિઅલ અને રેસિડેન્શિઅલ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. એનઆઈએસ મેનેજમેન્ટ લિમિટેડે ૨૦૨૬ના પ્રથમ છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૬.૮૦ ટકા વૃદ્ધિ સાથે રૂ.૨૧૪.૮૯ કરોડની કુલ આવક, ૧૧.૩૧ ટકા વૃદ્ધિ સાથે રૂ.૧૬.૭૩ કરોડનો એબીટા અને ૧૨.૫૭ ટકા વૃદ્ધિ સાથે રૂ.૧૦.૨૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કોર્પોરેટ ક્ષેત્રે નિવૃત્ત વયના લોકોના માનસિક સ્વાસ્થ્ય માટે ખયાલ નામે સંગઠીત પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વયસ્કોની માનસિક, સ્વાસ્થ્ય, તાલીમ વગેરેની કાળજી લેવા માટે હેલ્થકેર, એજ્યુકેશન, તાલિમ વગેરે ક્ષેત્રોની કંપનીઓ સહયોગ આપશે. આ માટે ખયાલ નામે એપ પણ લોન્ચ કરાઇ છે.

ઓઇલ અને પેટ્રોકેમિકલ ક્ષેત્રની રીપોનો લિમિટેડે ૨૦૨૬ના પહેલા છ મહિનાના અનઓડિટેડ પરિણામમાં ૩૭.૬૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૩૦.૭૨ કરોડની કુલ આવક, ૨૭.૦૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૫.૪૮ કરોડનો એબીટા અને ૨૨.૭૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૩.૨૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. ખઝાંચી જ્વેલર્સ લિમિટેડે બીજા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૪૬.૨૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૫૪૮.૯૨ કરોડની કુલ આવક, ૧૧૨.૮૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૩૨.૬૨ કરોડનો એબીટા અને ૧૧૯.૪૧ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૨૩.૫૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

દેવ ઇન્ફોર્મેશન ટેકનોલોજી લિમિટેડે બીજા ક્વાર્ટરના પરિણામમાં ૧૦.૩૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૯૨.૬૪ કરોડની કુલ આવક, ૫૪.૬૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૭.૮૫ કરોડનો એબીટા અને ૫૨૬.૧૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૭૪.૦૬ કરોડનો ચોખ્ખો નફો નફો નોંધાવ્યો છે. રાઠી સ્ટીલ એન્ડ પાવર લિમિટેડે બીજા ક્વાર્ટરના પરિણામમાં ૨૮.૩૯ ટકાની વૃદ્ધિ સાથે કુલ આવક રૂ.૧૫૬.૪૩ કરોડ, ૧૪.૭૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૬.૩૭ કરોડનો એબીટા અને રૂ.૧.૬૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબીટામાં અન્ય આવક જ્યારે, પાછલા વર્ષના સમાન ગાળાના ચોખ્ખા નફામાં રૂ. ૪.૭૧ કરોડનો અપવાદરૂપ નફો શામેલ છે.

નર્મદા એગ્રોબેઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનાના પરિણામમાં રૂ. ૨,૩૬૯.૫૧ લાખની કુલ આવક, રૂ. ૩૨૭.૪૮ લાખનો એબિટા અને રૂ.૨૦૪.૫૬ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એબિટા માર્જિન ૧૩.૮૨ ટકા અને કરવેરા બાદના નફાનું માર્જિન ૮.૬૩ ટકા રહ્યું છે. ડાઇલ્યુટેડ શેરદીઠ કમાણી રૂ.૦.૫૪ રહી છે.

સેક્ટોરલ ઈન્ડાયસીસમાં એકમાત્ર રિયલ્ટી ૦.૫૪ ટકા ઘટ્યો હતો, જ્યારે કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૩.૮૮ ટકા, ટેક ૩.૫૩ ટકા, આઈટી ૨.૮૭ ટકા, કેપિટલ ગુડ્સ ૨.૦૩ ટકા, ઓટો ૧.૫૮ ટકા, પીએસયુ ૧.૧ ટકા, બેન્કેક્સ ૦.૯૮ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૦.૯૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૭૬ ટકા, હેલ્થકેર ૦.૬૭ ટકા, મેટલ ૦.૬૨ ટકા, પાવર ૦.૫૯ ટકા અને એફએમસીજી ૦.૩૨ ટકા વધ્યા હતા. ■

# સેન્સેક્સ ૧,૩૪૬.૫૦ પોઈન્ટ ઊછળ્યો, ડીઆઈઆઈની ₹ ૩૧,૩૪૮.૯૬ કરોડની લેવાલી

મુંબઇઃ સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહ દરમિયાન સેન્સેક્સ ૧,૩૪૬.૫૦ પોઈન્ટ ઊછળ્યો હતો અને ડીઆઇઆઇનું રૂ. ૩૧,૩૪૮.૯૬ કરોડનું નેટ બાઇંગ જોવા મળ્યું હતું. સપ્તાહમાં માત્ર રિયલ્ટી ઈન્ડેક્સ ઘટ્યો હતો, જ્યારે કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને ટેક ઈન્ડેક્સ સર્વાધિક વધ્યા હતા. શુક્રવાર તા. ૧૪ નવેમ્બર, ૨૦૨૫એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ૧,૩૪૬.૫૦ પોઈન્ટ્સ (૧.૬૨ ટકા) વધ્યો હતો. સપ્તાહના આરંભે સોમવાર ૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સેન્સેક્સ ૮૩,૧૯૮.૨૦ પોઈન્ટ્સ પર ખૂલી મંગળવારે નીચામાં ૮૩,૧૨૪.૦૩ અને ગુરુવાર ૧૩ નવેમ્બરે ઊંચામાં ૮૪,૫૬૨.૭૮ સુધી જઈ અને શુક્રવારે ૮૪,૫૬૨.૭૮ બંધ રહ્યો હતો.

ગત શુક્રવાર ૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ.૪૬૬.૩૧ લાખ કરોડ હતું, તે ૧૪ નવેમ્બર, ૨૦૨૫ના અંત સુધીમાં રૂ.૭.૬૩ લાખ કરોડ વધીને રૂ.૪૭૩.૯૪ લાખ કરોડ થયું હતું. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૩૧,૩૪૮.૯૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં, બીએસઈ સ્મોલકેપ (૦.૧૫ ટકા), બીએસઈ મિડકેપ (૦.૦૯ ટકા) , બીએસઈ ૧૦૦ (૧.૪૧ ટકા) ઘટ્યો હતો., બીએસઈ ૨૦૦ (૧.૪૧ ટકા) અને બીએસઈ ૫૦૦ (૧.૨૭ ટકા) વધ્યા હતા. બીએસઈ આઈપીઓ ૦.૩૧ ટકા ઘટ્યો હતો.

કોર્પોરેટ પરિણામમાં પાવર એન્ડ ઇન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડે ૨૦૨૬ના પ્રથમ છ મહિનાના નાણાકીય પરિણામમાં ૩૭.૫૭ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૧૨.૪૬ કરોડની કુલ આવક, ૧૮.૮૬ ટકા વૃદ્ધિ સાથે રૂ.૧૧.૫૨ કરોડનો એબીટા અને વાર્ષિક ધોરણે ૨૭.૨૯ ટકા વૃદ્ધિ સાથે રૂ.૭.૩૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

પ્રવેગ લિમિટેડે બીજા ક્વાર્ટરના કોન્સોલીડેટેડ પરિણામમાં પાછલા વર્ષના સમાનગાળાના રૂ.૩૫.૫૮ કરોડનો સામે સામે ૫૯૮ ટકાની વૃદ્ધી સાથે કુલ આવક રૂ. ૩૭.૮૪ કરોડ, રૂ. ૧૦.૫૮ કરોડની સામે ૬૨.૬૨ ટકાના ઘટાડા સાથે રૂ. ૩.૯૬ કરોડનો એબીટા અને રૂ. ૧.૪૦ કરોડના ચોખ્ખા નફા સામે રૂ.૯.૨૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ધ્રુવ કન્સલ્ટન્સી સર્વિસીસ લિમિટેડને કર્ણાટકમાં મુખ્ય હાઇવે પ્રોજેક્ટ્સ માટે ઓપરેશન અને જાળવણી તબક્કા દરમિયાન સ્વતંત્ર ઇજનેર તરીકે કન્સલ્ટન્સી સેવાઓ પૂરી પાડવા માટે નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા તરફથી નિમણૂક પત્ર પ્રાપ્ત થયો છે. આ કરારનું મૂલ્ય રૂ. ૮.૭૩ કરોડ છે અને તે ૬૦ મહિનાના સમયગાળામાં અમલમાં મૂકવામાં આવશે.

મેઇડન ફોર્જિંગ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનાના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં કુલ આવક રૂ.૧૧૧.૩૬ કરોડ, રૂ.૬.૭૪ કરોડનો એબીટા, ૬.૦૫ ટકાનું એબીટા માર્જિન, રૂ.૨.૧૦ કરોડનો ચોખ્ખો નફો અને ૧.૮૮ ટકાનું નેટ પ્રોફિટ માર્જિન તેમ જ રૂ.૧.૪૮ની શેર દીઠ કમાણી નોંધાવી છે.

બીએસઈ ૧૦૦માં ૬૫ કંપનીઓના ભાવ વધ્યા, ૩૫ કંપનીઓના ભાવ ઘટ્યા. બીએસઈ ૨૦૦માં ૧૨૭ કંપનીઓના ભાવ વધ્યા, ૭૩ કંપનીઓના ભાવ ઘટ્યા હતા.

બીએસઈ ૩૦માં ૨૨ કંપનીઓના ભાવ વધ્યા અને ૮ કંપનીઓના ભાવ ઘટ્યા. બીએસઈ ૫૦૦માં ૨૭૨ કંપનીઓ વધી, ૨૨૮ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી. મિડકેપમાં ૭૫ કંપનીઓ વધી, ૬૮ કંપનીઓ ઘટી હતી. સ્મોલકેપમાં, ૫૦૫ કંપનીઓ વધી, ૭૧૭ કંપનીઓ ઘટી હતી.

સેન્સેક્સની સૌથી વધુ વધેલી પાંચ સ્ક્રિપમાં એશિયન પેઈન્ટ (૯.૯૦ ટકા), એચસીએલ ટેક્નોલોજી (૫.૧૨ ટકા), ભારતી એરટેલ (૪.૬૫ ટકા), અદાણી પોર્ટ્સ (૪.૧૬ ટકા) અને ટીસીએસ (૩.૬૩ ટકા)નો અને સૌથી વધુ ઘટેલી પાંચ કંપનીઓ ટ્રેન્ટ (૫.૩૬ ટકા), બજાજ ફાઈનાન્સ (૪.૭૬ ટકા), ટાટા સ્ટીલ (૪.૧૯ ટકા), ટાટા મોટર્સ પેસેન્જર (૩.૫૯ ટકા) અને બજાજ ફિનસર્વ (૧.૯૫ ટકા)નો સમાવેશ હતો.

એ ગ્રુપની ૭૩૦ કંપનીઓમાં ૩૭૯ કંપનીઓના ભાવ વધ્યા, ૩૫૧ કંપનીઓના ભાવ ઘટ્યા હતા. બી ગ્રુપની ૧,૪૨૨ કંપનીઓમાંથી ૬૧૬ કંપનીઓના ભાવ વધ્યા, ૮૦૧ કંપનીઓના ભાવ ઘટ્યા અને પાંચના ભાવ યથાવત રહ્યા હતા. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની ૧૨ કંપનીઓને નીચલી અને ૧૫ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી.

સપ્તાહ દરમિયાન બીએસઈ અને એનએસઈ પર સંયુક્તપણે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ.૧,૧૨,૧૫૭.૦૩ કરોડની ખરીદી અને રૂ.૮૦,૮૦૮.૦૭ કરોડની વેચવાલી રહી હતી. આમ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ.૩૧,૩૪૮.૯૬ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ.૮૫,૬૫૬.૬૩ની લેવાલી અને રૂ.૯૩,૦૯૫.૨૯ કરોડની વેચવાલી રહી હતી. આમ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ.૭,૪૩૮.૬૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી.

દરમિયાન, ભારતનો સૌથી મોટા રિસાયકિંલગ પ્લેટફોર્મ, પ્લાસ્ટિક રિસાયકિંલગ શો અને ભારત રિસાયકિંલગ શો ૨૦૨૫ની બીઇસી ખાતે આયોજન થયું હતું. મીડિયા ફ્યુઝન અને ક્રેન કોમ્યુનિકેશન્સ દ્વારા આયોજિત આ શોમાં ૧૫૦ પ્રદર્શકો, ૮,૦૦૦ મુલાકાતીઓ અને દસથી વધુ દેશોના ડેલિગેટ્સ સહભાગી થયા હતા, જેમાં રિસાયકિંલગ ટેકનોલોજી, સોલ્યુશન્સ અને નવીનતાઓનું વ્યાપક ૩૬૦-ડિગ્રી પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું હતું. ■

# લોન અકાઉન્ટ્સમાં ઘટાડોઃ લોકો ઊંચા વ્યાજે ઉધાર લઈને પરત ચૂકવણીમાં મુશ્કેલી અનુભવે છે!

મુંબઇઃ માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓમાં ગયા વર્ષ દરમિયાન લોન ખાતાઓની સંખ્યામાં ૪૫૦ લાખનો ઘટાડો અને બાકી રકમમાં ઘટાડો માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓ માટે ચિંતા અને તણાવનો વિષય છે અને આ ક્ષેત્રે આ મુદ્દા પર આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે.

જરૂરિયાતમંદ લોકો ઊંચા વ્યાજ દરે ઉધાર લઈ શકે છે પરંતુ ચૂકવણી કરી શકતા નથી તેમ નાણાકીય સેવાઓ વિભાગના સુત્રોએ જણાવ્યું હતું. માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓ દ્વારા વસૂલવામાં આવતા વ્યાજ દરો ઊંચા છે. ઊંચા વ્યાજ દર વાસ્તવમાં માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓના સંગઠનમાં બિનકાર્યક્ષમતાને કારણે છે. વ્યાજ દરને વાજબી સ્તરે રાખવા એ નાણાકીય સમાવેશ માટે મહત્વપૂર્ણ છે.

સપ્ટેમ્બર સુધીમાં લોન ખાતાઓની સંખ્યામાં ૪૫૦ લાખનો ઘટાડો થયો છે. લોન ખાતાઓમાં કુલ બાકી રકમ માર્ચ ૨૦૨૪માં રૂ. ૪.૪ લાખ કરોડથી ઘટીને સપ્ટેમ્બર ૨૦૨૫માં રૂ. ૩.૪ લાખ કરોડ થઈ ગઈ છે. માઇક્રોફાઇનાન્સ ક્ષેત્ર આર્થિક અને સમાવેશી વિકાસનો સૌથી મહત્વપૂર્ણ સ્તંભ બની ગયું છે અને દેશમાં નાણાકીય સમાવેશ સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

મોટી સંખ્યામાં ચાલુ સરકારી યોજનાઓ હોવા છતાં, હજુ પણ ઘણા યુવાનોને ભંડોળ પૂરું પાડવાની જરૂર છે. સરકાર નાણાકીય સમાવેશ અને મહિલા સશક્તિકરણ માટે માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓને ટેકો આપવાનું ચાલુ રાખશે, પરંતુ માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓમાં હજુ પણ જુસ્સો અને પ્રતિબદ્ધતાનો અભાવ છે. આ ક્ષેત્રે યુવા પેઢીને આકર્ષવાની જરૂર છે. માઇક્રોફાઇનાન્સ સામાન્ય રીતે બેંકો, નોન બેંકિંગ ફાઇનાન્શિઅલ ઇન્સ્ટિટયુટ, સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ બેંક ઓફ ઇન્ડિયા અને નેશનલ એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ બેંક પાસેથી ભંડોળ મેળવે છે. તેઓ બોન્ડ દ્વારા પણ ભંડોળ એકત્ર કરે છે.

માર્ચ ૨૦૨૫ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષમાં માઇક્રોફાઇનાન્સ ભંડોળ અડધાથી વધુ ઘટીને રૂ.૫૮,૧૦૯ કરોડ થયું હતું, જે વાર્ષિક ધોરણે ૫૫.૪૦ ટકાનો ઘટાડો દર્શાવે છે. ■

# સેબી-સહારા કેસઃ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી આજે

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટ આજે સોમવારે સહારા ગ્રુપ કંપનીઓ પાસેથી તેમના બાકી પગારની ચુકવણીની માગ કરતી કર્મચારીઓની વચગાળાની અરજીઓ પર સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટના કારણ યાદી અનુસાર, મુખ્ય ન્યાયાધીશ બી આર ગવઈની આગેવાની હેઠળની બેન્ચ આ મામલાની સુનાવણી કરે તેવી શક્યતા છે.

૧૪ ઓક્ટોબરના રોજ, સુપ્રીમ કોર્ટે સહારા ઇન્ડિયા કોમર્શિયલ કોર્પોરેશન લિમિટેડની ૮૮ મુખ્ય મિલકતો અદાણી પ્રોપર્ટીઝ પ્રાઇવેટ લિમિટેડને વેચવાની પરવાનગી માંગતી અરજી પર કેન્દ્ર, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા અને અન્ય હિસ્સેદારો પાસેથી જવાબ માગ્યા હતા. ■

# ભારતીય શેરબજારનું પ્રદર્શન આ વર્ષે ઇમર્જિંગ માર્કેટ્સ સામે ભારે નબળું

મુંબઇઃ ભારતીય શેરબજારે આ વર્ષે એમએસસીઇ ઇમર્જિંગ માર્કેટ્સ ઇન્ડેક્સ કરતાં ૨૭ ટકા નબળું પ્રદર્શન કર્યું છે. જેફરીઝના શેરબજારના નિષ્ણાત ક્રિસ્ટોફર વુડે તેમના રિપોર્ટમાં જણાવ્યું હતું કે આ વર્ષે ભારતીય શેરબજારે અન્ય દેશોની સરખામણીમાં નબળું પ્રદર્શન કર્યું છે.

દેશની આર્થિક સ્થિતિ સૂચવે છે કે રૂપિયાનો ઘટાડો હવે રોકી શકાય છે. આ વર્ષે, અન્ય ઉભરતા બજારોના ચલણોમાં રૂપિયો સૌથી નબળો રહ્યો છે. જો કે આ નબળાઈ પાછળનું કારણ ચૂંટણી જીતવા માટે જાહેર કરવામાં આવતી ફ્રી સ્કીમ્સ (વિના મુલ્યે વિતરણ યોજનાઓ) અને છૂટછાટો છે.

વુડના મતે, આગામી વર્ષ (૨૦૨૫-૨૬)માં ભારતની ચાલુ ખાતાની ખાધ નોંધપાત્ર રીતે જીડીપીના માત્ર ૦.૫ ટકા સુધી ઘટી શકે છે. આ દર છેલ્લા ૨૦ વર્ષમાં સૌથી નીચો હશે. તેમણે એમ પણ નિર્દેશ કર્યો કે ભારત પાસે હાલમાં ૬૯૦ બિલિયન ડોલરનો વિદેશી હૂંડિયામણ ભંડાર છે, જે ૧૧ મહિના માટે દેશની આયાતને આવરી લેવા માટે પૂરતો છે. રૂપિયાને સ્થિર રાખવામાં એક નોંધપાત્ર જોખમ છે. તે જોખમ રાજ્ય સરકારો દ્વારા ચૂંટણી જીતવા માટે આપવામાં આવતી વિના મુલ્યે વિતરણ યોજનાઓ અને છૂટછાટો છે. તેમના મતે, આનાથી રાજ્યોના ઘણા પૈસા ખર્ચ થઈ રહ્યા છે. કેન્દ્ર સરકારની નાણાકીય સ્થિતિ સારી છે, પરંતુ રાજ્ય સરકારોની સ્થિતિ નબળી પડી રહી છે કારણ કે છેલ્લા બે વર્ષમાં, રાજ્યોએ આવી ઘણી લોકપ્રિય યોજનાઓ શરૂ કરી છે, જે ચિંતા પેદા કરે છે. વુડ કહે છે કે આ વર્ષે સરકારે ઘણા પગલાં લીધા છે, જેમાં વ્યાજ દર ઘટાડવા, ક્રેડિટ વધારવા અને જીએસટી દર ઘટાડવા સામેલ છે. પરંતુ આ પગલાં અર્થતંત્રને ફાયદો પહોંચાડી રહ્યા છે તે આગામી મહિનાઓમાં જાણી શકાશે. જો આ પગલાં જીડીપી વૃદ્ધિને વેગ નહીં આપે, તો ભારતીય શેરબજારના ઊંચા મૂલ્યાંકન જોખમમાં મુકાઈ શકે છે. રિપોર્ટમાં જણાવ્યા મુજબ આ વર્ષે ભારતના શેરબજારે એમએસસીઇ ઇમર્જિંગ માર્કેટ્સ ઇન્ડેક્સ કરતાં ૨૭ ટકા ઓછું પ્રદર્શન કર્યું છે. આનો અર્થ એ છે કે અન્ય દેશો આગળ રહ્યા છે જ્યારે ભારત પાછળ રહી ગયું છે. જો કે, આ સંપૂર્ણપણે ખરાબ નથી, કારણ કે ભારતમાં સ્થાનિક રોકાણકારો સતત શેર ખરીદી રહ્યા છે, જે મંદીને અટકાવે છે.

આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સે ભારતના આઈટી સેવા ક્ષેત્ર પર સૌથી વધુ અસર કરી છે. સપ્ટેમ્બર ૨૦૨૫ ક્વાર્ટરમાં, ભારતીય આઈટી કંપનીઓની આવકમાં માત્ર ૧.૬૦ ટકાનો વધારો થયો છે, જે ખૂબ જ ઓછો દર છે. આના કારણે ક્ષેત્રના શેરમાં ઘટાડો થયો છે અને મૂલ્યાંકન ઓછું થયું છે. ■

# લોનના રિપેમેન્ટસમાં એક્સપોર્ટર્સને ચાર મહિનાનું મોરેટોરિઅમ

મુંબઈ : અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર પચાસ ટકા ટેરિફ અને બીજા દેશોના માલ પર પ્રમાણમાં ઓછા ટેરિફ લાગુ કરવાના કારણે વિશ્વ બજારમાં ભારતની નિકાસ સામે વધેલી સ્પર્ધાથી દબાણ હેઠળ આવી ગયેલા દેશના નિકાસકારોને રાહત પૂરી પાડવા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા લોનના રિપેમેન્ટસ પર મોરેટોરિઅમ સહિતના કેટલાક પગલાં જાહેર કરવામાં આવ્યા છે.

નિકાસકારો દ્વારા લેવાયેલી લોનના રિપેમેન્ટ પર ચાર મહિનાના મોરેટોરિઅમની રિઝર્વ બેન્કે જાહેરાત કરી છે.અમેરિકાના ટેરિફને કારણે દેશના ખાસ કરીને લેધર, જેમ્સ એન્ડ જ્વલેરી, કેમિકલ્સ તથા એપરલ ક્ષેત્રના નિકાસકારો પર વધુ અસર પડી છે. નિકાસમાં નબળાઈને કારણે કેશ ફ્લોમાં થયેલા ઘટાડાને ધ્યાનમાં રાખી નિકાસકારોને ટેકો પૂરો પાડવા આ નિર્ણય આવી પડયો છે. ૩૧ ઓગસ્ટ, ૨૦૨૫ના જે વેપાર ગૃહો એક્સપોર્ટ ક્રેડિટ વ્યવસ્થા ધરાવતા હશે અને જેમના એકાઉન્ટસ સ્ટાન્ડર્ડ તરીકે વર્ગીકૃત થયા હશે તેઓ આ લાભો માટે પાત્ર ગણાશે, એમ રિઝર્વ બેન્કના નોટિફિકેશનમાં જણાવાયું છે.

પહેલી સપ્ટેમ્બરથી શરૂ થઈ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીના દરેક રિપેમેન્ટસ માટે આ મોરેટોરિઅમનો લાભ મળી રહેશે. આ અગાઉ કોરોનાના કાળ દરમિયાન પણ આવાજ પ્રકારની રાહત પૂરી પાડવામાં આવી હતી. ■

# એસબીઆઇ આ ઓનલાઇન કેશ ટ્રાન્સફર સેવા પખવાડિયામાં બંધ કરશે

મુંબઈઃ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ તેના ગ્રાહકોમાં ખૂબ જ ઉપયોગમાં લેવાતી એક ઓનલાઇન કેશ ટ્રાન્સફર સેવા ગણતરીના દિવસોમાં બંધ કરી રહી છે. બેંકે જાહેર કરેલી માહિતી અનુસાર ઓનલાઇન એસબીઆઇ અને યોનોલાઇફ પર એમકેશ સર્વિસ ૩૦ નવેમ્બર, ૨૦૨૫ પછી બંધ કરવામાં આવશે.

હવે નવા આવનારા ફેરફારો અનુસાર આ બેંકના વપરાશકર્તાઓ લાભાર્થીની નોંધણી કરાવ્યા વિના એમકેશનો ઉપયોગ કરીને પૈસા ટ્રાન્સફર કરી શકશે નહીં અને એ જ સાથે વપરાશકર્તાઓ એમકેશ લિંક અથવા એપ્લિકેશનનો ઉપયોગ કરીને પૈસા પ્રાપ્ત કરી શકશે નહીં.

પહેલી ડિસેમ્બરથી આ સેવા બંધ કરવામાં આવી રહી છે. ૩૦.૧૧.૨૦૨૫ પછી ઓનલાઈન એસબીઆઈ અને યોનો લાઈટમાં એમકેશ (મોકલવા અને મેળવવાની) સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં, કૃપા કરીને થર્ડ પાર્ટી લાભાર્થીઓને નાણાં ટ્રાન્સફર કરવા માટે યુપીઆઇ, ઇમ્પ્સ, નેફ્ટ, આરટીજીએસ વગેરે જેવા વ્યવહારોના વૈકલ્પિક મોડનો ઉપયોગ કરો, એમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ તેની સત્તાવાર વેબસાઇટ પર જાહેર કર્યું છે.

બેંકની સત્તાવાર વેબસાઇટ અનુસાર, સ્ટેટ બેંક એમકેશ, એ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ગ્રાહકો દ્વારા ઓનલાઈન એસબીઆઈ અથવા સ્ટેટ બેંક ગમે ત્યાં મોકલવામાં આવેલા ભંડોળનો દાવો કરવાની એક સરળ અને ઝડપી રીત છે. ઈન્ટરનેટ બેંકિંગ સુવિધા ધરાવતો કોઈપણ એસબીઆઇ ગ્રાહક લાભાર્થી નોંધણી વિના, લાભાર્થીના મોબાઇલ નંબર અથવા ઇમેઇલ-આઈડી દ્વારા, તૃતીય પક્ષને ભંડોળ ટ્રાન્સફર કરી શકે છે.

બીજી બાજુ, કોઈપણ બેંકમાં ખાતું ધરાવતો લાભાર્થી સ્ટેટ બેંક એમકેશ મોબાઇલ એપ્લિકેશન અથવા ઓનલાઇન એસબીઆઇ પર ઉપલબ્ધ એમકેશ લિંક દ્વારા ભંડોળનો ક્લેમ કરી શકે છે. પ્રાપ્તકર્તાને એસએમએસ અથવા ઇમેઇલમાં એક લિંક અને મોકલનાર દ્વારા પસંદ કરેલા માધ્યમના આધારે આઠ અંકનો પાસકોડ પ્રાપ્ત થશે.

જોકે, સલામતીમાં કોઇ જોખમ ના રહે એ માટે આ સેવા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું કહેવાય છે. ■

# ઇએઇયુ અને ભારત દ્વારા વેપાર કરાર માટે રોડમેપની સમીક્ષા

નવી દિલ્હીઃ ભારત અને પાંચ દેશોના જૂથ યુરેશિયન આર્થિક આયોગે બંને દેશો વચ્ચે આર્થિક સંબંધોને વેગ આપવાના ઉદ્દેશ્યથી માલસામાનમાં તેમના પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર માટેના રોડમેપની સમીક્ષા કરી રહ્યાં હોવાનું એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે.

આ વર્ષે ૨૦ ઓગસ્ટના રોજ, ભારત અને યુરેશિયન આર્થિક સંઘ બ્લોકે પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર માટે ઔપચારિક વાટાઘાટો શરૂ કરવા માટે સંદર્ભ શરતો પર હસ્તાક્ષર કર્યા હતા.

વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલ ગયા અઠવાડિયે યુરેશિયન આર્થિક આયોગના મિનિસ્ટર ઇનચાર્જ ઓફ ટ્રેડ, આન્દ્રે સ્લેપનેવ અને રશિયન ઉદ્યોગ અને વેપારના નાયબ પ્રધાન મિખાઇલ યુરિન સાથે વાટાઘાટો કરવા માટે મોસ્કોની મુલાકાત લીધી હતી. ■

# ચિલી સાથે વેપાર કરાર પર આગામી વાટાઘાટો ડિસેમ્બરમાં

નવી દિલ્હીઃ ચિલી સાથે પ્રસ્તાવિત વેપાર કરાર પર આગામી રાઉન્ડની વાટાઘાટો ડિસેમ્બરમાં થવાની શક્યતા છે. ભારત અને ચિલી વચ્ચે પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર પર આગામી રાઉન્ડની વાટાઘાટો ડિસેમ્બરમાં નવી દિલ્હી ખાતે યોજાવાની ધારણા હોવાનું એક અધિકારીએ જાહેર કર્યું હતું.


આ દક્ષિણ અમેરિકન રાષ્ટ્ર સાથેના કરારથી ભારતને મહત્વપૂર્ણ ખનિજો સુધી પહોંચવામાં મદદ મળી શકે છે, જે ઇલેક્ટ્રોનિક્સ, ઓટો અને સૌર ક્ષેત્રો માટે મુખ્ય ઇનપુટ છે. તાજેતરની ટેરીફ વોરને કારણે લગભગ તમામ દેશ નવી બજારો અને નવા સંશાધન સ્રોતની શોધખોળમાં નવા ભાગીદાર શોધી રહ્યા છે.

ભારત અને ચિલીએ સેન્ટિયાગોમાં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (કોમ્પ્રીહેન્સિવ પાર્ટનરશિપ એગ્રીમેન્ટ - સીઇપીઓ) માટે વાટાઘાટોનો ત્રીજો રાઉન્ડ પૂર્ણ કર્યો છે. ચાર દિવસીય વાટાઘાટો ૩૦ ઓક્ટોબરના રોજ પૂર્ણ થઈ છે. ભારત કરાર હેઠળ ચિલીમાં મહત્વપૂર્ણ ખનિજો માટે પ્રાધાન્યપૂર્ણ વ્યવહાર માગી રહ્યું છે. ■

# એએનસીએફઝેડમાં ૬૫૦૦ કંપનીમાં ભારતનો હિસ્સો ૪૫ ટકા

મુંબઈઃ યુએઇ સ્થિત અજમન નુવેન્ચર્સ સેન્ટર ફ્રી ઝોન (એએનસીએફઝેડ) ખાતે પાછલા અક વર્ષમાં ૬,૫૦૦થી વધુ કંપનીઓએ રજિસ્ટ્રેશન મેળવ્યું છે અને તેમાં ૪૦થી ૪૫ ટકા હિસ્સો ભારતીય કંપનીઓનો છે. મુંબઈમાં પોતાની પ્રથમ ભારત મુલાકાત દરમિયાન, પ્રતિનિધિમંડળે જણાવ્યું કે આ ભારત અને યુએઈ વેપારી સહકારની મજબૂતી તથા ભારતીય ઉદ્યોગસાહસિકોના યુએઈમાં વધતા વિશ્વાસનું પ્રતિબિંબ છે. સાથે જ પ્રતિનિધિમંડળે ૨૦૨૬ સુધી ૧૦,૦૦૦ કંપનીઓનો લક્ષ્યાંક જાહેર કર્યો છે.

નોંધપાત્ર બાબત એ છે કે, રોકાણકારો માત્ર બે કલાકમાં બિઝનેસ લાઈસન્સ મેળવી શકે છે અને ૨૪ કલાકમાં વિઝા પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે. એક સરળ ડિજિટલ પોર્ટલ અને સમર્પિત સપોર્ટ ટીમની મદદથી ઉદ્યોગસાહસિકોને દસ્તાવેજીકરણથી લઈને લાઈસન્સિંગ અને કોમ્પ્લાયન્સ સુધીની દરેક પ્રક્રિયામાં સહાય મળે છે, જે તેમને ઝંઝટમુક્ત અને વ્યક્તિગત અનુભવ પ્રદાન કરે છે. આ ઉપરાંત કરવેરા લગભગ શૂન્ય સ્તરે છે. ■



જૂનાગઢ ભવનાથ તળેટીમાં વહેલી સવારે ગુલાબી ઠંડીનો વાતાવરણમાં અનુભવ થાય છે, ગિરનાર અને દાતાર પર્વત પર સૂર્યોદય પૂર્વે અનોખું સૌંદર્ય છવાઈ ગયું હતું... (તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# હાડ થીજાવતી ઠંડીનો નવો રાઉન્ડ થથરાવશે? નલિયામાં ૧૨ ડિગ્રી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ જમ્મુ-કાશ્મીરમાં તાજેતરમાં થયેલા ફ્રેશ સ્નોફોલને પગલે સમગ્ર ઉત્તર ભારતની સાથે રણપ્રદેશ કચ્છમાં લઘુતમ ઉષ્ણતામાનનો આંક પવનોની દિશા બદલાતાં સતત નીચે આવી રહ્યો છે.

શિમલા અને ઉત્તરાખંડના બરફથી ઢંકાયેલા પહાડો પરથી આવી પહોંચેલી કાતિલ ઠંડી સમગ્ર રાજ્યની સાથે કચ્છને થથરાવી રહી હોય તેમ નલિયામાં લઘુતમ તાપમાનનો આંક સિંગલ ડિજિટ થવાની નજીક પહોંચ્યો હતો.

વહેલી સવારે અને મોડી સાંજના સમયે ઉત્તર બાજુથી વાતા વેગીલા પવનનાં કારણે ઠંડીની અસર વધુ ધારદાર બની છે. કચ્છનું કાશ્મીર નલિયા આજે ૧૨ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજયના મોખરાના શીતમથકોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું.

બીજી તરફ, ભુજમાં ૧૬ ડિગ્રી લઘુતમ અને મહત્તમ તાપમાન ૨૭ ડિગ્રી સે.પર આવી જતાં શીતલહેરએ જાણે પુછડું વીંઝયું હોય તેવી ટાઢક શહેરીજનો હાલ અનુભવી રહ્યા છે. કચ્છના તમામ મથકોમાં મહત્તમ તાપમાનમાં પણ ગિરાવટ આવી જતાં ભુજ,રાપર,નલિયા, અંજાર, નખત્રાણા જેવા શહેરોમાં ભરબપોરે પણ રસ્તાઓ અને શેરીઓ પર પાંખી અવરજવર જોવા મળી હતી. ■

# લખપતના ફુલરાના યુવકને તેની પત્ની, સાસુ-સસરા વિરુદ્ધ મરવા મજબૂર કર્યાની ફરિયાદ

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ થોડા દિવસો અગાઉ કચ્છના સીમાવર્તી લખપત તાલુકાના ફુલરા ગામે રહેનાર અનવર ઈબ્રાહીમ મેમણ નામના ૩૧ વર્ષીય યુવકે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાના બનાવમાં તેની પત્ની અને સાસુ-સસરા સહિત પાંચ લોકો વિરુદ્ધ માનસિક ત્રાસના લીધે આ અંતિમ પગલું ભર્યાની ફરિયાદ નોંધાતાં ચકચાર પ્રસરી હતી.

આ અંગે મૃતકના સહોદર એવા સિધિક ઈબ્રાહીમ મેમણે નારાયણ સરોવર પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ તેના ભાઈ અનવરની પત્ની સકીના બાઈનો અન્ય શખ્સ સાથે એક વીડિયો વાયરલ થયા બાદ તેણે તલાકની માગણી કરી હતી. આ દરમ્યાન સકીના બાઈ, સસરા હારૂન હબીબ મેમણ, સાસુ અમીનાબાઈ ઉર્ફે આસીબાઈ હારૂન મેમણ (રહે. બંને મીંઢિયારી), ખાણોટના રમધાન ઓસમાણ જત તથા ફુલરાના વલીમામદ મીસરી જત દ્વારા અલગ-અલગ સમયે તલાકને બદલે અસહ્ય ત્રાસ આપી અનવરને મરવા મજબૂર કરતાં તેણે ગળેફાંસો ખાઈ પોતાનો જીવ દીધો હતો. પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી કાર્યવાહી આદરી છે. ■

# ભુજોડી ગામના બસ સ્ટેશન નજીક મહિલા પોલીસકર્મી પર હુમલો

## છેડતી કરનાર ફરજમોકૂફ ફાયર અધિકારીની ધરપકડ બાદ પાલારા જેલ હવાલે કરાયો

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજઃ એકાદ માસ પૂર્વે ભુજ તાલુકાના ક્રાફ્ટ વિલેજ તરીકે ઓળખાતા ભુજોડી ગામના બસ સ્ટેશન પાસે એક મહિલા પોલીસકર્મી ઉપર ગંભીર હુમલો તથા છેડતીના ગુનાના આરોપી એવા ફરજમોકૂફ ફાયર અધિકારી અનિલ બેચર મારુ (રહે. કુકમા)ના આગોતરા જામીન નામંજૂર થયા બાદ માધાપર પોલીસે તેની અમદાવાદમાંથી ધરપકડ કરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, માધાપર પોલીસ મથકે તા. ૧૭-૧૦ના રોજ દાખલ થયેલા ગુનામાં ફરિયાદી મહિલા પોલીસ કર્મચારી પોતાની કારથી ભુજ જતા હતા, ત્યારે ભુજોડીના બસ સ્ટેશન પાસે આરોપી અનિલે ગાડીનો કાચ તોડી અને ગાડી આગળ હંકારી પાછળથી ટક્કર મારી, મહિલા પોલીસને કારમાંથી બહાર ઉતારી છેડતી કર્યાની ફરિયાદ નોંધાવી હતી.

આ આરોપી અનિલ મારુને પકડવા માટે પીઆઈ ડી.એમ. ઝાલાએ કર્મચારીઓને સૂચના-માર્ગદર્શન આપતા આરોપીની અમદાવાદ ખાતેથી અટક કરી ભુજની કોર્ટમાં રજૂ કરતાં પાલારા જેલહવાલે કરવામાં આવ્યો છે.

અનિલ વિરુદ્ધ રાજકોટ એસીબીમાં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ તળે ગુનો દાખલ છે.

આ લાંચના કેસ સબબ ફાયર અધિકારી અનિલ મારુને ફરજમોકૂફ કરાયો છે. ■

# સગીરાના અપહરણ-દુષ્કર્મના ચકચારી કેસમાં હાજાપરના આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ ત્રણ વર્ષ પૂર્વેના એક સગીરા સાથે દુષ્કર્મ ગુજારવાના પોક્સો સાથે એટ્રોસિટીના જે-તે સમયે ચર્ચાસ્પદ બનેલા કેસમાં આરોપી જીતેશ ઉર્ફે જીતુ હંસરાજ ભટ્ટ (રહે. હાજાપર,તા. અબડાસા)ને સ્પેશિયલ પોક્સો કોર્ટે તક્સીરવાન ઠેરવી ૨૦ વર્ષની સખત કેદ તથા ૩૦ હજારનો દંડ ફટકારતો ધાક બેસાડતો ચુકાદો આપ્યો છે.

ગત તા. ૫-૧૨-૨૦૨૨ના રોજ રાત્રીના સમયે ફરિયાદીની ૧૭ વર્ષની સગીરવયની દીકરીનું આરોપી જીતેશ ઉર્ફે જીતુએ લલચાવી-ફોસલાવીને અપહરણ કર્યું હતું. ત્યારબાદ માનકૂવા-સુખપર અને ભચાઉથી રાજ્ય પરિવહનની બસમાં અમદાવાદ લઇ જઇ ત્યાં બે દિવસ તેમજ પાલનપુર-બનાસકાંઠા ખાતે અવાર-નવાર દુષ્કર્મ ગુજાર્યું હતું.

કોઠારા પોલીસ પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો, દુષ્કર્મ તથા એટ્રોસિટી સહિતની કલમો તળે ગુનો દાખલ કરી તપાસના અંતે ચાર્જશિટ દાખલ કરી હતી.

આ કેસ ભુજના સ્પેશિયલ જજ જે.એ. ઠક્કરની અદાલતમાં ચાલી જતા ૨૩ દસ્તાવેજી પુરાવા તથા ૧૧ સાક્ષી તપાસી વિવિધ કલમો તળે આરોપીને તક્સીરવાન ઠેરવી ૨૦ વર્ષની સખત કેદ તથા કુલ ૩૩ હજાર દંડ જે ભોગ બનનારને વળતર તરીકે ચૂકવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત નામદાર કોર્ટે ભોગ બનનારને રૂ. ચાર લાખનાં વળતર માટે ડી.એલ.એસ.ને ભલામણ કરવા તેમજ તેનું જીવન તથા શિક્ષણ સારી રીતે પુનઃ સ્થાપિત થાય તેની કાળજી લઇ યોગ્ય માર્ગદર્શન આપવા સીડબલ્યુસી તથા ડીસીપીયુને હુકમ કર્યો છે. આ કામે ફરિયાદ પક્ષે મુખ્ય જિલ્લા સરકારી વકીલ એચ.બી. જાડેજાએ હાજર રહી સાક્ષી તપાસી અને દલીલો કરી હતી. ■

# ગાંધીધામની આંગણવાડીમાં સીલિંગ ફેન પડતાં કેટલાક ભૂલકા ઘવાયાંઃ

## એક બાળકને સારવાર હેઠળ રખાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ ગાંધીધામ શહેરના ગણેશનગર વિસ્તારમાં આવેલી એક આંગણવાડીમાં ગત શનિવારે ફૂલ સ્પીડમાં ફરી રહેલો સીલિંગ ફેન અચાનક નીચે પટકાતાં કક્ષમાં રમી રહેલા અમુક બાળકોને ઇજાઓ પહોંચી હતી.

આ બનાવ અંગે મળતી વિગતો મુજબ ગણેશનગર વિસ્તારમાં આવેલી આંગણવાડીમાં ગત શનિવારે સવારે આ ઘટના બની હતી જેમાં આંગણવાડીમાં નાના બાળકો રમી રહ્યાં હતાં, તેવામાં છતપંખો અચાનક બાળકો ઉપર પડયો હતે, જેના કારણે અમુક બાળકોને ઇજાઓ પહોંચી હતી, જે પૈકી એક પાંચ વર્ષીય બાળકને વધુ ઇજાઓ થતાં તેને સારવાર અર્થે આદિપુરની રામબાગ હૉસ્પિટલમાં લઇ જવાયો હતો.

આંગણવાડીમાં બાળકો ઉપર પંખો ખાબક્યો હોવાના અહેવાલોથી ચિંતાતુર વાલીઓ આંગણવાડીએ દોડી આવ્યા હતા.

હાલ આ સમગ્ર બનાવ અંગે શિક્ષણ તંત્રએ તપાસના આદેશ આપ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. ■

# માંગરોળમાં એક સાથે દસ લોકો અને વીસ પશુઓને કરડી ગયો એક શ્વાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં રખડતા શ્વાન જોખમી બની રહ્યા છે અને સુપ્રીમ કોર્ટે પણ આ બાબતની ગંભીર નોંધ લીધી છે ત્યારે જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં ફરી શ્વાનના આતંકનો ભોગ સ્થાનિકો અને પશુઓ બન્યા હતા.

માંગરોળ તાલુકાના ભાટ ગામમાં રસ્તે રખડતા શ્વાને દસ લોકોને કરડી ખાધા છે. મોટેભાગે વૃદ્ધો પર શ્વાને હુમલો કરતા તેમને હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ રીતે શ્વાન ગમે તેને શિકાર બનાવતો હોવાથી સ્થાનિકોમાં ફફડાટ છે. બાળકોને પણ બહાર મોકલતા માતા-પિતાને ડર લાગે છે.

આ અંગે મળતી માહિતી અનુસાર શ્વાન હડકાયો હોય તેમ લાગી રહ્યું છે. તેણે અમુક લોકોને એવા બચકાં ભર્યા છે કે તેમને સારવાર માટે જૂનાગઢ મોકલવાની ફરજ પડી છે. ગામમાં શ્વાન કરડે એટલે ૧૦૮ બોલાવવામાં આવે છે અને તેમને માંગરોળ લઈ જવામાં આવે છે, જયારે અમુકને જૂનાગઢ લઈ જવાની ફરજ પડી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ શ્વાન વીસ જેટલા પશુઓને પણ કરડ્યો હતો.

જોકે માંગરોળની સરકારી હૉસ્પિટલમાં પૂરતા પ્રમાણમાં દવાઓ અને ઈન્જેકશન ઉપલબ્ધ છે, પરંતુ અમુક લોકોને વધુ ઈજા હોવાથી ખાસ સારવાર માટે જૂનાગઢ મોકલવામાં આવતા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ■

# ધ્રોલમાં ૨૨ ઘેટાંનું જંગલી પશુઓએ કર્યું મારણ પશુપાલક ચિંતામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરના ધ્રોલ તાલુકાના ખેંગારકા પાસે આવી વસવાટ કરી રહેલા એક માલધારી પર આફત આવી પડી હતી. અહીં રહેતા માલધારી ભીખાભાઈ દેવાભાઈ ઠુંગાના વાડામાં બાંધેલા ૨૨ જેટલા ઘેટાં મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. રાત્રે અહીં ઘેટાંને રાખીને ભીખાભાઈ અને તેમનો પરિવાર પોતાના ઘરમાં ઊંઘી ગયો હતો જ્યારે સવારે ભીખાભાઈનો પરિવાર વાડામાં ગયો ત્યારે તેમને આઘાત લાગ્યો હતો. અહીં તેમણે પોતાના ૨૨ ઘેટાંને મૃત હાલતમાં જોયા હતા. આ બનાવની જાણ તેમણે તાત્કાલિક પોલીસને કરી હતી. ત્યારબાદ ધ્રોલ પોલીસની ટીમ અને પશુ ચિકિત્સક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ ઘેટાં પર કોઈ જંગલી અથવા હિંસક પશુએ હુમલો કર્યો હોવાનું માનવામાં આવે છે. માલધારી પરિવારો માટે ઘેટાં રોજીરોટી કમાવવાનું સાધન પણ હોય છે ત્યારે પોતાની સાથે રહેતા ૨૨ ઘેટાંનું મોત તેમની માટે ભાવનાત્મક રીતે અને સાથે આર્થિક રીતે પણ મોટું નુકસાન છે. ■

# ભાવનગરમાં ભાવી પત્નીની લગ્નના દિવસે જ કરપીણ હત્યા કરનાર સાજન ઝડપાયો

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગરઃ શહેરના પ્રભુ દાસ તળાવ વિસ્તારમાં ગઈકાલે લગ્નના દિવસે જ લોખંડના પાઇપ ઝીંકી ભાવિ પત્ની ની કરપીણ હત્યા કરી નાસી છૂટેલા આરોપી સાજનને પોલીસે ઝડપી લીધો હતો. ભાવનગર શહેરના પ્રભુદાસ તળાવ વિસ્તારમાં ટેકરી ચોક નજીક રહેતી હિંમતભાઈ જીવાભાઇ રાઠોડ ની પુત્રી સોનીબેન ઉં . વ.૨૪ નામની યુવતીની સવારે લોખંડના પાઇપ ના ઘા ઝીંકી કરપીણ હત્યા કરી તેનો ભાવિ પતિ સાજન બારૈયા નાસી છુટ્યો હતો. દરમિયાન રવિવારે પોલીસે હત્યા કરી નાખી છૂટેલા સાજન બારૈયા ને ઝડપી લીધો છે. મરનાર યુવતી અને આરોપી સાજન છેલ્લા ૮ મહિનાથી લિવ ઇન રિલેશનશિપ માં રહેતા હતા. ઘરના એ લગ્ન નક્કી કરતા ગઈકાલે તેના લગ્ન હતા. લગ્ન થાય તે પહેલા

(તસ્વીરઃ- વિપુલ હિરાણી, ભાવનગર)







ભાવિ પત્ની સાથે ઝઘડો થતાં આવેશમાં આવી જઈ લોખંડના પાઇપ ઝીંકી હત્યા કરી નાખી હતી. આમ સોનીબેન ના મહેંદીનો લાલ રંગ લોહીના લાલ રંગમાં ફેરવાઈ ગયો હતો. આ બનાવે શહેરમાં ભારે ચર્ચા જગાવી હતી. ■

# ગીર સોમનાથમાં દરગાહમાંથી હથિયારો મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિલ્હીમાં થયેલા બૉમ્બબ્લાસ્ટ બાદ ખૂબ જ સતર્ક થઈ ગયેલી પોલીસ ઠેર ઠેર કોમ્બિંગ ઑપરેશન હાથ ધરી રહી છે. આ દરમિયાન ગુજરાત પોલીસને એક દરગાહમાંથી હથિયારો મળ્યા હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

મૂળ દ્વારકા બંદર વિસ્તારના, ગીર સોમનાથ જિલ્લામાં દરિયાકાંઠાના રહેઠાણોમાં કોમ્બિંગ ઑપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઑપરેશનમાં વિવિધ એજન્સીઓના ૧૨૦ જેટલા કર્મીઓ ઉપરાંત બૉમ્બ ડિસ્પોઝલ સ્કવોડ પણ જોડાયો હતો.

જિલ્લાના ૧૧૦ કિલોમીટર લાંબા દરિયાકાંઠે લોકો મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. કોમ્બિંગ દરમિયાન એસઓજીની ટીમને હઝરત કચ્છી પીર બાબાની દરગાહમાંથી કુહાડી, કાટો અને તલવાર જેવા હથિયારો મળી આવ્યા હોવાનું સૂત્રો દ્વારા બહાર આવ્યું હતું. આ હથિયારો મળતા દરગાહના મુંજાવરની પૂછપરછ કરવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ■

# તા. ૨૦ મીએ અમિત શાહ તથા ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા ભાવનગરની મુલાકાતે

ભાવનગરઃ આગામી તા. ૨૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ ભાવનગર ખાતે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ તથા ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માનો 'અભિવાદન સમારોહ' રાખવામાં આવનાર છે, જેની તૈયારીના આયોજન અંતર્ગત અટલબિહારી વાજપેયીજી ઓપન થિયેટર, મોતીબાગ ખાતે શહેર ભાજપ અધ્યક્ષ કુમારભાઈ શાહ અને જીલ્લા ભાજપ અધ્યક્ષ દિગ્વિજયસિંહ ગોહિલની અધ્યક્ષતામાં તથા કેન્દ્રિય કેબિનેટ પ્રધાન ડો. મનસુખભાઈ માંડવીયા, કેન્દ્રીય રાજ્ય પ્રધાન નિમુબેન બાંભણિયાની વિશેષ ઉપસ્થિતિમાં એક અગત્યની બેઠક મળી હતી. જેમાં ગુજરાત સરકારના કેબિનેટ પ્રધાન જીતુ વાઘાણી, પૂર્વના ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર ભરતભાઈ બારડ, પ્રભારી ચંદ્રશેખર દવે, રાજકોટ જીલ્લા પ્રભારી ધવલભાઈ દવે, ધારાસભ્યો, પૂર્વ શહેર અધ્યક્ષો, પૂર્વ મહામંત્રીઓ, શહેર સંગઠનના પૂર્વ હોદ્દેદારો, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ તથા તમામ સેલ, મોરચા અને સમિતિઓ હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં. ■

# એસઆઈઆરની કામગીરી કરતા સુરેન્દ્રનગરના શિક્ષકો નારાજ, આવેદનપત્ર પાઠવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં થતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી સુરેન્દ્રનગરમાં વિવાદ સર્જાયો હોવાનું જાણવા મળ્યું હતું. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ દ્વારા બીએલઓ (બૂથ લેવલ ઓફિસર) તરીકે ફરજ બજાવતા શિક્ષકોને પડતી મુશ્કેલીઓ અને થતા અન્યાયના મુદ્દે આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ આવેદન પત્ર અંગે મહાસંઘે જણાવ્યું છે કે રાજ્યમાં બીએલઓની કામગીરીમાં શિક્ષકોને ગુલામી પ્રથા જેવું વર્તન, કામકાજમાં બિનજરૂરી દબાણ અને બિનજરૂરી નોટિસનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત, બીએલઓની કામગીરી માટે સુરેન્દ્રનગર જિલ્લાના ૧૫૦૦થી પણ વધારે શિક્ષકો જોડાયેલા છે. આ કામગીરી ૯૦ ટકાથી વધારે શિક્ષકોને જ હુકમ આપવામાં આવે છે, જે બાબત પણ શિક્ષકોમાં ભારે રોષ પેદા કરી રહી છે. આગામી સમયમાં અન્ય ૧૨ કેડરમાંથી પણ બીએલઓની કામગીરીની વહેંચણી કરવા બાબતે પણ રજૂઆત કરવામાં આવી હતી.

શિક્ષકોને થતી આ તમામ કનડગત અને અન્યાયને ધ્યાનમાં રાખીને, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ, સુરેન્દ્રનગર જિલ્લા દ્વારા બપોરે ૩:૩૦ કલાકે કલેકટર કચેરી, સુરેન્દ્રનગર ખાતે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આવેદનપત્ર પાઠવવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ■

# અમરેલીમાં સિંહોએ મચાવી ધમાલ વાછરડા સહિત બે પશુનો શિકાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના અમરેલીમાં સિંહોની લટાર હવે સામાન્ય બાબત થઈ ગઈ છે. અહીંના ગ્રામ્ય વિસ્તારોમાં વારંવાર સિંહની સવારી આવી ચડે છે, જોકે આને લીધે લોકોમાં ફફડાટ જોવા મળે છે અને પશુઓના મારણ પણ થતાં રહે છે.

આવો જ બનાવ બન્યો હતો ત્યારે રાજુલાના મોટા અગારિયા ગામમાં પાંચેક ટોળાએ ગામની શેરીઓમાં ધમાલ મચાવી હતી અને રખડતા પશુઓમાં દોડધામ મચી ગઈ હતી. આ દરમિયાન સિંહના ટોળાએ એક વાછરડા સહિત બે પશુઓનો શિકાર પણ કર્યો હતો. આ રીતે સિંહો આવી ચડતા હોવાથી ગામના લોકો ભયમાં મુકાયા હતા.

રાજુલાના મોટા અગારિયામાં સિંહો શેરીઓમાં આમતેમ દોડ્યા હતા અને સિંહને જોઈ ગાય, વાછરડા સહિતના રસ્તે રખડતા પશુઓમાં દોડધામ મચી હતી.

આ સિંહો રાજુલા-સાવરકુંડલા હાઈવે સુધી પહોંચી ગયા હતા, જ્યાં સિંહોના ટોળાને જોઈ વાહનચાલકોએ પણ વાહનો થંભાવી દીધા હતા. અહીં આસપાસના જંગલ વિસ્તારોમાં મોટી સંખ્યામાં સિંહો હોવાનું જાણવા મળે છે, આ સાથે વન વિભાગમાં અમુક મહત્ત્વના પદ ખાલી હોવાથી તેને તાત્કાલિક ભરવાની માગણી પણ કરવામાં આવી રહી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. ■

# રાજકોટ મનપાના પ્લોટમાં દબાણો હટાવવા કામગીરી શરૂ, કરોડોની જમીન ખુલ્લી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાપાલિકા દ્વારા ફરી ત્રણેક દિવસથી ટીપી સ્કીમ હેઠળ માલિકીના મળેલા પ્લોટમાં દબાણો હટાવવા કામગીરી શરૂ કરવામાં આવી છે. છેલ્લા ત્રણ દિવસમાં અનેક દબાણો હટાવીને કરોડોની જમીન ખુલ્લી કરાઈ છે. પરંતુ રાજકોટ મનપામાં ભળ્યા અને તે પૂર્વેના કબ્જા સાથે મળેલા અનેક પ્લોટમાં વર્ષોથી દબાણ છે. કોઇ આસામીની પોતાની જગ્યામાં દબાણ હોય તો લાખ પ્રયત્નો કરીને જગ્યા ચોખ્ખી કરે છે. પરંતુ સરકારી તંત્રને જાણે પોતાની જમીનની કંઇ પડી ન હોય તેમ ટીપી સ્કીમ હેઠળ સેવાસ હેતુના કુલ ૧૪૨ પ્લોટ પૈકી ૯૯ જેટલા પ્લોટમાં સંપૂર્ણ કે અંશતઃ દબાણો હોવા છતાં તંત્ર જાણે સાવ લાચાર છે. અને માત્ર નાની-મોટી ડિમોલિશનની કામગીરી કરીને સંતોષ માની રહ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આમ મનપાની માલિકીના માત્ર આ હેતુના ૧૪૨ પ્લોટ પૈકી ૯૯ પ્લોટમાં દબાણ હોવાથી આ જગ્યાનો કોઇ હેતુ માટે ઉપયોગ થતો નથી. માત્ર આવાસ નહીં પરંતુ અન્ય જાહેર હેતુ માટે પણ તેનો ઉપયોગ થઇ શકે છે. જે માટે નમુનારૂપ નહીં પરંતુ નકકર કામગીરીની જરૂર છે. જોકે લોકો કે વિપક્ષ દ્વારા જ્યારે આ મામલે સવાલો ઉઠાવાય છે ત્યારે તંત્ર દ્વારા બે-ચાર ડિમોલિશન કરી સંતોષ માની લેવામાં આવે છે. એટલું જ નહીં બુલડોઝર ફેરવી ખુલ્લા કરવામાં આવેલા પ્લોટમાં ફરી દબાણ થાય નહીં તે માટે પણ નક્કર પગલાં લેવામાં આવતા નથી. ■